RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 25-05-2026 I VOL : 12 I Issue : 69 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સમય કોઈનો સગો થતો નથી અને સગા બધા સમય જોઈને થાય છે

3  રાહુલ ગાંધીનો રણકાર: 22 લાખ વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ, 1 વર્ષમાં પડી જશે NDA સરકાર!

4  જાહેર સ્થળો પરથી રખડતા કૂતરાં દૂર કરવાનો સુપ્રીમનો કડક આદેશ, ભારતમાં દર વર્ષે...

6  અક્ષય કુમારનો સૌથી ખતરનાક મિશન! 'સમુક'માં થશે એલિયન સાથે જંગ

7  ભારતને મળ્યો પોતાનો 'ઉસૈન બોલ્ટ'! પંજાબના ગુરિન્દરવીર સિંહે...

## એક નજર...

### મોનાલિસાના ગ્લેમરસ લુકે લૂંટી મહેફીલ, સુંદરતા પર ફિદા થયા ફેન્સ



ભોજપુરીથી લઈને ટીવી ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવનાર એક્ટ્રેસ મોનાલિસા પોતાની દરેક અદાથી લોકોને દિવાના બનાવે છે. મોનાલિસાની ફેન ફોલોઈંગ જબરદસ્ત છે. તેના ચાહકો તેની એક ઝલક મેળવવા માટે ઉત્સુક છે. આ જ કારણ છે કે મોનાલિસા તેના ચાહકોને વારંવાર વિઝ્યુઅલ ટ્રીટ આપે છે. આ દરમિયાન મોનાલિસાની કેટલીક તસવીરો સામે આવી છે.

# ઈબોલા વાઈરસ અંગે ભારત સરકારનું એલર્ટ

## 3 દેશોની બિનજરૂરી મુસાફરી ટાળવા આપી સલાહ

નવી દિલ્હી

આફ્રિકાના કેટલાક ભાગોમાં 'બુન્ડીબુગ્યો સ્ટ્રેન'ના કારણે ફેલાયેલા ઈબોલાના પ્રકોપને ધ્યાનમાં રાખીને ભારત સરકારે પોતાના નાગરિકો માટે એક મહત્વની ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે ભારતીયોને કાંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા 17 મેના રોજ આ સ્થિતિને આંતરરાષ્ટ્રીય ચિંતાની પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર



કર્યા બાદ ભારત સરકાર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. 3 દેશોની બિનજરૂરી મુસાફરી ટાળવા ભારત સરકારની સલાહ

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, જે ભારતીય નાગરિકો હાલ આ દેશોમાં રહી રહ્યા છે અથવા ત્યાં પ્રવાસ કરી રહ્યા છે, તેઓ સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલા જાહેર આરોગ્ય ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરે. આ ઉપરાંત, સ્વચ્છતા પ્રત્યે વિશેષ સાવધાની રાખવા, ઈબોલાના લક્ષણો ધરાવતી વ્યક્તિઓના સંપર્કથી બચવા અને તાવ અથવા સંબંધિત લક્ષણો જણાય તો તરત જ તબીબી સહાય લેવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે.

વેક્સિન અથવા ચોક્કસ સારવાર નહીં નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઈબોલા તાવ 'બુન્ડીબુગ્યો સ્ટ્રેન'ના સંક્રમણથી થાય છે અને તેમાં મૃત્યુદર ઘણો વધારે હોય છે. ચિંતાની બાબત એ છે કે આ સ્ટ્રેનથી થતા ઈબોલાને ફેલાતો અટકાવવા માટે કે સારવાર માટે હજી સુધી કોઈ વેક્સિન અથવા ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. ભારતે આફ્રિકામાં તબીબી સામગ્રી અને સુરક્ષા કીટ મોકલાવી મહામારીના આ સમયમાં ભારતે આફ્રિકા તરફ મદદનો હાથ લંબાવ્યો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે આ જાહેર આરોગ્ય કટોકટીનો સામનો કરવા માટે આફ્રિકાને ભારતની સહાયની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ અંતર્ગત ભારતે આફ્રિકા સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC)ને તાત્કાલિક તબીબી સામગ્રી અને સુરક્ષા કીટની પ્રથમ ખેપ રવાના કરી દીધી છે. આંધ્રપ્રદેશના એરપોર્ટ પર સખત ચેકિંગ બીજી તરફ, ભારતમાં પણ આ વાયરસને લઈને તકેદારીના પગલાં શરૂ કરી દેવાયા છે. આંધ્રપ્રદેશના સ્વાસ્થ્ય મંત્રી સત્ય કુમાર યાદવે જણાવ્યું છે કે રાજ્ય સરકાર 'હાઈ એલર્ટ' પર છે. આફ્રિકામાં ઈબોલાના વધતા કેસો અને મોતના આંકડાને જોતા એરપોર્ટ પર બહારથી આવતા મુસાફરોનું સ્ક્રીનિંગ અને સખત ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## બંગાળના ફાલતામાં ભાજપની જીત:દેબાંગ્શુ એક લાખથી વધુ મતોના અંતરથી જીત્યા

ફાલતા

પશ્ચિમ બંગાળની ફાલતા બેઠક પર ભાજપે જીત મેળવી લીધી છે. ભાજપના ઉમેદવાર દેબાંગ્શુએ 1 લાખથી વધુ મતોના અંતરથી જીત મેળવી. તેમને 1.49 લાખથી વધુ મત મળ્યા.CPMના ઉમેદવાર શંભુનાથ કુર્મી 40 હજાર મતો સાથે બીજા નંબરે રહ્યા. જ્યારે ચૂંટણીમાંથી પાછા હટી ગયેલા TMCના જહાંગીર ચોથા નંબરે છે. અહીં 285 બૂથ પર 21 મેના રોજ ફરીથી મતદાન કરાવવામાં આવ્યું હતું. રીપોલિંગમાં મતદાન



લગભગ 2% વધી ગયું. ચૂંટણી પંચ મુજબ અહીં 88.13% મતદાન થયું. આ પહેલા, 29 એપ્રિલે આ જ બેઠક પર 86.71% મતદાન થયું હતું. ફાલતામાં મુકાબલો TMC અને ભાજપ વચ્ચે હતો. સત્તાવાર રીતે આ બેઠક માટે છ ઉમેદવારો મેદાનમાં હતા, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર જહાંગીર ખાને ફરીથી મતદાનના થોડા દિવસો પહેલા જ જાહેરાત કરી દીધી હતી કે તેઓ ચૂંટણી નહીં લડે. 29 એપ્રિલે મતદાન પછી ફાલતા વિસ્તારમાં તણાવ ઘણો વધી ગયો હતો. તે દિવસે ઘણા બૂથો પરથી ફરિયાદો મળી હતી કે EVM પર ભાજપના સિમ્બોલ પર ટેપ ચોંટાડવામાં આવી હતી. તત્કાલીન ઓબ્ઝર્વર સુબ્રત ગુપ્તાએ પોતે જ મતવિસ્તારની મુલાકાત લીધી અને તપાસ કરી. ઓછામાં ઓછા 60 બૂથોમાં છેડછાડના પુરાવા મળ્યા. EVMમાં કથિત હેરાફેરી ઉપરાંત, તપાસમાં એ પણ સામે આવ્યું કે ઘણા મતદાન કેન્દ્રો પર લાગેલા વેબ કેમેરામાં ફૂટેજ સાથે પણ છેડછાડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# કોકરોચ જનતા પાર્ટીનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો

## કોર્ટની ટિપ્પણીઓનો દુરુપયોગ કરવા બદલ PIL દાખલ, CBI તપાસની પણ માંગ!

નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર યુવા વર્ગમાં ભારે આકર્ષણ જમાવનારી વ્યંગાત્મક રાજકીય સંસ્થા કોકરોચ જનતા પાર્ટી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કોર્ટની મૌખિક ટિપ્પણીઓનો કથિત દુરુપયોગ અને તેના વ્યાપારી શોષણ સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, આ જ અરજીમાં નકલી ડિગ્રીઓનો ઉપયોગ કરીને વકીલાત કરી રહેલા કથિત નકલી વકીલોના મામલાની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) જેવી સ્વતંત્ર સંસ્થા પાસે તપાસ કરાવવાની પણ અપીલ કરવામાં આવી છે. બંધારણીય કાર્યવાહીનું વ્યાપારીકરણ ચલાવી લેવાય નહીં અહેવાલ મુજબ, અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, આવી ઓનલાઈન સંસ્થાઓની પ્રવૃત્તિઓ બંધારણીય કાર્યવાહીને વેપારની વસ્તુ બનાવવાની સમાન છે અને તે ન્યાયિક સંસ્થાઓની પવિત્રતાને ઠેસ પહોંચાડે છે. 'પ્રચાર, વ્યાપારી જોડાણ અને ડિજિટલ ડેટા માટે કોર્ટરૂમની મૌખિક અભિવ્યક્તિઓનો ઉપયોગ કરીને પ્રચાર ઝુંબેશ ચલાવવી એ બંધારણીય પ્રક્રિયાઓનું ખતરનાક વ્યાપારીકરણ દર્શાવે છે.' કોર્ટરૂમની ટિપ્પણીઓનો પબ્લિક ડોમેનમાં પ્રચાર અને વ્યાપારી હેતુઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટી આ જ મહિનાની શરૂઆતમાં એક વ્યંગાત્મક ઓનલાઈન રાજકીય ચળવળ તરીકે સામે આવી હતી. જેને સોશિયલ મીડિયા પર યુવા યુઝર્સનો ભારે સપોર્ટ મળ્યો છે. આ સ્પૂફ (મજાકિયા) પાર્ટી પોતાને આળસુ, બેરોજગાર અને ભૂલાઈ ગયેલા નાગરિકો માટે ભારતની સૌથી પ્રામાણિક રાજકીય પાર્ટી તરીકે ઓળખાવે છે. તે એવા ભારતીય યુવાનોનું



પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે જેઓ મુખ્ય પ્રવાહના રાજકારણથી અલિપ્ત અનુભવે છે. આ મૂવમેન્ટની શરૂઆત 16 મેના રોજ થઈ હતી. રિપોર્ટ અનુસાર, એક કોર્ટ સુનાવણી દરમિયાન કથિત રીતે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્ય કાંતે કથિત રીતે બેરોજગાર યુવાનોને પરજીવી અને વંદા લેખાવ્યા હતા. આ ટિપ્પણીઓ બાદ સોશિયલ મીડિયા પર ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

## NEWS TRACK

### ઈરાનનો નિર્ણય, આગામી 30 દિવસમાં ખુલી જશે હોર્મુઝની ખાડી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે વૈશ્વિક અર્થતંત્ર માટે એક ખૂબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. વિશ્વભરમાં ઈંધણની કટોકટી સર્જનારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે ઈરાને એક મોટો યુ-ટર્ન લીધો છે, જેનાથી ભારત સહિત સમગ્ર દુનિયાને મોટી આર્થિક રાહત મળશે. હોર્મુઝ મામલે સૌથી મોટા રાહતના સમાચાર વૈશ્વિક તેલ સપ્લાયની લાઈફલાઈન ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને ઈરાન તરફથી એક ખૂબ જ મહત્વના સમાચાર આવ્યા છે. ઈરાન સરકારના સત્તાવાર નિવેદન અનુસાર, આગામી 30 દિવસમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પહેલાંની જેમ જ સંપૂર્ણપણે સામાન્ય થઈ જશે. આ દરિયાઈ માર્ગેથી હવે કોઈ પણ પ્રકારના અવરોધ વિના તમામ દેશોના જહાજો સરળતાથી અવરજવર કરી શકશે. યુદ્ધના કારણે દુનિયાભરમાં સર્જાયેલા તેલના સંકટ વચ્ચે આ સમાચારને વૈશ્વિક બજાર માટે એક સંજીવની સમાન માનવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આખી દુનિયાને ચોંકાવી દીધી છે.

### બલુચિસ્તાનના ક્વેટામાં રેલવે ટ્રેક પાસે આત્મઘાતી હુમલો, 24ના મોત:82 ઘાયલ

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતના ક્વેટા શહેરમાં રવિવારે ચમન ફાટક પાસે રેલવે ટ્રેક નજીક આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો, જેની ઝપેટમાં જાફર એક્સપ્રેસ આવી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 24 લોકોના મોત થયા છે, જ્યારે 80થી વધુ ઘાયલ થયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આત્મઘાતી હુમલા સમયે ટ્રેન ક્વેટા કેન્ટ તરફ જઈ રહી હતી. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ટ્રેનના ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા અને વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ. વિસ્ફોટ બાદ રેલવે ટ્રેક પાસે આગ લાગી ગઈ. ફાયર બ્રિગેડ, પોલીસ, રેસ્ક્યુ ટીમ અને સુરક્ષા દળો તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત-બચાવ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું કે વિસ્ફોટની અસરથી આસપાસની ઈમારતોની બારીઓના કાચ પણ તૂટી ગયા. સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને વિસ્ફોટના કારણની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. બલુચિસ્તાન સરકારના ગૃહ મામલાના વિશેષ સહાયક બાબર યુસુફઝઈએ જણાવ્યું કે ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

# મંદસૌર ચાતુર્માસ પર 'ખંડણીખોર ગેંગ'ની નજર: આસ્થાના મહાપર્વમાં વિઘ્ન નાખનારા પાખંડીઓ બેનકાબ!

## બ્લેકમેલરો સામે જૈન સમાજ એકજૂથ; ખોટી અફવાઓ અને ફેક ફોટો ફેલાવનારાઓ પર પોલીસનો સિંકજો શરૂ

મંદસૌર (મધ્ય પ્રદેશ)

મધ્ય પ્રદેશની ઐતિહાસિક નગરી મંદસૌરમાં આ વર્ષે જૈન ધર્મના ઈતિહાસનો સૌથી ભવ્યાતિભવ ચાતુર્માસ યોજાવા જઈ રહ્યો છે. આ પ્રથમ એવો અવસર છે જ્યારે મંદસૌર જૈન તીર્થધામ પર એકસાથે ૫-૫ પૂજ્ય આચાર્ય ભગવંતોનો પાવન મંગલ પ્રવેશ અને સ્થિરતા થવા જઈ રહી છે. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, શ્રી સાગરચંદ્રસાગરજી મહારાજ સાહેબ તેમજ શ્રી સોમયચંદ્રસાગરજી મહારાજ સાહેબ જેવા મહાન સંતોની નિશ્રામાં સમગ્ર મંદસૌર અને મધ્ય પ્રદેશનો જૈન સમુદાય ભક્તિના સાગરમાં ડૂબકી લગાવી રહ્યો છે. સમસ્ત મંદસૌર જૈન શ્રી સંઘ દ્વારા આયોજિત આ ચાતુર્માસને લઈને ભક્તોમાં અભૂતપૂર્વ ઉત્સાહ છે. પરંતુ, આ પાવન અને ભક્તિમય માહોલને કેટલાક સમાજકંટકો અને ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો પોતાની ગંદી નજરથી દૂષિત કરવાનો કુત્સિત પ્રયાસ કરી રહ્યા છે.

### કથિત પત્રકારો અને બ્લેકમેલરોની ત્રિપુટીની ગંદી રમત


જેવા મંદસૌરમાં આ ઐતિહાસિક ચાતુર્માસની જાહેરાત થઈ, સમાજમાં છુપાયેલા કેટલાક ઘરના ભેદીઓ અને ખંડણીખોરો સક્રિય થઈ ગયા. પોતાને જૈન સમુદાયના હિતેચ્છુ હોવાનો ઢોંગ કરનારો કથિત પત્રકાર હાર્દિક હુડિયા, ગુનાહિત માનસિકતા ધરાવતો જગત પારેખ, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી સોશિયલ મીડિયાના માધ્યમથી સતત ઝેર ઓકી રહ્યા છે. આ એવા ચહેરા છે જેઓ દિવસ-રાત જૈન સમાજને તોડવાનો અને સંતોની સાધનામાં વિઘ્ન નાખવાનો કાવતરાપૂર્વકનો પ્રયાસ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ભ્રામક અને ખોટી અફવાઓ ફેલાવીને તેમનો એકમાત્ર હેતુ આ પાવન ચાતુર્માસને ગમે તે રીતે રોકવાનો અને જૈન સંઘને માનસિક રીતે હેરાન કરવાનો છે.

### ભગવાન મહાવીરનો પણ ડર નથી, ચાતુર્માસના બહાને ખંડણીનું ષડયંત્ર!

આસ્થા પર ઘા કરનારા આ પાખંડીઓને ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને કર્મોના ફળનો પણ કોઈ ડર રહ્યો નથી. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાતુર્માસમાં અવરોધ ઊભો કરવાની અને સંતોની છબી ખરડવાની ધમકી આપીને આ આખી મંડળી જૈન સંઘ પાસેથી મોટી ખંડણી વસૂલવાનું ગંદું ષડયંત્ર રચી રહી હતી. પરંતુ આ વખતે આ બ્લેકમેલરોનો પાલો એક જાગ્રત અને જાગૃત સમાજ સાથે પડ્યો છે.

### મોટો ખુલાસો: ફેક તસવીરો અને ખોટા સમાચારો થયા નિષ્ફળ

આ ટોળકીએ પોતાના ષડયંત્રના ભાગરૂપે એક રાષ્ટ્રીય સમાચાર પત્રને ગેરમાર્ગે દોરીને આ ખોટા સમાચાર




છપાવ્યા હતા. પરંતુ જ્યારે તે પ્રતિષ્ઠિત સમાચાર પત્રને સત્યની ખબર પડી, ત્યારે તેમણે બીજી વાર આ બકવાસને કોઈ સ્થાન આપ્યું નહીં. અંતે સત્યનો વિજય થયો છે. જૈન શ્રી સંઘે પૂજ્ય સંતોને સંપૂર્ણ રીતે 'ક્લીનચિટ' આપી દીધી છે અને તપાસમાં સાબિત થઈ ચૂક્યું છે કે ઈન્ટરનેટ પર ફેલાવવામાં આવી રહેલા તમામ ફોટો અને દસ્તાવેજો સંપૂર્ણપણે 'ફેક' અને એડિટ કરેલા છે.

### સાગર સમુદાયની વધતી લોકપ્રિયતાથી પેટમાં દુખાવો, પાછળ માસ્ટરમાઇન્ડ કોણ?

નવાઈની વાત એ છે કે આ વિવાદને હવા આપનારા આરોપીઓનો ન તો સાગર સમુદાય સાથે કોઈ લેવાદેવા છે અને ન તો તેઓ જૈન સંઘ સાથે જોડાયેલા છે. તો પછી સાગર સમુદાય સામે આ સુનિયોજિત ષડયંત્ર શા માટે? વાસ્તવમાં, સાગર સમુદાયની વધતી લોકપ્રિયતા અને જે સંઘો સાથે આ લોકો જોડાયેલા છે, તેમની ઘટતી શાખ આ વિવાદનું અસલી કારણ છે. જૈન સમુદાયને અંદરોઅંદર લડાવીને તોડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. સવાલ એ ઊભો થાય છે કે આ મહોરાઓની પાછળ અસલી માસ્ટરમાઈન્ડ કોણ છે, જે સાગર સમુદાયને બદનામ કરવા માટે આ લોકોનો મહોરા તરીકે ઉપયોગ કરી રહ્યો છે?

### જડબાતોડ જવાબ: સમાજ થયો એકજૂથ, પોલીસ કાર્યવાહી શરૂ

આ કલંકિત અને પાખંડી તત્વોના મનસૂબા પર પાણી ફેરવતા સમગ્ર મધ્ય પ્રદેશનો જૈન સમાજ હવે ખડકની જેમ એકજૂથ થઈ ગયો છે. સમાજ વિરોધી આ ચહેરાઓને સંપૂર્ણ રીતે ઓળખી લેવામાં આવ્યા છે. આ મામલાની ગંભીરતાને જોતા પોલીસ પ્રશાસને પણ આ બ્લેકમેલરો સામે કડક કાનૂની કાર્યવાહી અને સિંકજો કસવાનું શરૂ કરી દીધું છે.

### 'પાક્કો ગુજરાત' ન્યૂઝ સ્ટાન્ડર્ડ:

**આવા ધન-લોભી, બ્લેકમેલર અને સંતોની નિંદા કરનારા કલંકિત વ્યક્તિઓને જૈન સમાજમાંથી તાત્કાલિક બહિષ્કૃત (બહાર) કરી દેવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ આસ્થા સાથે રમત રમવાની હિંમત ન કરી શકે. 'પાક્કો ગુજરાત' હંમેશા સત્યનો અવાજ રહ્યો છે અને રહેશે. અમારા આ નિષ્પક્ષ અને સાચા અહેવાલે આ બ્લેકમેલરોની શિરાઓ હલાવી દીધી છે. અમે દરેક પરિસ્થિતિમાં જૈન સમુદાય, જૈન શ્રી સંઘ અને પૂજ્ય સંતોની સાથે અડીખમ ઊભા છીએ અને સમાજને ખોખલો કરનારા આવા પાખંડીઓને બેનકાબ કરવાનો અમારો પત્રકારત્વ ધર્મ નિભાવતા રહીશું.**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# કરજણ-ડભોઇ રોડ પર વિદેશી દારૂની બેફામ હેરાફેરી: સ્થાનિકોમાં ભારે આક્રોશ

**કરજણ**

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે કરજણ-ડભોઈ રોડ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂના ગેરકાયદેસર કાળા કારોબારને લઈને સ્થાનિકોમાં ભારે ચર્ચા અને આક્રોશ ફાટી નીકળ્યો છે. હાઈવે તેમજ ગ્રામીણ વિસ્તારોમાં કેટલાક સ્થાનિક અને બહારના બુટલેગરો દ્વારા કોઈ પણ ડર વગર બેફામ રીતે દારૂની હેરાફેરી અને વેચાણ થતું હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કરજણ-ડભોઈ રોડ અત્યારે બુટલેગરો માટે સુરક્ષિત ટ્રાન્ઝિટ રૂટ બની રહ્યો છે. જોકે, સ્થાનિક પોલીસ દ્વારા સમયાંતરે દરોડા પાડીને પ્રોહિબિશનના કેસો કરવામાં આવે છે અને કાયદેસરની કાર્યવાહી પણ થાય છે, છતાં પણ અનેક વિસ્તારોમાં દારૂનો આ ગેરકાયદે વેપાર બંધ થવાનું નામ નથી લઈ રહ્યો. દરોડા પછી પણ થોડા જ દિવસોમાં સ્થિતિ જસની તસ થઈ જતી હોવાથી સ્થાનિકોમાં પોલીસની નીતિ સામે પણ ગણગણાટ શરૂ થયો છે. તાજેતરમાં જ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલ અને સ્થાનિક પોલીસ દ્વારા કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. આ મોટી સિદ્ધિઓની વચ્ચે સ્થાનિક સ્તરે ચાલતા આવા નાના-મોટા નેટવર્ક દારૂબંધીની અમલવારી સામે ફરી મોટા સવાલો ઊભા કરે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કરજણ-ડભોઈ રોડ પર ખાસ કરીને રાત્રિના સમયે શંકાસ્પદ લક્ઝરી ગાડીઓ અને અન્ય વાહનોની અવરજવર નોંધપાત્ર રીતે વધી જાય છે. કેટલાક લોકોનો આક્ષેપ છે કે, ગ્રામ્ય વિસ્તારોના અંતરિયાળ ખેતરો કેવાડાઓ (ગોડાઉન) માં ગુપ્ત રીતે દારૂનો જથ્થો પહોંચાડવાની પ્રવૃત્તિ લાંબા સમયથી નેટવર્ક બનાવીને ચલાવવામાં આવી રહી છે. આ દૂષણને ડામવા માટે હવે સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકો આગળ આવ્યા છે.

# ભાજપના સાંસદ જશુભાઈ રાઠવા રાઇફલ અને કારતૂસના પટ્ટા સાથે ઝૂમ્યા

**છોટાઉદેપુર**

ગુજરાતના શાંત અને આદિવાસી સંસ્કૃતિ ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને લોકોને ઉત્તર પ્રદેશ કે બિહારના દબંગ નેતાઓની યાદ આવી ગઈ છે. છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપના સાંસદ જશુભાઈ રાઠવા એક વિજયોત્સવની ઉજવણી દરમિયાન હાથમાં અસલી રાઈફલ (બંદૂક) લઈને અને ગળામાં કારતૂસનો આખો પટ્ટો ભેરવીને લોકનૃત્ય કરતા કેમેરામાં કેદ થયા છે. આ હાઈપ્રોફાઈલ સેલિબ્રેશનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ રાજકીય ગરમાવો આવી ગયો છે અને કાયદો-વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા એક ભવ્ય વિજયોત્સવ અને સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આદિવાસી પરંપરાગત ઢોલ-નગારાના તાલે સાંસદ જશુભાઈ રાઠવા પોતે સ્ટેજની નીચે કાર્યકરો સાથે નાચવા કૂદી પડ્યા હતા. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે સામાન્ય રીતે તીર-કામઠું કે પરંપરાગત વાદ્યો સાથે થતા નૃત્યમાં સાંસદ મહોદયના હાથમાં અસલી રાઈફલ જોવા મળી હતી અને ગળામાં જીવતા કારતૂસનો મોટો પટ્ટો લટકતો હતો. આ નૃત્યનો વીડિયો કાર્યક્રમમાં હાજર કોઈ વ્યક્તિએ મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જે હવે વાયુવેગે વાઈરલ થઈ રહ્યો છે. વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે એક જવાબદાર સાંસદ પદ પર બેઠેલી વ્યક્તિ જાહેર કાર્યક્રમમાં આ રીતે હથિયારોનું પ્રદર્શન કરીને સમાજને શું સંદેશ આપવા માંગે છે? શું આ પ્રકારે હથિયાર લહેરાવીને નૃત્ય કરવું કાયદાકીય રીતે યોગ્ય છે?

# SBI બેંક સામે મોટરસાયકલની ટક્કરે 8 વર્ષની બાળકી ઇજાગ્રસ્ત

**કાલોલ**

પંચમહાલ જિલ્લાના કાલોલ-ગોધરા હાઈવે રોડ પર એસ.બી.આઇ. બેંકની સામે ગઇકાલે બપોરે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક મોટરસાયકલના ચાલકે રોડ ક્રોસ કરી રહેલી ૮ વર્ષની માસૂમ બાળકીને અડફેટે લેતા બાળકીને શરીરે તેમજ થાપાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જી મોટરસાયકલ ચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. ફરીયાદની વિગત જોતા મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની અને હાલ કાલોલ ગોધરા હાઈવે પર 'રામદેવ રેસ્ટોરન્ટ' ચલાવતા પોકરરામ માણકરામ પરમારે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ૨૩ મે ૨૦૨૬ના રોજ બપોરે આશરે ચાર વાગ્યાના અરસામાં તેમની હોટલ પર કામ કરતા તેમના કાકાનો દીકરો ગોપાલ તથા અંબારામ, ફરિયાદીની બે દીકરીઓ (સરોજ અને નિકીતા) તથા દીકરા વિરેન્દ્રને સાથે લઇને હોટલ પરથી જમીને ચાલતા ચાલતા ઘરે જઇ રહ્યા હતા.આ દરમિયાન એસ.બી.આઈ. બેંકની સામે જ્યારે તેઓ રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ગોધરા તરફથી આવી રહેલી એક મોટરસાયકલ (રજીસ્ટ્રેશન નંબર: MP-45-MS-7135) ના ચાલકે પોતાની બાઈક બેફામ ગતિએ હંકારી લાવી ૮ વર્ષની બાળકી નિકીતાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની જાણ થતાં જ પિતા પોકરરામ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત નિકીતાને સારવાર અર્થે કાલોલની 'સિદ્ધિ વિનાયક હોસ્પિટલ' ખાતે દાખલ કરી હતી. કાલોલ પોલીસે આ મામલે મોટરસાયકલ નંબર MP-45-MS-7135 ના અજાણ્યા ચાલક વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૨૮૧, ૧૨૫(a) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭cell, ૧૮૪, ૧૮૭ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાર્કિંગમાંથી રાતોરાત ટાટા ડમ્પર ગાયબ થતા માલિકમાં ચકચાર : પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**દાહોદ**

ઝાલોદ તાલુકામાં પાર્કિંગમાં મુકાયેલું ટાટા કંપનીનું મોટું ડમ્પર અજાણ્યા ચોરો દ્વારા ચોરી કરી લઈ જતાં વાહન માલિકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને લઈને માલિક દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજસ્થાન રાજ્યના બાંસવાડા જિલ્લાના છોટાડુંગર વિસ્તારના રહેવાસી બાબુલાલ દલીચંદ ભરપોડા રેતી તથા માલસામાનની હેરફેરનો વ્યવસાય કરે છે. તેમની માલિકીનું ટાટા કંપનીનું ડમ્પર નંબર RJ-03-GA-7584 રેતીની હેરફેર માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું. ડમ્પર ચલાવવાની જવાબદારી ઝાલોદના કોલીવાળા વિસ્તારના રહેવાસી ડ્રાઈવર મુસ્તકીમ ઉર્ફે મુસા રહુકભાઈ ડોકીલાને સોંપવામાં આવી હતી.

ફરિયાદ મુજબ, તા. 15 મે 2026ના રોજ ડ્રાઈવર ડમ્પર લઈને છોટાઉદેપુરથી રેતી ભરી આવ્યો હતો અને બીજા દિવસે ઝલાઈ માતા મંદિર પાસે રેતી ખાલી કરી ઝાલોદ પરત ફર્યો હતો. ત્યારબાદ ડ્રાઈવરે કામસર બહાર જવાનું હોવાનું જણાવી ડમ્પર ઠુઠી રોડ ઉપર હનુમાન ટેકરી નજીક પાર્ક કરી તેની ચાવી અહમદી ઓટો ઈલેક્ટ્રિક દુકાનદારે સોંપી હતી.

તા. 18 મેના રોજ ડમ્પર લેવા જતા વાહન પાર્કિંગમાંથી ગાયબ હોવાનું સામે આવ્યું હતું. દુકાનદારે પણ ચાવી પોતાની પાસે હોવાની અને અગાઉના દિવસે ડમ્પર પાર્કિંગમાં જોયેલું હોવાનું જણાવ્યું હતું. બાદમાં માલિક તથા તેમના પરિવારજનોએ આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી, પરંતુ ડમ્પરનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

ચોરી ગયેલા ડમ્પરની કિંમત અંદાજે રૂ. 18 લાખ હોવાનું જણાવાયું છે. વાહનના ચેસીસ નંબર તથા અન્ય દસ્તાવેજોની નકલ સાથે માલિકે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સરગમ પાછળ ઝેરી દારૂ-જુગારનું પાપ સામ્રાજ્ય, શું પોલીસ લઠ્ઠાકાંડની રાહ જુએ છે?

# અંકલેશ્વરમાં ખાખી વેચાઈ, 'દત્તુ' નો આતંક!

- ભારતી-જ્યોતિનું જુગારધામ અને રમેશ વસાવાનો કેમિકલયુક્ત કાળો કારોબાર
- કથિત વહીવટદાર 'દત્તુ' નો આતંક: રોજ લાખો રૂપિયાની હપ્તાખોરીનો ખેલ
- એસ.પી., એલસીબી અને એસએમસી કેમ મૌન? જનતાનો સળગતો આક્રોશ




**અંકલેશ્વર**

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડી ગયા છે. અંકલેશ્વર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની નાકની નીચે જ ખાખીનો ખોફ સંપૂર્ણપણે ખતમ થઈ ચૂક્યો છે. અહીં સરગમ શોપિંગ સેન્ટરની પાછળ ઝૂંપડાઓની આડમાં ગુજરાતના દારૂબંધીના કાયદાને પિગાળવામાં આવી રહ્યો છે. સ્થાનિક પોલીસના આશીર્વાદથી અહીં જુગારના અડ્ડા અને કેમિકલયુક્ત દેશી દારૂની ફેક્ટરીઓ ધમધમી રહી છે, જે કોઈ મોટી હોનારતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે.

અંદરના સૂત્રો પાસેથી મળેલી સનસનાટીપૂર્ણ વિગતો મુજબ, આ પાપના સામ્રાજ્યમાં ભારતી અને જ્યોતિ નામની બે મહિલા બુટલેગરો લેડી ડોનની માફક વર્તી રહી છે. કોઈ પણ જાતના પોલીસ રેડના ડર વગર આ બંને મહિલાઓ જાહેરમાં ત્રણ પત્તી, વરલી મટકા અને ચકલી-પોપટ જેવા જુગારધામ ચલાવી રહી છે, જ્યાં રોજ લાખો રૂપિયાની હાર-જીત થાય છે.

આટલું ઓછું હોય તેમ, આ જ લોકેશન પર રમેશ વસાવા નામનો માથાભારે બુટલેગર દેશી દારૂનો કાળો કારોબાર ચલાવે છે. વધુ નફો કમાવવાની અંધધૂંધ અને રાક્ષસી લાલચમાં આ બુટલેગર દારૂ બનાવતી વખતે તેમાં જોખમી અને ઝેરી કેમિકલ ભેળવી રહ્યો છે, જેથી બંધાણીઓને ઝડપી નશો ચડે. સવાલ એ થાય છે કે જો આ કેમિકલયુક્ત ઝેર પીવાથી અંકલેશ્વરમાં ભયાનક લઠ્ઠાકાંડ સર્જાશે અને ગરીબોના લોહીના ખાબોચિયા ભરાશે, તો તેનો જવાબદાર કોણ? શું અંકલેશ્વર પોલીસ લાશોના ઢગલા જોયા પછી જ જાગશે?

આ વિસ્તારમાં આશરે ૩૦ થી ૪૦ જેટલા ગેરકાયદેસર અડ્ડાઓ બેરોકટોક ચાલવા પાછળ એક મોટું હપ્તાખોરીનું નેક્સસ (ષડયંત્ર) કામ કરી રહ્યું છે.

ચર્ચા છે કે આ આખા કાળા સામ્રાજ્યને સલામત રાખવા અને ખાખીને શાંત રાખવા માટે 'દત્તુ' નામનો એક કથિત વહીવટદાર મેદાનમાં છે.

આ 'દત્તુ' રોજ વાહનો ભરીને લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવે છે અને ઉપર સુધી પહોંચાડે છે. આ જ હપ્તાના જોરે બુટલેગરો પોલીસને પોતાના ખિસ્સામાં લઈને ફરતા હોય તેમ કાયદાનો મજાક ઉડાવી રહ્યા છે.

સ્થાનિક રહીશો નરક જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. રહીશોએ આ અંગે અંકલેશ્વર 'એ' ડિવિઝન, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) સુધી લેખિત અને મૌખિક પુરાવાઓ આપ્યા છે, છતાં પરિણામ 'ઝીરો' આવ્યું છે. એલસીબી પી.આઈ. ને વારંવાર કરાયેલી રજૂઆતો ફાઈલ બંધ કરી દેવાઈ છે.

ભરૂચ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને એસ.પી. આ આખા ખેલમાં કેમ મૂકપ્રેક્ષક બનીને બેઠા છે? શું ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ આ કેમિકલના અડ્ડાઓ પર 'સરપ્રાઈઝ રેડ' પાડીને હપ્તાખોરીના આ કાળા નેક્સસનો પર્દાફાશ કરશે, કે પછી 'દત્તુ' નો આ કાળો કારોબાર આમ જ ચાલતો રહેશે? જનતા હવે આરપારના મૂડમાં છે.

## મહેસાણા ભાજપમાં વધુ એક ઓડિયો કાંડ

# 'જગદીશ વિશ્વકર્મા સાથે ફોટો પડાવવા 5 લાખ ખર્ચવા પડે', જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિના બફાટથી ખળભળાટ

**મહેસાણા**

મહેસાણા ભાજપમાં ચાલી રહેલું આંતરિક શીતયુદ્ધ હવે સંપૂર્ણપણે ચૌટે ચઢ્યું છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ અગ્રણી મયંક નાયકના વિવાદો હજુ શાંત થયા નથી, ત્યાં જ મહેસાણા ભાજપમાં વધુ એક ઓડિયો ક્લિપ વાયરલ થતાં રાજકીય ભૂકંપ આવી ગયો છે. આ નવી ઓડિયો ક્લિપમાં મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષાબેન પટેલના પતિ પિન્ટુ પટેલ અને મૌલિક પટેલ વચ્ચે થયેલી વાતચીત છે, જેમાં પિન્ટુ પટેલે સરકારના મંત્રી અને સંગઠનના નેતાઓ વિશે એવો બફાટ કર્યો છે કે ભાજપના શિસ્તના લીરેલીરા ઉડી ગયા છે. વાયરલ થઈ રહેલી આ કથિત ઓડિયો ક્લિપમાં પિન્ટુ પટેલ ફોન પર સામે વાળી વ્યક્તિ સાથે વાતચીત દરમિયાન પક્ષના મોટા



નેતાઓ વિશે અત્યંત બેબાક નિવેદનો આપતા સંભળાય છે: ફોટો પડાવવાના ૫ લાખ?: ઓડિયોમાં દાવો કરાયો છે કે, રાજ્ય સરકારના મંત્રી જગદીશ વિશ્વકર્મા સાથે માત્ર એક ફોટો પડાવવો હોય તો પણ ૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે! વિવાદિત ઓડિયોમાં પિન્ટુ પટેલ પ્રદેશ નેતા મયંક નાયક પર નિશાન સાધતા કહે છે કે, 'મયંક નાયક મારા માટે ઝીરો છે.' આ ક્લિપમાં રાજ્યસભાની ચૂંટણી અને ટિકિટોની વહેંચણીને લઈને પણ અંદરખાને ચાલતી ગોઠવણો અંગે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. મહેસાણા ભાજપમાં એક પછી એક વાયરલ થઈ રહેલી ઓડિયો ક્લિપો એ સાબિત કરે છે કે પક્ષમાં અંદરખાને ઓલ ઈઝ નોટ વેલ (બધું બરાબર નથી). નેતાઓ અને તેમના સમર્થકો સોશિયલ મીડિયા અને ફોન કોલ્સ પર એકબીજાને પછાડવા માટેના તમામ પેતરા અજમાવી રહ્યા છે. મંત્રીઓ પર લાગેલા આર્થિક આક્ષેપો અને સંગઠનના હોદ્દેદારોને 'ઝીરો' ગણાવવાની આ ઓડિયો ક્લિપે વિપક્ષને બેઠા બેઠા મોટો મુદ્દો આપી દીધો છે.

# રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખાખડાબેલા મર્ડર કેસનો ભેદ ઉકેલાયો

## ગુનો આચરી ફરાર થઇ ગયેલા બંને આરોપીઓને દબોચી લેતી પોલીસ

**રાજકોટ/પડધરી**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખાખડાબેલા ગામમાં સનસનાટી મચાવનારા હત્યાના ગુનામાં પડધરી પોલીસ અને એલસીબી (LCB) ટીમને મોટી સફળતા મળી છે. ખાખડાબેલા ગામે બનેલી કરપીણ હત્યાની ઘટના બાદ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા હતા અને પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. જોકે, પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, જેના પરિણામે હત્યા નીપજાવીને ફરાર થઈ ગયેલા બંને મુખ્ય આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, ખાખડાબેલા ગામે જૂની અદાવત અથવા તો તાત્કાલિક ઉશ્કેરણીના કારણે આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હતો. ઘટનાને અંજામ આપીને આરોપીઓ નાસી છૂટ્યા હોવાથી પોલીસ સામે તેમને પકડવાનો મોટો પડકાર હતો. રાજકોટ ગ્રામ્ય પોલીસ વડાની સૂચનાથી પડધરી પોલીસ સ્ટેશનના સ્ટાફે ટેકનિકલ સોર્સ અને ખાનગી બાતમીદારોના નેટવર્કને એક્ટિવ કર્યું હતું. આખરે ચોક્કસ લોકેશન મળતા જ પોલીસે ફિલ્મી ઢબે કોર્ડન કરી બંને આરોપીઓને દબોચી લીધા હતા. બંને આરોપીઓ પોલીસના સકંજામાં આવી જતાં સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## મહેસાણામાં ગુનાખોરી સામે પોલીસની મોટી સફળતા

# ચૂંટણી ટાણે થયેલા મર્ડર કેસના આરોપીઓને અન્ય રાજ્યોમાંથી દબોચી લેતી પોલીસ ટીમનું બહુમાન કરાયું

**મહેસાણા**

મહેસાણા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રાખવા અને ગુનેગારોમાં ખૌફ પેદા કરવા માટે મહેસાણા પોલીસ સતત કાર્યરત છે. તાજેતરમાં ચૂંટણીના સંવેદનશીલ સમયગાળા દરમિયાન મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ચકચારી મર્ડરની ઘટના સામે આવી હતી.

આ ગંભીર ગુનાના આરોપીઓને ગણતરીના દિવસોમાં જ અન્ય રાજ્યોમાંથી ઝડપી પાડીને પ્રશંસનીય કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનું મહેસાણા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું છે.

ચૂંટણીના સમયગાળા દરમિયાન જ્યારે સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ કાફલો કાયદો-વ્યવસ્થા જાળવવામાં વ્યસ્ત હતો, તેવા સમયે મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ મથકની હદમાં મર્ડરની આ ઘાતકી ઘટના ઘટી હતી. ચૂંટણીના માહોલમાં બનેલી




આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ હતી અને પોલીસ માટે આ કેસનો ભેદ ઉકેલવો એક મોટો પડકાર બની ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મહેસાણા સ્થાનિક ગુના શોધક શાખા (LCB) અને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આરોપીઓ નાસતા ફરતા હોવાની ચોક્કસ બાતમી મળતાં જ પોલીસ ટીમોએ ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં ધામા નાખ્યા હતા.

# પાલ-ઉમરા બ્રિજ પાસે નશામાં ધૂત યુવક વીજળીના થાંભલા પર ચડી ગયો

**સુરત**

સુરતના ઉમરા ગામ વિસ્તારમાં ગઈકાલે એક ચોંકાવનારી અને જીવ અધ્ધર કરી દેનારી ઘટના સામે આવી છે. પાલ-ઉમરા બ્રિજ પહેલાં આવેલા સત કૈવલ ચોક પાસે એક અજાણ્યો યુવક અચાનક જ રસ્તા કિનારે આવેલા ઊંચા થાંભલા પર ચડી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો હતો. અંદાજિત એકથી દોઢ કલાક સુધી ચાલેલા આ હાઈવોલ્ટેજ ડ્રામાને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. ભરચક ટ્રાફિક વચ્ચે એક યુવકને થાંભલા પર ચડેલો જોઈને રસ્તે ચાલતા વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોતજોતામાં સત કૈવલ ચોક પાસે સેંકડો લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. લોકો તેને નીચે ઉતરવા માટે બૂમો પાડી રહ્યા હતા, પરંતુ યુવક પોતાની જ ધૂનમાં થાંભલા પર અડીંગો જમાવીને બેસી રહ્યો હતો.

## રેલવે બોર્ડના CEOને સીધી રજૂઆત

# કોરોના કાળ પૂર્વેની MST કોચ વ્યવસ્થા ફરી શરૂ કરવા 'વેસ્ટર્ન રેલવે પેસેન્જર એસોસિએશન'ની ઉગ્ર માંગ કરાઈ

**વડોદરા/અમદાવાદ**

પશ્ચિમ રેલવે (વેસ્ટર્ન રેલવે) અંતર્ગત આવતા હજારો દૈનિક મુસાફરો, નોકરિયાતો, નાના વેપારીઓ અને વિદ્યાર્થીઓ માટે મુસાફરી કરવી હવે મુશ્કેલ બની ગઈ છે. કોરોના કાળ પહેલાં માસિક સીઝન ટિકિટ (MST) ધારકો માટે જે ખાસ આરક્ષિત કોચ ફાળવવામાં આવતા હતા, તે કોરોના પછી હજુ સુધી પુનઃ શરૂ કરવામાં આવ્યા નથી. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે હવે 'વેસ્ટર્ન રેલવે પેસેન્જર એન્ડ પાસ હોલ્ડર્સ વેલફેર એસોસિએશન' અને વડોદરા મંડળ (DRUCC) ના સભ્ય મોહમ્મદ હબીબ લોખંડવાલાએ સીધા નવી દિલ્હી રેલવે બોર્ડના અધ્યક્ષ તેમજ મુખ્ય કાર્યકારી અધિકારી (CEO)ને પત્ર લખીને ન્યાયની ગુહાર લગાવી છે. એસોસિએશનના પ્રમુખ મોહમ્મદ હબીબ લોખંડવાલાએ 'પાક્કો ગુજરાત' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ અગાઉ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) અને વડોદરાના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ને પણ સ્થાનિક સ્તરે લેખિતમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ અત્યાર સુધી તંત્ર દ્વારા કોઈ સંતોષકારક પગલાં લેવાયા નથી. સ્થાનિક સ્તરેથી કોઈ ઉકેલ ન આવતા આખરે હજારો ગરીબ મજૂરો, વિદ્યાર્થીઓ અને નોકરિયાતો વતી રેલવે બોર્ડના સર્વોચ્ચ અધિકારી સમક્ષ આ મામલો મૂકવો પડ્યો છે. જનરલ કોચમાં અસહ્ય ભીડ: કોરોના મહામારી પહેલાં મુખ્ય ટ્રેનોમાં MST પાસ ધારકો માટે સમર્પિત (ડિડિકેટેડ) કોચ રહેતા હતા. પરંતુ હવે આ વ્યવસ્થા બંધ થતાં પાસ ધારકોએ સામાન્ય (General) કોચમાં જવું પડે છે, જે પહેલાંથી જ પેસેન્જરોથી ચિચિયારીઓ મારતા હોય છે.

રોજિંદા ઝઘડા અને ઘર્ષણ: સમર્પિત કોચ ન હોવાને કારણે ટ્રેનમાં સીટ મેળવવા બાબતે સામાન્ય મુસાફરો અને દૈનિક પાસ ધારકો વચ્ચે અવારનવાર વિવાદ, બોલાચાલી અને ઝઘડા થવા એ રોજની વાત બની ગઈ છે.

# વડોદરા ભાજપના મીડિયા ઇન્ચાર્જ પાર્થ જોશી સામે ગંભીર આક્ષેપો કરાયા

## ઓફિસ અને ફેક્ટરી બંધ કરીને ફરાર થયા હોવાની ચર્ચાથી રાજકારણમાં ગરમાવો

**વડોદરા**

વડોદરા રાજકારણ અને વેપાર જગતમાંથી આ સમયના સૌથી મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. વડોદરા ભાજપના મીડિયા ઈન્ચાર્જ પાર્થ જોશી સામે કરોડોની નાણાકીય ગેરરીતિ અને છેતરપિંડીના ગંભીર આક્ષેપો લાગ્યા છે. ચર્ચા છે કે વિવાદોમાં ઘેરાયેલા પાર્થ જોશી પોતાની ઓફિસ અને ફેક્ટરીને તાળા મારીને ફરાર થઈ ગયા છે, જેને પગલે સ્થાનિક વેપારીઓ સહિત રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, આ સમગ્ર વિવાદ મુંબઈના એક વેપારી સાથે જોડાયેલો છે. આક્ષેપ છે કે મુંબઈના વેપારી સાથે મોટી છેતરપિંડી કર્યા બાદ પાર્થ જોશી અન્ય લેણદારો અને વેપારીઓથી પણ નાસતા ભાગતા ફરી રહ્યા છે. ભોગ બનનાર વેપારીએ ન્યાય માટે કાયદાનો આશરો લીધો હતો, જેના પગલે મુંબઈની કોર્ટ દ્વારા પાર્થ જોશી વિરુદ્ધ સમન્સ પણ જાહેર કરવામાં આવ્યા છે. જોકે, આક્ષેપ છે કે તેઓ જાણીજોઈને સમન્સ સ્વીકારી રહ્યા નથી. સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે મુંબઈ કોર્ટની પાંચ-પાંચ મુદતો પડી ગઈ હોવા છતાં પાર્થ જોશી કોર્ટ સમક્ષ હાજર થયા નથી. કાયદાકીય પ્રક્રિયાની સતત અવગણના કરવાને કારણે તેમની સામેના આક્ષેપો વધુ મજબૂત બની રહ્યા છે.

# કોરોના મહામારી બાદ હવે દુનિયા પર ઈબોલાનો ખતરો!

# જાણો કેટલો ઘાતક છે આ વાયરસ અને શું છે તેના લક્ષણો

**ગાંધીનગર**

હજુ માંડ દુનિયા કોરોના (Covid-19) ના કહેરમાંથી બહાર આવીને બેઠી થઈ છે, ત્યાં ફરી એકવાર એક નવા વાયરસના ખતરાએ વૈશ્વિક સ્તરે ચિંતા વધારી દીધી છે. આ વખતે ચર્ચામાં છે 'ઈબોલા વાયરસ' (Ebola Virus). આફ્રિકાના કેટલાક ભાગોમાં સમયાંતરે માથું ઊંચકતા આ વાયરસના કેસોને પગલે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) સહિત દુનિયાભરની હેલ્થ એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. નિષ્ણાતોના મતે, જો ઈબોલા નિયંત્રણ બહાર જાય તો તે કોરોના કરતાં પણ વધુ ખતરનાક સાબિત થઈ શકે છે, કારણ કે તેનો મૃત્યુદર અત્યંત ઊંચો છે.

શું છે ઈબોલા વાયરસ? અને તે કેવી રીતે ફેલાય છે?

ઈબોલા એ એક અત્યંત ઘાતક વાયરસ છે, જે માણસો અને પ્રાઈમેટ્સ (જેમ કે વાંદરા અને ચિમ્પાન્ઝી) માં તીવ્ર અને જીવલેણ તાવ લાવે છે જેને 'ઈબોલા હેમરેજિક ફીવર' કહેવામાં આવે છે.

સંક્રમિત પ્રાણીઓ દ્વારા: આ વાયરસ મુખ્યત્વે ચામાચીડિયા (ફ્રુટ બેટ્સ) અને સંક્રમિત વાંદરાઓ દ્વારા માણસોમાં ફેલાય છે.

માણસથી માણસમાં સંપર્ક: સંક્રમિત વ્યક્તિના લોહી, લાળ, પરસેવો અથવા અન્ય શારીરિક પ્રવાહી (Body Fluids) ના સીધા સંપર્કમાં આવવાથી આ વાયરસ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ખૂબ જ ઝડપથી ફેલાય છે.

- ઈબોલા વાયરસના મુખ્ય લક્ષણો – 'પાક્કો ગુજરાત' ગાઈડ

જો કોઈ વ્યક્તિ આ વાયરસની ઝપેટમાં આવે, તો શરૂઆતમાં સામાન્ય ફ્લૂ જેવા લક્ષણો દેખાય છે, જે ધીમે ધીમે ગંભીર બને છે:

1 અચાનક તીવ્ર તાવ આવવો અને અસહ્ય માથાનો દુખાવો થવો.

2 સ્નાયુઓમાં તીવ્ર કમજોરી અને સાંધાનો દુખાવો.

3 ગળામાં સોજો, ઉલટી અને ઝાડા થવા.

4 સૌથી ગંભીર લક્ષણ: રોગ વધવાની સાથે શરીરના આંતરિક અને બાહ્ય અંગો (જેમ કે નાક, કાન અને પેઢા) માંથી લોહી વહેવાનું શરૂ થવું.

કોરોના અને ઈબોલા વચ્ચે શું તફાવત છે?

ઘણા લોકોના મનમાં સવાલ છે કે શું ઈબોલા પણ કોરોનાની જેમ હવામાં ફેલાય છે? તો જવાબ છે 'ના'. કોરોના વાયરસ હવામાં ખાંસી કે છીંક દ્વારા ખૂબ ઝડપથી ફેલાતો હતો, જ્યારે ઈબોલા હવામાં ફેલાતો નથી. પરંતુ, કોરોનાનો મૃત્યુદર અંદાજે ૨ થી ૩ ટકા જેટલો હતો, જ્યારે ઈબોલાનો સરેરાશ મૃત્યુદર ૫૦ ટકાથી લઈને ૯૦ ટકા સુધીનો હોઈ શકે છે. એટલે કે, આ વાયરસથી સંક્રમિત થનારા દર્દીઓ માટે જોખમ ઘણું વધારે હોય છે.

હાલમાં ભારતમાં કે ગુજરાતમાં ઈબોલાનો કોઈ સક્રિય કેસ નથી, તેથી ગભરાવાની કોઈ જરૂર નથી. પરંતુ વૈશ્વિક પ્રવાસને કારણે તંત્ર કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવા માંગતું નથી. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી, ખાસ કરીને આફ્રિકન દેશોમાંથી આવતા મુસાફરોનું થર્મલ સ્ક્રિનિંગ અને હેલ્થ મોનિટરિંગ વધારી દેવામાં આવ્યું છે.

પાક્કો ગુજરાતનો સંદેશ: રોગચાળા સામે ગભરાટ ફેલાવવાને બદલે જાગૃતિ રાખવી એ જ સાચો ઈલાજ છે. કોઈપણ શંકાસ્પદ લક્ષણો જણાય તો તબીબી સલાહ લેવી હિતાવહ છે.

# 22 લાખ વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ, 1 વર્ષમાં પડી જશે NDA સરકાર!

## નીટ પેપર લીક મામલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર તીખા પ્રહારો કર્યા

નવી દિલ્હી

નીટ પેપર લીક મામલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર તીખા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યુ કે જ્યાં સુધી મજબૂત વ્યવસ્થા નહીં બને ત્યાં સુધી કોંગ્રેસનું આંદોલન ચાલુ રહેશે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર પ્રહારો કર્યા, અને કહ્યું કે કોંગ્રેસ ત્યાં સુધી શાંત નહીં બેસે જ્યાં સુધી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, અને પરીક્ષાની પદ્ધતિને પારદર્શક અને સુરક્ષિત નહીં બનાવે.



રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હૈદરાબાદના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો એક વીડિયો શેર કર્યો છે. જેમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પેપરલીકને લઈને નારેબાજી કરીને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર સામે પણ વિદ્યાર્થીઓ નારેબાજી કરતા જોવા મળી રહ્યા છે. રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં કહ્યુ છે કે, લાખો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હોય, 22 લાખ વિદ્યાર્થીનું ભવિષ્ય દાવ પર લાગ્યુ હોય અને વડાપ્રધાન ચૂપ રહે, તો એ વાત સ્પષ્ટ છે કે સરકાર જવાબ આપવાના બદલે બચાવ કરવામાં લાગી છે. તેમણે કહ્યુ છે કે, જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે અને નીટ જેવા પેપરલીકને રોકવામાં મજબૂત અને ફુલપ્રુફ વ્યવસ્થા લાગૂ નહીં કરે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ યથાવત રહેશે. મહત્વનું છે કે કોંગ્રેસ સતત નીટ-યુજી પરીક્ષા રદ્દ થવાને પગલે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી રહી છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને સુરક્ષા બનાવી રાખવામાં નિષ્ફળ નીવડી છે.

આ તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાહુલ ગાંધીને NDA સરકાર પાડવા વાળા નિવેદન પર પલટવાર કર્યો છે. નાગપુરમાં મીડિયા સાથે વાતચીત કરતા ફડણવીસે કહ્યું કે રાહુલ ગાંધીની વાતો માત્ર 'મુંગેરીલાલના હસીન સપના' જેવી છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીનો દાવો છે કે મોદી સરકાર 1 વર્ષની અંદર પડી જશે તે સંપૂર્ણ કાલ્પનિક અને દિવાસ્વપ્ન સમાન છે. મહત્વનું છે કે નાગપુરમાં ગોદામ લોજિસ્ટીક પાર્કના ઉદ્ઘાટન સમારોહમાં ફડણવીસ પહોંચ્યા હતા. જ્યાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. જ્યાં તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની નવી લોજિસ્ટીક્સ નીતિના કારણે નાગપુર દેશનું મુખ્ય લોજિસ્ટીક હબ બનવા જઈ રહ્યુ છે. મુખ્યમંત્રીએ એ પણ કહ્યુ કે આધુનિક લોજિસ્ટીક્સ પાર્ક બનવાથી ઉદ્યોગો પરનું ભારણ ઘટશે અને ભારતીય કંપનીઓ વૈશ્વિક સપ્લાય ચેનમાં અધિક પ્રતિસ્પર્ધી બનશે.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની મોટી જાહેરાત

# ભવિષ્યમાં માત્ર 25 રૂપિયા પ્રતિ લિટરમાં દોડશે વાહનો!

નવી દિલ્હી



દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવો વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સામાન્ય જનતાને મોટી રાહત આપતું એક સનસનાટીભર્યું નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે આવનારા સમયમાં વાહનો માટેનું ઈંધણ ઘણું સસ્તું બની જશે અને લોકો માત્ર અંદાજે ૨૫ રૂપિયા પ્રતિ લિટરના ખર્ચે વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ કરીને પોતાના વાહનો દોડાવી શકશે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના જણાવ્યા અનુસાર, સરકાર હાલમાં પરંપરાગત પેટ્રોલ-ડીઝલના બદલે ઈથેનોલ, બાયોગેસ, ગ્રીન હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિક એનર્જી જેવા પર્યાવરણ અનુકૂળ વિકલ્પો પર ખૂબ જ ઝડપથી કામ કરી રહી છે. ખાસ કરીને ઈથેનોલ આધારિત ફ્યુઅલને તેઓ ભારતની અર્થવ્યવસ્થા માટે ગેમ ચેન્જર ગણાવી રહ્યા છે. શેરડી, મકાઈ અને કૃષિના કચરામાંથી બનતું ઈથેનોલ દેશના ખેડૂતોની આવકમાં મોટો વધારો કરશે અને વિદેશથી મંગાવાતા મોંઘા પેટ્રોલ પરની ભારતની નિર્ભરતામાં મોટો ઘટાડો લાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે ભવિષ્યમાં ભારતના બજારોમાં ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો સામાન્ય બની જશે. આ ખાસ પ્રકારના વાહનોમાં પેટ્રોલની જગ્યાએ ઈથેનોલ મિશ્રિત ઈંધણનો ઉપયોગ સરળતાથી થઈ શકશે.

# મોંઘવારીના મોરચે બહુ મોટા રાહતના સમાચાર: ક્રૂડ ઓઇલ સસ્તું થઇ શકે છે!

## ટ્રમ્પનો દાવો – ઈરાન યુદ્ધ બંધ થવાનો કરાર લગભગ ફાઇનલ, મુસ્લિમ દેશોના નેતાઓ સાથે થઇ સીધી વાત

નવી દિલ્હી

ભારત સહિત સમગ્ર વિશ્વ માટે મોંઘવારીના મોરચેથી એક અત્યંત રાહત આપનારા સમાચાર સામે આવી રહ્યા છે. આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ (કિચન અને પેટ્રોલિયમ ઉત્પાદનોનું કાચું તેલ) ના ભાવમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક સનસનાટીભર્યો દાવો કરતા જણાવ્યું છે કે, મધ્ય-પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલું ઈરાન યુદ્ધ હવે બંધ થવાના આરે છે અને યુદ્ધવિરામનો કરાર લગભગ ફાઈનલ થઈ ગયો છે. ટ્રમ્પના આ નિવેદન બાદ વૈશ્વિક શેરબજાર અને ઓઈલ માર્કેટમાં મોટી હલચલ શરૂ થઈ ગઈ છે.




લાંબા સમયથી ઈરાન અને તેની આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના સપ્લાય પર માઠી અસર પડી રહી હતી, જેના કારણે તેલના ભાવ આસમાને પહોંચ્યા હતા. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે તેમણે આ યુદ્ધનો અંત લાવવા માટે પર્સનલ ઈન્ટરેસ્ટ લીધો છે. ટ્રમ્પે આરબ અને અન્ય પ્રભાવશાળી મુસ્લિમ દેશોના ટોચના નેતાઓ સાથે સઘન ચર્ચા-વિચારણા કરી છે. આ કૂટનીતિક વાટાઘાટો હવે સફળ સાબિત થઈ રહી છે અને યુદ્ધવિરામ માટે તમામ પક્ષો સહમત થયા હોવાનો દાવો કરાયો છે. ભારત પોતાની જરૂરિયાતનું અંદાજે ૮૦ થી ૮૫ ટકા ક્રૂડ ઓઈલ વિદેશથી આયાત (ઈમ્પોર્ટ) કરે છે. જો ટ્રમ્પના આ દાવા મુજબ ઈરાન યુદ્ધ સત્તાવાર રીતે બંધ થાય છે, તો ભારતને સીધો અને બહુ મોટો ફાયદો થશે: પેટ્રોલ-ડીઝલ સસ્તા થશે: આંતરરાષ્ટ્રીય બજારમાં બેરલ દીઠ ક્રૂડના ભાવ ઘટતાં જ ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો થઈ શકે છે.

# કર્ણાટકમાં ભયાનક હોનારત: નદીમાં છીપલાં વીણવા ગયેલી 7 મહિલાઓ સહિત 8ના મોત

નવી દિલ્હી

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં રવિવારે એક દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલી વેંકટપુરા નદીમાં કેટલાક લોકો છીપલાં વીણવા ગયા હતા, પરંતુ અચાનક નદીમાં પાણી વધી જતાં 7 મહિલા સહિત 8 લોકોનાં ડૂબી જવાથી મોત થયાં છે. આ કરુણ અકસ્માત ભટકલ તાલુકાના શિરાલી, ટટ્ટી હક્કલ વિસ્તારમાં સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર, સ્થાનિક વિસ્તારના 14 લોકો વેંકટપુરા નદીમાં છીપલાં વીણવા ગયા હતા. નદી અને દરિયાકાંઠાની આસપાસ વસતા પરિવારો માટે આજીવિકા મેળવવાની આ એક પરંપરાગત રીત છે. પરંતુ, આ પ્રવૃત્તિ દરમિયાન નદીમાં અચાનક પાણીનું સ્તર અને વહેણ વધી જતાં તમામ લોકો પાણીના તેજ પ્રવાહમાં તણાઈ ગયા હતા.

આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં 7 મહિલાઓ અને 1 પુરુષ સહિત કુલ 8 લોકોનાં મોત નીપજ્યાં છે. નદીના પ્રવાહમાં વહી ગયેલા લોકોમાંથી અન્ય એક મહિલા અને એક પુરુષ હજુ પણ ગુમ છે, જેમને શોધવા માટે વહીવટતંત્ર દ્વારા નદીમાં વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

# બિહારમાં લગ્ન મંડપમાં અજીબોગરીબ હંગામો: લગ્નની વિધિ વખતે જ વરરાજા બદલાઈ જતાં કન્યા પક્ષ ચોંક્યો

પટના

બિહાર રાજ્યમાંથી અવારનવાર લગ્નને લગતા અજીબોગરીબ કિસ્સાઓ સામે આવતા રહે છે, ત્યારે હાલમાં વધુ એક એવો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેને સાંભળીને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. બિહારના એક ગામમાં લગ્ન મંડપમાં સાત ફેરા લેવાની તૈયારીઓ ચાલી રહી હતી તે જ સમયે અચાનક વરરાજા બદલાઈ જતાં ભારે હોબાળો મચી ગયો હતો. કન્યા પક્ષના લોકોએ આ છેતરપિંડી પકડી પાડીને મંડપમાં બેઠેલા નકલી વરરાજાને બંધક બનાવી દીધો હતો. મળતી વિગતો મુજબ, લગ્નની જાન બહુ ધૂમધામથી કન્યાના ઘરે આવી પહોંચી હતી. સ્વાગત અને જનવાસની તમામ વિધિઓ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ ગઈ હતી. ત્યારબાદ જ્યારે વરરાજાને લગ્નના મુખ્ય મંડપમાં વિધિ માટે બેસાડવામાં આવ્યો, ત્યારે કન્યા પક્ષની મહિલાઓ અને સગા-સંબંધીઓની નજર વરરાજાના ચહેરા પર પડી હતી. જે વરરાજાનો ફોટો લગ્ન નક્કી કરતી વખતે બતાવવામાં આવ્યો હતો, મંડપમાં બેઠેલો યુવક તે નહોતો પરંતુ કોઈ બીજો જ હતો. વરરાજા બદલાયો હોવાની વાત મંડપમાં વાયુવેગે



પ્રસરતા જ હોબાળો મચી ગયો હતો. કન્યા પક્ષના લોકોએ તાત્કાલિક લગ્નની વિધિઓ અટકાવી દીધી હતી અને વરરાજાના પરિવારજનોને આ બાબતે આકરા સવાલો પૂછવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન મામલો બિચકતા અસલી વરરાજા અને તેના કેટલાક સંબંધીઓ મોકો જોઈને ત્યાંથી ભાગી છૂટ્યા હતા. આનાથી કન્યા પક્ષનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને તેમણે મંડપમાં બેઠેલા નકલી વરરાજાને પકડીને એક રૂમમાં બંધક બનાવી દીધો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વરરાજા પક્ષ દ્વારા કન્યા પક્ષને અંધારામાં રાખીને કોઈ ખામીવાળા કે અન્ય યુવક સાથે લગ્ન કરાવી દેવાનું મોટું કાવતરું ઘડવામાં આવ્યું હતું. કન્યા પક્ષે સ્પષ્ટ ચિમકી આપી છે કે જ્યાં સુધી લગ્નમાં થયેલો તમામ ખર્ચ વરરાજા પક્ષ પરત નહીં આપે અને અસલી વરરાજા સામે ન્યાય નહીં મળે ત્યાં સુધી નકલી વરરાજાને મુક્ત કરવામાં નહીં આવે. આ અનોખા હંગામાની ચર્ચા અત્યારે આખા પંથકમાં જોરશોરથી ચાલી રહી છે અને મામલો પોલીસ સ્ટેશને પહોંચે તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

### સોશિયલ મીડિયા પર ડિજિટલ પક્ષોનો નવો ટ્રેન્ડ

# કોકરોચ જનતા પાર્ટીને ટક્કર આપવા મેદાનમાં આવી 'ઓગી જનતા પાર્ટી..!'

નવી દિલ્હી

હાલના દિવસોમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વર્ચ્યુઅલ કે ડિજિટલ 'પાર્ટી' બનાવવાનો એક અનોખો અને રમુજી ટ્રેન્ડ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યો છે. આ ટ્રેન્ડમાં અત્યાર સુધી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) સૌથી વધુ લાઈમલાઈટમાં અને ચર્ચામાં રહી છે. આ ઓનલાઈન પાર્ટી બન્યાના ગણતરીના દિવસોમાં જ તેના ફોલોઅર્સનો આંકડો અંદાજે ૨૧.૫ મિલિયન એટલે કે ૨.૧૫ કરોડ સુધી પહોંચી ગયો છે, જેણે આખા ડિજિટલ વર્લ્ડમાં મોટી હલચલ મચાવી દીધી છે.

પરંતુ હવે સોશિયલ મીડિયાના આ રાજકીય જંગમાં કોકરોચ જનતા પાર્ટીને જોરદાર ટક્કર આપવા માટે એક નવા પક્ષની એન્ટ્રી થઈ છે, જેનું નામ 'ઓગી જનતા પાર્ટી' (OJP) રાખવામાં આવ્યું છે. જાણીતા કાર્ટૂન કેરેક્ટર 'ઓગી એન્ડ ધ કોકરોચીસ' પરથી પ્રેરણા લઈને બનેલી આ




નવી ઓનલાઈન પાર્ટીએ સોશિયલ મીડિયા પર સત્તાવાર એન્ટ્રી કરતાની સાથે જ ધમાકેદાર જાહેરાતો શરૂ કરી દીધી છે. ઓગી જનતા પાર્ટીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર સીધો પડકાર ફેંકતા લખ્યું છે કે, અમે કોકરોચોને વીણી વીણીને મારીશું. આ ઓનલાઈન યુદ્ધે યુઝર્સમાં ભારે કુતૂહલ અને મનોરંજન જગાવ્યું છે. આટલું જ નહીં, આ નવી ડિજિટલ પાર્ટીએ સોશિયલ મીડિયા પર અબોલા પ્રાણીઓ અને પક્ષીઓના કલ્યાણ માટે એક ખાસ ચૂંટણી ઢંઢેરો એટલે કે મેનિફેસ્ટો પણ જાહેર કર્યો છે, જેમાં પ્રાણીઓના અધિકારો અને સુવિધાઓની રમુજી વાતો કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર યુવાનો આ બંને વર્ચ્યુઅલ પાર્ટીઓના સમર્થનમાં મીમ્સ અને પોસ્ટ શેર કરી રહ્યા છે. મીડિયા એક્સપર્ટ્સનું કહેવું છે કે, આજકાલ યુવાનો રાજકીય પ્રક્રિયા અને ચૂંટણીના માહોલને એક અલગ જ કટાક્ષ અને મનોરંજનના ચશ્માથી જોઈ રહ્યા છે અને આ ટ્રેન્ડ તેનો જ એક ભાગ છે. હવે જોવાનું એ રહેશે કે આ ડિજિટલ જંગમાં આગામી દિવસોમાં ઓગી જનતા પાર્ટી કોકરોચ જનતા પાર્ટીના ૨ કરોડથી વધુ ફોલોઅર્સના રેકોર્ડને તોડી શકે છે કે નહીં.

### NEET પેપર લીક કરનારા સવાલો ગોખી લાવ્યા હતા!

# ન પુસ્તકો બહાર આવ્યા, ન અંદર ડિવાઈસ જવા દીધું; છતાં પણ NEET પેપર થઈ ગયું લીક

અમદાવાદ

દેશભરના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનાર NEET પરીક્ષાના પેપર લીક મામલે એક અત્યંત ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. આ વખતે પેપર લીક કરનારાઓએ કોઈ હાઈટેક ગેજેટ્સ, મોબાઈલ કે પુસ્તકોનો સહારો નથી લીધો, પરંતુ કાયદાની આંખમાં ધૂળ ઝોંકવા માટે આખી મોડસ ઓપરેન્ડી જ બદલી નાખી હતી. 'પાક્કો ગુજરાત'ના આ એક્સક્લૂસિવ અહેવાલમાં સામે આવ્યું છે કે, પેપર લીક કરનારા શાતિર શખ્સો પરીક્ષા કેન્દ્ર કે પ્રિન્ટિંગ પ્રેસમાંથી સવાલો બેઠા ગોખીને બહાર આવ્યા હતા અને ત્યારબાદ તેનું આખું નેટવર્ક ઓપરેટ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર મામલા સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, 'નીટ પેપર લીકે અમારો વર્ષો જૂનો ભરોસો તોડી નાખ્યો છે. જે લોકો વર્ષોથી અમારી સિસ્ટમ સાથે ખૂબ જ નજીકથી કામ કરી રહ્યા હતા અને જેમની વફાદારી પર




કોઈ શંકા નહોતી, તેમણે જ આ વખતે ગદ્દારી કરીને પેપર લીક કરી દીધા છે.' આ ઘટનાને પગલે સમગ્ર શૈક્ષણિક આલમ અને પરીક્ષા એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ છે. લિઝનિંગ અને સિક્યોરિટી ટીમના સભ્યો જ આ કાળા કારોબારમાં સામેલ હોવાના સંકેતો મળી રહ્યા છે.

સામાન્ય રીતે પેપર લીક કરવા માટે ફોટોગ્રાફ્સ પાડવામાં આવતા હોય છે અથવા તો ઝેરોક્સ કોપી બહાર મોકલવામાં આવતી હોય છે. જેના કારણે સિક્યોરિટી એજન્સીઓ ડિજિટલ ડિવાઈસ કે કાગળો પર કડક નજર રાખતી હોય છે. આ વખતે સુરક્ષા એટલી ચુસ્ત હતી કે ન તો કોઈ પુસ્તક કે કાગળ બહાર આવી શક્યા હતા, ન તો કોઈ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અંદર જવા દેવામાં આવ્યું હતું. છતાં પણ પેપર લીક થઈ ગયું! તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે, મજબૂત યાદશક્તિ ધરાવતા શખ્સોને પેપર સેટિંગ કે વેરિફિકેશન દરમિયાન માત્ર સવાલો જોઈને તેને બેઠા મગજમાં ગોખી લેવાનું કામ સોંપાયું હતું. આ લોકોએ બહાર આવીને સવાલો કાગળ પર ઉતાર્યા અને લાખો રૂપિયામાં તેનો સોદો કર્યો. આ પેપર ચોક્કસ કોણે-કોણે લીક કર્યું અને તેમાં કેટલા મોટા ગજાના માથાઓ સંડોવાયેલા છે, તેની કડીઓ મેળવવા માટે તપાસ એજન્સીઓ રાત-દિવસ એક કરી રહી છે. અત્યાર સુધીની પ્રાથમિક પૂછપરછમાં 'સવાલો ગોખીને લીક' કરાયા હોવાની થિયરી સૌથી વધુ મજબૂત દેખાઈ રહી છે.

# SCનો ફેક ઓર્ડર બતાવી જેલથી મુક્ત થયો આરોપી

## આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે જેલ ડાયરેક્ટર જનરલને ગુપ્ત ફરિયાદ મળી

નવી દિલ્હી

કર્ણાટકથી એક એવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જેણે જેલ પ્રશાસન અને કાનૂની વ્યવસ્થાની ઊંઘ ઉડાવી દીધી છે. કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવી લાગતી આ ઘટનામાં, આજીવન કેદની સજા કાપી રહેલો એક ખૂંખાર કેદી દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે, સુપ્રીમ કોર્ટના નકલી દસ્તાવેજો બતાવીને જેલમાંથી ફરાર થઈ ગયો! આ સનસનાટીપૂર્ણ ખુલાસો થતાં જ જેલ વિભાગમાં દોડધામ મચી ગઈ છે અને અંદરના જ અધિકારીઓની મિલીભગત તેમજ ગંભીર બેદરકારી અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કર્ણાટકની હાઈ-સિક્યોરિટી ગણાતી જેલમાંથી છેતરપિંડીનો એક એવો મોટો મામલો સામે આવ્યો છે, જેને સાંભળીને કાનૂની નિષ્ણાતો પણ દંગ રહી ગયા છે. આજીવન કેદની સજા કાપી રહેલો એક પાકો ગુનેગાર આશરે 8 વર્ષ પહેલાં સુપ્રીમ કોર્ટના નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બેંગલુરુની પરપ્પના અગ્રહારા સેન્ટ્રલ જેલમાંથી મુક્ત થઈ ગયો હતો. હવે આટલા વર્ષો પછી જ્યારે આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે, ત્યારે જેલ પ્રશાસનમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ સનસનાટીપૂર્ણ ઘટના પાછળની વિગત એવી છે કે વર્ષ 2001ના એક અપહરણ અને ખંડણીના કેસમાં શંકર અરમુગમ નામના આરોપીને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો. બેંગલુરુની ફાસ્ટ ટ્રેક કોર્ટે શંકરને આઈપીસીની કલમ 364A (ખંડણી માટે અપહરણ) અને કલમ 120B (ગુનાહિત કાવતરું) હેઠળ દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. પરંતુ, 13 નવેમ્બર 2018ના રોજ શંકરે જેલ સત્તાવાળાઓ સમક્ષ સુપ્રીમ કોર્ટના રાહત આપતા નકલી દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ કથિત કોર્ટ ઓર્ડર સાથે જોડાયેલો 10,000 રૂપિયાનો દંડ ભરીને તે ખૂબ જ આસાનીથી જેલની બહાર નીકળી ગયો અને જેલ પ્રશાસનને ગંધ સુદ્ધાં ન આવી.

### ટ્રમ્પ સરકારના કડક નિયમોથી H-1B વિઝા ધારકોના શ્વાસ અધ્ધર

# અમેરિકામાં 15 હજાર ભારતીયોની છટણી: નવી નોકરી ન મળતાં હવે ડિપોર્ટ થવાનું મોટું જોખમ..

નવી દિલ્હી

અમેરિકન ડ્રીમ (American Dream) પૂરું કરવા અને ઉજ્જવળ ભવિષ્યની આશા સાથે અમેરિકા ગયેલા હજારો ભારતીય આઈટી (IT) એન્જિનિયરો અને પ્રોફેશનલ્સ પર અત્યારે મુશ્કેલીના પહાડ તૂટી પડ્યા છે. અમેરિકાની અગ્રણી કંપનીઓમાંથી અચાનક જ ૧૫ હજારથી વધુ ભારતીય કર્મચારીઓની છટણી (Layoff) કરી દેવામાં આવી છે. આ તમામ પ્રોફેશનલ્સ H-1B વિઝા પર અમેરિકા ગયા હતા. ચિંતાની વાત એ છે કે અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વવાળી સરકાર દ્વારા વિદેશી નાગરિકો માટેના ઈમિગ્રેશન નિયમો અત્યંત કડક કરી દેવામાં આવ્યા હોવાને કારણે, આ યુવાનો સામે હવે વતન પરત ફરવા (ડિપોર્ટ થવા) નું ગંભીર જોખમ ઊભું થયું છે.

અમેરિકાના કાયદા મુજબ, જો કોઈ વ્યક્તિ H-1B વિઝા પર ત્યાં નોકરી કરતી હોય અને તેની છટણી થાય, તો તેને નવી નોકરી શોધવા માટે માત્ર ૬૦ દિવસનો 'ગ્રેસ પિરિયડ' (સમયગાળો) મળે છે. સમય મર્યાદાનો સામનો: જો કોઈ કર્મચારી આ ૬૦ દિવસની અંદર નવી નોકરી શોધીને બીજી કંપનીમાં વિઝા ટ્રાન્સફર ન કરાવી શકે, તો તેણે કાયદેસર રીતે અમેરિકા છોડવું પડે છે. બજારની મંદી: અત્યારે અમેરિકન આઈટી સેક્ટરમાં ચાલી રહેલી મંદી અને છટણીના દોર વચ્ચે આટલા ટૂંકા સમયમાં નવી નોકરી મેળવવી લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહી છે.

ટ્રમ્પના 'અમેરિકા ફર્સ્ટ' નિયમોથી મુશ્કેલી બેવડાઈ – 'પાક્કો ગુજરાત' વિશ્લેષણ

ટ્રમ્પ સરકારે સત્તામાં આવ્યા બાદ સ્થાનિક અમેરિકનોને રોજગારી આપવા માટે 'અમેરિકા ફર્સ્ટ' નીતિને વેગ આપ્યો છે. આ અંતર્ગત H-1B વિઝાના નિયમો, વેતન મર્યાદા અને વિઝા રિન્યુઅલની પ્રક્રિયા એટલી જટિલ બનાવી દેવામાં આવી છે કે અમેરિકન કંપનીઓ હવે વિદેશી કર્મચારીઓને હાયર (નોકરી પર રાખવાનું) કરવાનું ટાળી રહી છે. આ કડક વલણને કારણે જે ૧૫ હજાર ભારતીયોની નોકરી ગઈ છે, તેમને માર્કેટમાં નવા સ્પોન્સર કે નવી નોકરી મળી રહી નથી.

# શું તમે પણ બાઈક ચલાવતી વખતે ગળામાં બ્લૂટૂથ નેકબેન્ડ પહેરો છો?

## જો હા, તો થોભી જાવ! તમારી એક નાની ભૂલ તમારા માટે મોટી મુસીબત બની શકે છે

અમદાવાદ

આજકાલના ડિજિટલ યુગમાં વાહન ચલાવતી વખતે મ્યુઝિક સાંભળવાનો કે ફોન પર વાત કરવાનો યુવાધનમાં ખૂબ ક્રેઝ જોવા મળી રહ્યો છે. મોટાભાગના લોકો હેડફોન કે મોબાઈલ હાથમાં પકડવાના બદલે ગળામાં બ્લૂટૂથ નેકબેન્ડ પહેરવું સેફ માને છે. જો તમે પણ આવું જ વિચારી રહ્યા છો, તો સાવધાન થઈ જવાની જરૂર છે. તમારી આ આદત કેટલી ખતરનાક અને જીવલેણ હોઈ શકે છે, તે તાજેતરમાં બનેલી એક આંખ ઉઘાડનારી ઘટના પરથી સાબિત થાય છે.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં જ બાઈક પર જઈ રહેલા એક યુવકના ગળામાં પહેરેલું બ્લૂટૂથ નેકબેન્ડ અચાનક ચાલુ બાઈકે બ્લાસ્ટ થયું હતું. આ બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે તેના લીધે યુવકના કપડામાં આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં યુવકને ગળા તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે અને તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો છે.

આ ઘટના આપણને એ સમજાવે છે કે સસ્તા, લોકલ કે ખરાબ ક્વોલિટીના ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કેટલો જોખમી સાબિત થઈ શકે છે. ખાસ કરીને ઉનાળાની આકરી ગરમીના સમયમાં અને સતત ઓવરચાર્જિંગ કે વધુ પડતા ઉપયોગથી આવા બેટરીવાળા સાધનો ગરમ (ઓવરહીટ) થઈને ગમે ત્યારે ફાટી શકે છે. જ્યારે આ સાધન તમારા ગળા જેવા સંવેદનશીલ ભાગની બિલકુલ નજીક હોય, ત્યારે જોખમ સો ગણું વધી જાય છે.

આ ઉપરાંત, બાઈક ચલાવતી વખતે કાનમાં સતત મ્યુઝિક વાગતું હોવાથી આજુબાજુના વાહનોના હોર્ન સંભળાતા નથી, જે અકસ્માતને સીધું આમંત્રણ આપે છે. વાહન ચલાવતી વખતે તમારું સો ટકા ધ્યાન માત્ર અને માત્ર રસ્તા પર જ હોવું જોઈએ.


## તંત્રી લેખ...

# તું યાદ બહુ આવે છે, કાશ યાદ સાથે તું પણ આવે!

સંબંધોમાં ક્યારેક એવો વળાંક આવી જાય છે જ્યાં વાતો બંધ થઈ જાય છે, પણ યાદોનો સિલસિલો ક્યારેય અટકતો નથી. પ્રેમમાં હોવું એ એક અહેસાસ છે, પણ કોઈની પ્રતીક્ષામાં હોવું અને તેની જૂની યાદો સાથે જીવવું એ એક સાધના છે. આજે 'પાક્કો ગુજરાત'ની આ ખાસ કોલમમાં અમે લઈને આવ્યા છીએ એક એવા જ અજાણ્યા પ્રેમીના દિલનો આર્તનાદ, જે પોતાની અધૂરી લાગણીઓને શબ્દોનું રૂપ આપીને પોતાના વ્હાલમને સાદ દઈ રહ્યો છે.

સવાર તો અત્યારે પણ પહેલાંની જેમ જ પડે છે, સૂરજ એ જ ગતિથી ઉગે છે અને પક્ષીઓ પણ એ જ રીતે કલરવ કરે છે. પરંતુ, એ સવારની સાથે જે એક વસ્તુ બદલાઈ ગઈ છે, તે છે તારો કોલ. એક સમય હતો જ્યારે દિવસની શરૂઆત તારા અવાજ સાથે થતી હતી અને આજે દિવસ તો શરૂ થાય છે, પણ દિલમાં એક ખાલીપો રહી જાય છે. સવાર પડતાં જ એ ફોનની સ્ક્રીન તરફ નજર જવી અને તારા કોલની રાહ જોવી, એ હવે રોજની આદત બની ગઈ છે. ઓફિસ જતાં પહેલાં કે ઘરમાં બેસીને સાથે ચા પીવાના એ બહાના હવે માત્ર સ્મરણોમાં જ કેદ થઈ ગયા છે.

ક્યારેક મનમાં એવો સવાલ થાય છે કે કાશ, જિંદગીમાં લાગણીઓ અને પરિસ્થિતિઓની પણ કોઈ એક્સચેન્જ ઓફર હોત! જો એવું શક્ય હોત તો એક દિવસ માટે 'તું' એ 'હું' બની




જાત અને 'હું' એ 'તું' બની જાત. ત્યારે કદાચ તને સમજાયું હોત કે કોઈની રાહ જોવામાં કેટલી વેદના છુપાયેલી હોય છે. તારા મુખેથી એ સાંભળવા માટે કાન તરસતા રહે છે કે, નહી ફાવે તારા વિના કે નહી ચાલે. ક્યારેક તો આ ભીતરની અણબોલી લાગણીને સમજવાનો પ્રયત્ન કર યાર!

એ વાત સાચી છે કે માણસ માત્ર ભૂલને પાત્ર છે. મારાથી પણ આ સંબંધમાં ઘણી ભૂલો થઈ હશે, ક્યારેક અણસમજણમાં ગુસ્સો પણ થઈ ગયો હશે. પરંતુ, એ ગુસ્સાની પાછળ રહેલા અઢળક પ્રેમને ઓળખજે. પ્રેમના આ પવિત્ર સંબંધમાંથી મારા એ ગુસ્સાને બાદ કરી દેજે અને માત્ર એ વ્હાલને જ યાદ રાખજે જે મેં તને આપ્યો છે. હું જિંદગીના ગમે તે વળાંક પર હોઉં, તારી રાહ જોવાનું ક્યારેય નહી છોડું. તું પણ ક્યારેક મને ફરીથી મળવાની ઝંખના કરજે.

આ વિશાળ અને અનેરી દુનિયામાં તને ઘણા લોકો મળશે, પણ જ્યારે કોઈ તને મારા જેવો નિઃસ્વાર્થ પ્રેમ કરે ત્યારે તું મને ચોક્કસ યાદ કરજે. તું કદાચ મારાથી દૂર હોઈ શકે, પણ મારી તો હરપળમાં, મારા દરેક શ્વાસમાં તારો જ વાસ છે. જ્યારે પણ તને આપણા પ્રેમની વીતેલી એ સુંદર પળો યાદ આવે, ત્યારે તારા ચહેરા પર એક નાનકડું સ્મિત પાથરી દેજે, બસ એ જ મારી મહોબ્બતની જીત હશે. અને હા, જિંદગીના કોઈ પણ તબક્કે જો તને એવો અહેસાસ થાય કે મેં કરેલો પ્રેમ એકદમ સાચો અને પવિત્ર હતો, તો બસ મારા એ પ્રેમ પર અને મારા પર તારો વિશ્વાસ પાછો મૂકી દેજે. હું ત્યાં જ હોઈશ જ્યાં તું મને છોડીને ગઈ હતી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જાહેર સ્થળો પરથી રખડતા કૂતરાં દૂર કરવાનો સુપ્રીમનો કડક આદેશ, ભારતમાં દર વર્ષે 37 લાખ જેટલા ડોગ બાઈટના કેસો

૪૫ ડિગ્રી ગરમીમાં કે ધોધમાર વરસાદમાં કે કડકડતી ઠંડીમાં રખડતા કૂતરાંની મદદે કોર્ટની મદદ કરવા કોઇ આદેશ નથી આવતો પણ માનવતા મદદે આવે છે.માનવતા બજારમાં વેચાતી નથી પણ દરેક માનવતા પડેલી હોય છે. દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હોય એમ લાગે છે. મેટ્રો સિટી, ટાઉન અને નાના ગામડા. મેટ્રો સિટીમાં રખડતા કૂતરા માટે કોઇ સ્થાન નથી. તેમને પકડીને જંગલોમાં છોડી દેવાય છે જ્યાં તે ભૂખે તરસે મોતને ભેટે છે. ટાઉન અને ગામડામાં તેમને માનથી જોવામાં આવે છે. જો કે બીજી તરફ કૂતરાં કરડવાની સમસ્યા હકીકતે ગંભીર છે. ભારતમાં દર વર્ષે ૩૭ લાખ જેટલા ડોગ બાઈટના (કૂતરા કરડવાના)કેસો નોંધાય છે. એટલેકે રોજ અંદાજે ૧૦,૦૦૦ જેટલા ડોગબાઇટના કેસો બને છે. માનવજાત સાથે સદીઓથી રહેતા કૂતરાને ભગવાન દત્તાત્રયે ૨૪ ગુરૂઓ પૈકી એકનું પદ આપ્યું છે. પરંતુ હવે કૂતરા તરફનો અપ્રોચ બદલાઇ ગયો છે. સુપીમ કોર્ટે જાહેર સ્થળો પરથી કૂતરાં પકડવાનો કડક આદેશ આપ્યો છે તે આવકાર્ય છે પરંતુ માનવ વસાહત સાથે સદીઓથી રહેતા કૂતરાંની સમસ્યા સાંભળનાર કોઇ નથી. મેનકા ગાંધી જેવા નેતાઓ મૂંગા પ્રણીઓની સેવા કરતા આવ્યા છે. કૂતરાંઓની સેવા કરતી અનેક સંસ્થાઓ કોર્ટના ચૂકાદા પર આંસુ સારી રહી છે. સનાતન ધર્મ અબોલ જીવોની સેવા સાથે જોડાયેલો છે. કૂતરાના ખસીકરણને અમાનવીય કહેવાયું છે પરંતુ તેમની વસ્તી ઘટાડવાનો તે એક ઉત્તમ ઉપાય સાબિત થયો છે. સુપ્રીમ કોર્ટનો આદેશ માનવજાતને થતી હેરાનગતી અટકાવવાનો છે. કૂતરાં કરડવાના અનેક વિડીયો જોઇને ડર લાગે છે. પાંચ સાત કૂતરા નાના બાળકને પીંખી નાથે ત્યારે કૂતરાં ખતમ કરી નાખવાનું યોગ્ય લાગે છે. ટાઉન લેવલે કૂતરા હડેહડે થાય છે છતાં તેમને લોકો નિયમિત ખાવાનું આપે છે. તેમના માટે પાણી મુકવામાં આવે છે. એનિમલ વેલફેર સંસ્થાઓ તેમની સારવાર પણ કરે છે. અનેક સેવાભાવીઓ કૂતરાઓને દૂધ પીવડાવતા જોવા મળે છે. ટાઉન લેવલ અને ગામડાઓમાં કૂતરા તરફનો પ્રેમ જોવા મળે છે. ગરમીમાં તેમના માટે પાણી, વરસાદમાં તેમને ઓટલા પર આશરો અપાય છે જ્યારે ઠંડીમાં તેમના માટે કાપડના ગાભામાંથી વિશેષ ગોદડી પાથરીને તેમને હૂંફ મળે તેવું આયોજન કરાય છે.



ગામડામાં કૂતરૃં એ ઘરના સભ્ય સમાન હોય છે. તે ચોકીદારીનું કામ કરે છે. ગામડામાં ખેતરમાં ભાથું લઈને જતી કોઇ મહિલાનું ચિત્ર જોશો તો તેમાં મહિલાએ કેડમાં બાળક રાખ્યું હશે.માથે ઘાસનો ભારો હશે અને તેની આગળ કે પાછળ કૂતરૃં ચાલતું હશે.ગામડામાં બાળકો સાથે કૂતરાં રમતાં જોવા મળે છે. શહેરનું બાળક કૂતરાને જોઈને ગભરાય છે. જ્યારે ગામડાનું બાળક કૂતરા સાથે દોસ્તી કરીને તેના કાન આમળતું જોવા મળે છે. પાળેલા કૂતરાં કરતાં શેરી કૂતરૃં વધુ શક્તિશાળી અને વધુ વફાદાર હોય છે. તે સોસાયટી કે પોળના દરેક લોકોને ઓળખે છે. પોતાની શેરીના કૂતરાંને કોઇ પથ્થર મારે તો મારામારી થતી હોવાના ઉદાહરણો જોવા મળે છે કેમકે તે માનવ વસાહતના એક અંગ સમાન ગણાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રાણી પ્રેમ પ્રતિ માનવીય અભિગમના એક ભાગ રૂપે તાજેતરમાં પાળેલા કૂતરાં માટે વિશેષ સ્મશાન બનાવ્યું છે. એક સમય હતો કે જ્યારે ઘરફોડ ચોરો ત્રાટકે તે પહેલાં શેરીમાં કેટલા કૂતરાં છે અને જે ઘરમાં ચોરી કરવાની છે ત્યાં કેટલા કૂતરાં છે તેની રેકી કરીને માહિતી મેળવતા હતા. આજે ઘરફોડ ચોરોની જગ્યાએ સાયબર ક્રિમિનલો આવી ગયા છે. પોતાના માલિકને ડિજીટલ એરેસ્ટના ટ્રેપમાંથી કૂતરો બચાવી શકતો નથી. ગામડામાં બહુ ઘરફોડો ચોરો આવે છે માટે ત્યાં કૂતરાને માન સાથે રાખવામાં આવે છે. ઘરમાં પહેલી રોટલી શેરીના કૂતરા અને શેરીની ગાય માટે રાખવામાં આવતી હતી. જેને ગાય-કૂતરાંનું કાઢવું એમ કહેવાતું હતું. તે સંસ્કૃતિના એક ભાગ સમાન હતું. તે પ્રથા શહેરોમાં હવે ગાયના અભાવે બંધ થઇ ગઇ છે, હવે શેરી કૂતરાંને ટાર્ગેટ કરાઈ રહ્યા છે. કેમકે શેરી કૂતરાઓથી લોકો ડરવા લાગ્યા છે. અનેક શહેરોમાં વાનરોનો ત્રાસ પાછળનું કારણ કપાતા જંગલો દર્શાવાય છે. વાનરોને રહેવાની જગ્યા કપાઇ માટે તે શહેર તરફ આવ્યા પરંતુ કૂતરાના ત્રાસ પાછળનું કોઇ કારણ જોવા મળતું નથી. કૂતરાં તો દાયકાઓથી માણસ જાત સાથે રહેતા આવ્યા છે. તે વફાદારી અને પ્રેમ સિવાય બીજું કશું આપી શકતા નથી. સુપ્રીમ કોર્ટનો ચૂકાદો આવકાર્ય છે પરંતુ સિક્કાની બીજી બાજુ જોવાની દરકાર નથી કરાઇ એવું પ્રાણી પ્રેમીઓ માની રહ્યા છે. ૪૫ ડિગ્રી ગરમીમાં કે ધોધમાર વરસાદમાં કે કડકડતી ઠંડીમાં રખડતા કૂતરાંની મદદે કોર્ટની મદદ કરવા કોઇ આદેશ નથી આવતો પણ માનવતા મદદે આવે છે.માનવતા બજારમાં વેચાતી નથી પણ દરેક માનવતા પડેલી હોય છે. દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હોય એમ લાગે છે. મેટ્રો સિટી, ટાઉન અને નાના ગામડા. મેટ્રો સિટીમાં રખડતા કૂતરા માટે કોઇ સ્થાન નથી. તેમને પકડીને જંગલોમાં છોડી દેવાય છે જ્યાં તે ભૂખે તરસે મોતને ભેટે છે. ટાઉન અને ગામડામાં તેમને માનથી જોવામાં આવે છે. જો કે બીજી તરફ કૂતરાં કરડવાની સમસ્યા હકીકતે ગંભીર છે. ભારતમાં દર વર્ષે ૩૭ લાખ જેટલા ડોગ બાઇટના (કૂતરા કરડવાના)કેસો નોંધાય છે. એટલેકે રોજ અંદાજે ૧૦,૦૦૦ જેટલા ડોગબાઇટના કેસો બને છે. માનવજાત સાથે સદીઓથી રહેતા કૂતરાને ભગવાન દત્તાત્રયે ૨૪ ગુરૂઓ પૈકી એકનું પદ આપ્યું છે. પરંતુ હવે કૂતરા તરફનો અપ્રોચ બદલાઇ ગયો છે. સુપીમ કોર્ટે જાહેર સ્થળો પરથી કૂતરાં પકડવાનો કડક આદેશ આપ્યો છે તે આવકાર્ય છે પરંતુ માનવ વસાહત સાથે સદીઓથી રહેતા કૂતરાંની સમસ્યા સાંભળનાર કોઇ નથી. મેનકા ગાંધી જેવા નેતાઓ મૂંગા પ્રણીઓની સેવા કરતા આવ્યા છે. કૂતરાંઓની સેવા કરતી અનેક સંસ્થાઓ કોર્ટના ચૂકાદા પર આંસુ સારી રહી છે. સનાતન ધર્મ અબોલ જીવોની સેવા સાથે જોડાયેલો છે. કૂતરાના ખસીકરણને અમાનવીય કહેવાયું છે પરંતુ તેમની વસ્તી ઘટાડવાનો તે એક ઉત્તમ ઉપાય સાબિત થયો છે. સુપ્રીમ કોર્ટનો આદેશ માનવજાતને થતી હેરાનગતી અટકાવવાનો છે. કૂતરાં કરડવાના અનેક વિડીયો જોઇને ડર લાગે છે. પાંચ સાત કૂતરા નાના બાળકને પીંખી નાથે ત્યારે કૂતરાં ખતમ કરી નાખવાનું યોગ્ય લાગે છે. ટાઉન લેવલે કૂતરા હડેહડે થાય છે છતાં તેમને લોકો નિયમિત ખાવાનું આપે છે. તેમના માટે પાણી મુકવામાં આવે છે. એનિમલ વેલફેર સંસ્થાઓ તેમની સારવાર પણ કરે છે. અનેક સેવાભાવીઓ કૂતરાઓને દૂધ પીવડાવતા જોવા મળે છે. ટાઉન લેવલ અને ગામડાઓમાં કૂતરા તરફનો પ્રેમ જોવા મળે છે. ગરમીમાં તેમના માટે પાણી, વરસાદમાં તેમને ઓટલા પર આશરો અપાય છે જ્યારે ઠંડીમાં તેમના માટે કાપડના ગાભામાંથી વિશેષ ગોદડી પાથરીને તેમને હૂંફ મળે તેવું આયોજન કરાય છે. ગામડામાં કૂતરૃં એ ઘરના સભ્ય સમાન હોય છે. તે ચોકીદારીનું કામ કરે છે. ગામડામાં ખેતરમાં ભાથું લઈને જતી કોઇ મહિલાનું ચિત્ર જોશો તો તેમાં મહિલાએ કેડમાં બાળક રાખ્યું હશે.માથે ઘાસનો ભારો હશે અને તેની આગળ કે પાછળ કૂતરૃં ચાલતું હશે.ગામડામાં બાળકો સાથે કૂતરાં રમતાં જોવા મળે છે. શહેરનું બાળક કૂતરાને જોઇને ગભરાય છે. જ્યારે ગામડાનું બાળક કૂતરા સાથે દોસ્તી કરીને તેના કાન આમળતું જોવા મળે છે. પાળેલા કૂતરાં કરતાં શેરી કૂતરૃં વધુ શક્તિશાળી અને વધુ વફાદાર હોય છે. તે સોસાયટી કે પોળના દરેક લોકોને ઓળખે છે. પોતાની શેરીના કૂતરાંને કોઇ પથ્થર મારે તો મારામારી થતી હોવાના ઉદાહરણો જોવા મળે છે કેમકે તે માનવ વસાહતના એક અંગ સમાન ગણાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રાણી પ્રેમ પ્રતિ માનવીય અભિગમના એક ભાગ રૂપે તાજેતરમાં પાળેલા કૂતરાં માટે વિશેષ સ્મશાન બનાવ્યું છે. એક સમય હતો કે જ્યારે ઘરફોડ ચોરો ત્રાટકે તે પહેલાં શેરીમાં કેટલા કૂતરાં છે અને જે ઘરમાં ચોરી કરવાની છે ત્યાં કેટલા કૂતરાં છે તેની રેકી કરીને માહિતી મેળવતા હતા. આજે ઘરફોડ ચોરોની જગ્યાએ સાયબર ક્રિમિનલો આવી ગયા છે. પોતાના માલિકને ડિજીટલ એરેસ્ટના ટ્રેપમાંથી કૂતરો બચાવી શકતો નથી.

# તાપમાન વધવા પર વધતો ગુસ્સો, ચીડિયાપણું

ઉનાળામાં તાપમાન વધવા પર મોટાભાગના લોકો થાક, ચીડિયાપણું કે ઓછી ઊંઘ જેવી સમસ્યાઓ અનુભવે છે. ઘણીવાર કામમાં ધ્યાન ઓછું થઈ જાય છે, વાત-વાત પર ગુસ્સો આવે છે કે વગર કારણે બેચેની વધે છે. હીટ વેવ કે સતત ઊંચા તાપમાનથી સ્ટ્રેસ લેવલ, ઊંઘની સમસ્યાઓ અને મૂડ સ્વિંગ્સ સંબંધિત કેસ વધી શકે છે. 'ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એન્વાયર્નમેન્ટલ રિસર્ચ એન્ડ પબ્લિક હેલ્થ'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, ઉનાળામાં મેન્ટલ હેલ્થ ડિપાર્ટમેન્ટના કેસ 8% સુધી વધી જાય છે. ઉનાળામાં વધુ તાપમાન હોવાને કારણે શરીરને ઠંડુ રાખવા માટે વધુ ઊર્જા ખર્ચ થાય છે, જેનાથી થાક અને ચીડિયાપણું વધી શકે છે. ડિહાઈડ્રેશન થઈ શકે છે, જેનાથી ફોકસ અને યાદશક્તિ પર ખરાબ અસર પડે છે. બ્રેઈનમાં સેરોટોનિન અને ડોપામાઈન જેવા ફીલ ગુડ હોર્મોન્સનું સંતુલન બગડી શકે છે. તેનાથી મૂડ સ્વિંગ, બેચેની અને ગુસ્સો વધવાની શક્યતા રહે છે. સ્લીપ ક્વોલિટી ખરાબ થઈ શકે છે, જે બ્રેઈન ફંક્શનને અસર કરે છે. લાંબા સમય સુધી હીટ એક્સપોઝરથી નિર્ણય લેવાની ક્ષમતા અને ફોકસ પણ નબળું પડી શકે છે. ગરમીની અસર બ્રેઈન અને ઈમોશન્સ પર પણ પડે છે. તેનાથી ડિહાઈડ્રેશન, ઊંઘની કમી અને હોર્મોનલ બદલાવ જેવી સમસ્યાઓ થઈ શકે છે. તેનાથી કઈ મેન્ટલ હેલ્થ સમસ્યાઓ થઈ શકે છે,

અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન અનુસાર, હીટ વેવના સમયે માનસિક તણાવ અને ચીડિયાપણું વધી શકે છે. વધુ ગરમીથી શરીરનું થર્મોરેગ્યુલેશન સિસ્ટમ સતત સક્રિય રહે છે, જેનાથી માનસિક થાક વધે છે. રાત્રે પણ તાપમાન વધુ રહેવાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે, જે મૂડને અસર કરે છે. ડિહાઈડ્રેશનથી બ્રેઈન સેલ્સ સુધી બ્લડ અને ઓક્સિજન સપ્લાય પ્રભાવિત થઈ શકે છે, જેનાથી વિચારવાની ક્ષમતા ઘટે છે. શરીરમાં ફ્લુઈડ ઓછું થવાથી ફોકસ અને એલર્ટનેસમાં ઘટાડો અનુભવાય છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનના કારણે લો એનર્જી અને માનસિક સુસ્તી વધી શકે છે. ઈમોશનલ કંટ્રોલ નબળો પડી શકે છે, જેનાથી ગુસ્સો કે ઉદાસી ઝડપથી આવે છે. લાંબા સમય સુધી ડિહાઈડ્રેશનથી કન્ફ્યુઝન અને ચીડિયાપણું પણ વધી શકે છે. માનસિક અને વર્તન સંબંધિત કેટલાક ફેરફારો એવા હોય છે, જે દર્શાવે છે કે બ્રેઈન અને ઈમોશન્સ પર દબાણ વધી રહ્યું છે. હીટ સ્ટ્રેસથી આ લક્ષણો વધુ સ્પષ્ટ અને ગંભીર બની શકે છે. વધુ ગરમીને કારણે આ સમસ્યાઓ વધી શકે છે. મુદ્દાઓમાં સમજો- પરસેવા સાથે ઈલેક્ટ્રોલાઈટ ગુમાવવાથી મગજનું કાર્ય અને મૂડ નિયંત્રણ પ્રભાવિત થઈ શકે છે. તીવ્ર પ્રકાશ અને દિવસો લાંબા થવાથી સર્કેડિયન રિધમ બગડી શકે છે, જેનાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે. ડિહાઈડ્રેશનને કારણે એકાગ્રતા અને ચિંતા જેવી સમસ્યાઓ વધી શકે છે. વધુ પડતો થાક અને ઓછી ઊર્જા ડિપ્રેશનના લક્ષણોને ટ્રિગર કરી શકે છે. ઉનાળામાં વધુ શારીરિક પ્રવૃત્તિથી મગજ પર તણાવના હોર્મોન્સ વધી શકે છે. વધુ કેફીન કે સુગરવાળા પીણાં લેવાથી મૂડ સ્વિંગ્સ અને હૃદયના ધબકારા વધી શકે છે. મોડી રાત સુધી સ્ક્રીનનો ઉપયોગ કરવાથી મેલાટોનિનનું પ્રકાશન ઘટે છે અને ઊંઘનું ચક્ર બગડે છે. અનિયમિત ભોજન કે જંક ફૂડથી બ્લડ સુગરમાં વધઘટ થાય છે, જે ભાવનાત્મક સ્થિરતાને અસર કરે છે. એસી અને બહારની ગરમી વચ્ચે વારંવાર સંપર્કમાં આવવાથી શરીર પર એડજસ્ટમેન્ટ સ્ટ્રેસ વધે છે.

# યુદ્ધમાં ફસાયેલા અમેરિકાની પેટ્રોડોલરની બેઠી કમાણી પર પુતિન-જિનપિંગની નજર

**૧૯૭૦ના દશકામાં પહેલી વખત પેટ્રોલિયમની અછત સર્જાઈ હતી. એક તરફ વાહનો વધતા જતા હતા. ઈન્ડસ્ટ્રીનો વિકાસ થઈ રહ્યો હતો અને તેના કારણે ડીઝલની ડિમાન્ડમાં વધારો થયો હતો. અમેરિકાએ પેટ્રોલિયમના રિઝર્વ જથ્થા માટે વ્યવસ્થા ગોઠવી હતી અને તેનું અનુકરણ અન્ય દેશો કરવા માંડયા હતા. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે લાંબાં યુદ્ધો ચાલ્યા તેની અસર પણ પેટ્રોલિયમના પ્રોડક્શન પર પડી હતી. - પેટ્રોલ-ડીઝલનો વેપાર ડોલરમાં થાય એવી ડીલ કરીને અમેરિકાએ ૫૦ વર્ષ પહેલાં માસ્ટરસ્ટ્રોક માર્યો હતો. પુતિન-જિનપિંગની લેટેસ્ટ મુલાકાત પછી નવેસરથી એ મુદ્દે ચર્ચા છેડાઈ ગઈ છે**

૧૯૭૦ના દશકામાં પહેલી વખત પેટ્રોલિયમની અછત સર્જાઈ હતી. એક તરફ વાહનો વધતા જતા હતા. ઈન્ડસ્ટ્રીનો વિકાસ થઈ રહ્યો હતો અને તેના કારણે ડીઝલની ડિમાન્ડમાં વધારો થયો હતો. અમેરિકાએ પેટ્રોલિયમના રિઝર્વ જથ્થા માટે વ્યવસ્થા ગોઠવી હતી અને તેનું અનુકરણ અન્ય દેશો કરવા માંડયા હતા. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે લાંબાં યુદ્ધો ચાલ્યા તેની અસર પણ પેટ્રોલિયમના પ્રોડક્શન પર પડી હતી. અમેરિકામાં ડોલરની સ્થિતિ થોડી ડામાડોળ થઈ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી ડોલર સેન્ટ્રિક ઈકોનોમી થઈ તો ગઈ, પરંતુ ડોલરના બદલામાં અમેરિકાએ સોનું આપવું પડતું હતું. એટલે કે જો કોઈ દેશ ડોલર અમેરિકાને પાછા આપે તો અમેરિકાએ તેના બદલામાં નક્કી કરેલી કિંમતનું સોનું આપવું પડે એવી ગોઠવણ હતી. અમેરિકાના અર્થશાસ્ત્રીઓએ એમાંથી બહાર નીકળવાનો રસ્તો કાઢી આપ્યો. અમેરિકાએ તે દશકામાં સત્તાવાર જાહેરાત કરી દીધી કે ડોલરના બદલામાં અમેરિકા સોનું આપવા બંધાયેલું નથી. ડોલરની વેલ્યૂએશન બધા દેશો પોતાના ચલણમાં કરવા માંડયા. આટલું કર્યા પછી અમેરિકાએ બીજું કામ પેટ્રોડોલરનું કર્યું. અમેરિકાએ વિશ્વના સૌથી મોટા ક્રૂડ નિકાસકાર દેશ સાઉદી અરબ સાથે એક મહત્વપૂર્ણ સોદો કર્યો. સાઉદી અરબને લેટેસ્ટ ટેકનોલોજી આપવા ઉપરાંત સાઉદીમાં વિવિધ ક્ષેત્રમાં માતબર રોકાણ કરવાના બદલામાં અમેરિકાએ પેટ્રોડોલર નામનો કરાર કર્યો. કરાર પ્રમાણે સાઉદી અરબ દુનિયામાં કોઈપણ દેશને પેટ્રોલિયમ વેચે તો સોદો ડોલરમાં થાય એવી વ્યવસ્થા થઈ. દુનિયાના કોઈ પણ ખૂણે આવેલો દેશ પેટ્રોલિયમ ખરીદી કરે તો એના બદલામાં એ દેશે સાઉદીને ડોલરમાં જ પેમેન્ટ કરવાનું રહેતું. સાઉદી સૌથી મોટું ક્રૂડ ઉત્પાદન હોવાથી સાઉદીના કરારની જેમ જ બીજા અખાતી દેશોએ પણ અમેરિકા સાથે એવો કરાર કરી લીધો. કોઈને પણ ક્રૂડ ખરીદવું હોય તો પેમેન્ટ ડોલરમાં આપવું ફરજિયાત હતું. મોટાભાગના ક્રૂડ ઉત્પાદક, ક્રૂડ નિકાસકાર કંપનીઓએ જગત જમાદાર અમેરિકાની વાત માની લીધી. એમ કહો કે અમેરિકાએ એક નહીં તો બીજી રીતે પોતાની ડીલ કરાવી લીધી. તેના પરિણામે બે-ચાર વર્ષમાં સ્થિતિ એવી સર્જાઈ ગઈ કે દુનિયાના કોઈ પણ દેશની સરકારોએ કે કંપનીઓએ પેટ્રોલિયમની ખરીદી કરવાની હોય તો ચૂકવણું ડોલરથી જ કરવું પડતું. આ અનિવાર્ય વ્યવસ્થા થઈ ગઈ. તેનાથી અમેરિકન અર્થતંત્રને ખૂબ મજબૂતી મળી ગઈ. દુનિયાભરમાં ક્રૂડનો સોદો ડોલરમાં થવા લાગ્યો એટલે અમેરિકાના ડોલરનું મૂલ્ય વધી ગયું. બધા દેશોને ક્રૂડઓઈલની ખરીદી માટે ડોલરની જરૂર પડવા માંડી. પોતાની કરન્સી આપીને ભારત જેવા મોટા ક્રૂડ આયાતકાર દેશોએ ડોલર ખરીદવાનું શરૂ કર્યું. ડોલર એક્સચેન્જના કારણે અમેરિકન કરન્સીનો દબદબો વધ્યો. ક્રૂડ ઉપરાંતના સોદા પણ ડોલરમાં થવા લાગ્યા. વિશ્વનું અર્થતંત્ર ડોલર આધારિત થવા માંડયું અને તેનો સીધો ફાયદો અમેરિકાને મળ્યો. છેલ્લાં



૫૦-૫૫ વર્ષથી આ જ સિસ્ટમ ચાલે છે. પાંચેક દશકામાં અમેરિકા વધુને વધુ આર્થિક સદ્ધર થયું. દુનિયાના કોઈ પણ ખૂણે બે દેશો વચ્ચે ક્રૂડઓઈલનું ખરીદ-વેચાણ થાય અને એમાં અમેરિકાની કોઈ જ ભૂમિકા ન હોય છતાં અમેરિકાને ફાયદો થાય છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકન ડોલર મજબૂત થયો તેના ઘણાં કારણો જવાબદાર હતા. વિશ્વયુદ્ધ પછી એક કરન્સીના આધારે વિશ્વના વેપારને પ્રોત્સાહન આપવા મોટાભાગના દેશો તૈયાર થયા હતા. વિશ્વયુદ્ધ પછી અમેરિકા વિજેતા બનીને ઉભરી આવ્યું અને તમામ વૈશ્વિક સંગઠનોને માતબર ફંડ આપવા લાગ્યું એટલે અમેરિકા તરફી નિર્ણય લેવાય એ તો જાણે સમજ્યા, પરંતુ ૧૯૭૦ આસપાસ જ્યારે અમેરિકા-રશિયા વચ્ચે કોલ્ડવોર ચાલતું હતું ત્યારે જો પેટ્રોડોલરનો કરાર ન થયો હોત તો કદાચ આજે અમેરિકા જે આર્થિક ઊંચાઈએ છે એ કદાચ ન હોત. પેટ્રોડોલરના સોદાના દોઢ-બે દશકામાં જ રશિયાનું પતન થયું. રશિયાને અમેરિકાનો આ માસ્ટરસ્ટ્રોક હંમેશા ખૂંચતો રહ્યો. અમેરિકાની રશિયા પેટ્રોડોલરની બેઠી કમાણી બંધ થાય તે માટે રશિયાએ એકથી વધુ વખત પ્રયાસો કર્યા, પરંતુ એમાં સફળતા મળી નહીં. ઓપેક સંગઠન ક્રૂડના ભાવ-તાલ નક્કી કરે છે. એમાં રશિયા સહિત ક્રૂડ ઉત્પાદક બધા દેશો સામેલ છે. રશિયાએ ઓપેકના માધ્યમથી પણ ડોલરનો વિકલ્પ તલાશવાની કોશિશો કરી જોઈ, પરંતુ અમેરિકાએ મિડલ ઈસ્ટમાં એવા મજબૂત મૂળિયા બનાવ્યા છે કે અમેરિકાના ગાઢ સહયોગીઓ રશિયાની ગણતરી ઊંધી વાળતા રહે છે. ને એવા સમયે રશિયાને આ પ્રોજેક્ટ પાર પાડવામાં નવો, સ્ટ્રોંગ સાથી મળ્યો છે. જેનું નામ છે - ચીન. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગનો ટાર્ગેટ એક જ છે - અમેરિકા. બંનેની સીધી સ્પર્ધા અમેરિકા સાથે છે. અમેરિકાની અનેક થિંક ટેંક ચીનના વધતા પ્રભાવની ચિંતા વ્યક્ત કરે છે. એવા સમયે ચીન-રશિયા ભેગા મળીને કેટલાય સમયથી અમેરિકાને આર્થિક ફટકો પાડવાની વેતરણમાં છે. અમેરિકા આર્થિક રીતે નબળું પડે તો જ તેનો વૈશ્વિક દબદબો ઘટે. બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટન દુનિયાભરમાં નબળું પડયું એમ જો અમેરિકા નબળું પડે તો જ ચીન-રશિયાની દુનિયામાં સૌથી શક્તિશાળી બનવાની મહાત્વાકાંક્ષા પૂરી થાય. તેના ભાગરૂપે જ ચીન-રશિયા આંતરિક પેમેન્ટ સિસ્ટમની જુદી વ્યવસ્થા બનાવવા માંગે છે. અત્યારે સોસાયટી ફોર વર્લ્ડવાઈડ ઈન્ટરબેંક ફાઈનાન્શિયલ ટેલિકોમ્યુનિકેશન નામની બેંકથી કરન્સીમાં વેપારની ગોઠવણ ચાલે છે. ૩૦ મિનિટમાં જ મોટા મોટા ટ્રાન્ઝેક્શન થઈ જાય તેવી ખાસ વ્યવસ્થા આ બેંકે ગોઠવી છે. રશિયા-ચીન આ વ્યવસ્થાને બદલે પોતાની નવી પેમેન્ટ સિસ્ટમ બનાવવા માંગે છે. સિસ્ટમ ફોર ટ્રાન્સફર ઓફ ફાયનાન્શિયલ મેસેજીસ નામની સિસ્ટમ રશિયન સેન્ટ્રલ બેંકે વિકસાવી છે. ચીને પણ એવી જ સિસ્ટમ વિકસાવી છે. જેનું નામ છે સીઆઈપીએસ. આ બંને સિસ્ટમ ડોલરના અસ્તિત્વ વગર એકબીજા સાથે લેવડદેવડ કરવા સક્ષમ છે. આ બંને સિસ્ટમની મદદથી રશિયા-ચીન મળીને પેટ્રોડોલરની પદ્ધતિ ખતમ કરવા ધારે છે. અગાઉ પણ બંને દેશોના વડા આને લઈને ગુપ્ત ચર્ચા કરી ચૂક્યા છે. પુતિન ચીનના પ્રવાસે ગયા ત્યારે તેમના વચ્ચે ફરીથી આ મુદ્દે ચર્ચા થઈ હોવાના અહેવાલો સૂત્રોને ટાંકીને રજૂ થયા છે.

બ્રિક્સમાં આવી વ્યવસ્થા લાગુ પાડવાની રશિયા-ચીનની ગણતરી છે, પરંતુ ભારતે હાલ પૂરતી બ્રેક મારી છે. ભારતે ડીડોલરાઈઝેશનનું સમર્થન કર્યું નથી. ઈરાન યુદ્ધના કારણે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ બરાબર ફસાયા છે. અમેરિકામાં મોંઘવારી ચાર વર્ષની ટોચે છે. રાજકીય રીતે પણ ટ્રમ્પ ઘેરાયા છે. તેનો ફાયદો લેવાનો આ શ્રેષ્ઠ સમય છે એમ માનીને રશિયા-ચીને ફરીથી પેટ્રોડોલરની સિસ્ટમને તોડી પાડવાની કવાયત શરૂ કરી છે. ભારત, બ્રાઝિલ, સાઉથ આફ્રિકા જેવા દેશો જો માની જાય તો રશિયા-ચીન રાતો-રાત અમેરિકાની બેઠી આવક બંધ કરી શકે તેમ છે. ૧૯૭૦ના દશકામાં પહેલી વખત પેટ્રોલિયમની અછત સર્જાઈ હતી. એક તરફ વાહનો વધતા જતા હતા. ઈન્ડસ્ટ્રીનો વિકાસ થઈ રહ્યો હતો અને તેના કારણે ડીઝલની ડિમાન્ડમાં વધારો થયો હતો. અમેરિકાએ પેટ્રોલિયમના રિઝર્વ જથ્થા માટે વ્યવસ્થા ગોઠવી હતી અને તેનું અનુકરણ અન્ય દેશો કરવા માંડયા હતા. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે લાંબાં યુદ્ધો ચાલ્યા તેની અસર પણ પેટ્રોલિયમના પ્રોડક્શન પર પડી હતી. અમેરિકામાં ડોલરની સ્થિતિ થોડી ડામાડોળ થઈ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી ડોલર સેન્ટ્રિક ઈકોનોમી થઈ તો ગઈ, પરંતુ ડોલરના બદલામાં અમેરિકાએ સોનું આપવું પડતું હતું. એટલે કે જો કોઈ દેશ ડોલર અમેરિકાને પાછા આપે તો અમેરિકાએ તેના બદલામાં નક્કી કરેલી કિંમતનું સોનું આપવું પડે એવી ગોઠવણ હતી. અમેરિકાના અર્થશાસ્ત્રીઓએ એમાંથી બહાર નીકળવાનો રસ્તો કાઢી આપ્યો. અમેરિકાએ તે દશકામાં સત્તાવાર જાહેરાત કરી દીધી કે ડોલરના બદલામાં અમેરિકા સોનું આપવા બંધાયેલું નથી. ડોલરની વેલ્યૂએશન બધા દેશો પોતાના ચલણમાં કરવા માંડયા. આટલું કર્યા પછી અમેરિકાએ બીજું કામ પેટ્રોડોલરનું કર્યું. અમેરિકાએ વિશ્વના સૌથી મોટા ક્રૂડ નિકાસકાર દેશ સાઉદી અરબ સાથે એક મહત્વપૂર્ણ સોદો કર્યો. સાઉદી અરબને લેટેસ્ટ ટેકનોલોજી આપવા ઉપરાંત સાઉદીમાં વિવિધ ક્ષેત્રમાં માતબર રોકાણ કરવાના બદલામાં અમેરિકાએ પેટ્રોડોલર નામનો કરાર કર્યો. કરાર પ્રમાણે સાઉદી અરબ દુનિયામાં કોઈપણ દેશને પેટ્રોલિયમ વેચે તો સોદો ડોલરમાં થાય એવી વ્યવસ્થા થઈ.

પાક્કો ગુજરાત
સોમવાર । 25 મે 2026 । અમદાવાદ

### ડભોઇના વસઇ ગામમાં વિકાસના નામે વહીવટી લીંપણ

# લાખના ખર્ચે બનેલો હવાડો એક જ વર્ષમાં બિસ્માર!

**ડભોઇ**

રાજ્યભરમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે અને સૂર્યદેવ આકરા પાણીએ થયા છે, ત્યારે માણસો સહિત મૂંગા પશુ-પક્ષીઓને પાણીની સૌથી વધુ જરૂરિયાત હોય છે. આવી કપરી પરિસ્થિતિમાં ડભોઇ તાલુકાના વસઇ ગામના નવીનગરી વિસ્તારમાંથી તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગામમાં પશુ-પક્ષીઓને પીવા માટે અને સ્થાનિક મહિલાઓને કપડાં ધોવા માટે લાખો રૂપિયાના સરકારી ખર્ચે બનાવવામાં આવેલો ઓજ (હવાડો) તદ્દન બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. પરિણામે, સ્થાનિકો સહિત અબોલા જીવો ભરઉનાળે ટીંપા પાણી માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, વસઈ ગામની નવીનગરીમાં આશરે રૂપિયા ૧ લાખથી વધુના સરકારી ખર્ચે આ ઓજ (હવાડો) બનાવવામાં આવ્યો હતો. આ સરકારી કામને હજુ માંડ એક વર્ષ જેટલો સમય પણ થયો નથી, ત્યાં જ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરની નબળી કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. હલકી ગુણવત્તાના મટીરિયલના બેફામ વપરાશને કારણે આ નવોનક્કોર ઓજ અનેક જગ્યાએથી તૂટી ગયો છે અને તેમાં મોટા-મોટા ગાબડાં પડી ગયાં છે.

'ઓજમાં પાણી ભરતાની સાથે જ તે બધી જગ્યાએથી લીક (પીરાણો) થઈ જાય છે. પરિણામે લાખો રૂપિયાનો ધુમાડો કરવા છતાં આ હવાડામાં એક ટીપુંય પાણી ટકતું નથી!'

હાલ મે મહિનાની ધોમધખતી ગરમી ચાલી રહી છે. પક્ષીઓ અને રખડતા પશુઓ પાણીની શોધમાં ભટકતા હોય છે. ગામમાં પશુઓની તરસ છિપાવવા માટે જ આ વ્યવસ્થા ઊભી કરાઈ હતી, પરંતુ કોન્ટ્રાક્ટરની લાપરવાહીને લીધે મોંઘા પશુ-પક્ષીઓને તરસ્યા રહેવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત, ગામની મહિલાઓને કપડાં ધોવા માટે પણ પાણી ઉપલબ્ધ ન થતાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગ્રામજનો સવાલ ઉઠાવી રહ્યા છે કે, જો આવા અણીના સમયે જ આ સુવિધા કામ ન આવે, તો લાખો રૂપિયાના ખર્ચે કરેલો આ વિકાસ કયા કામનો?

વસઇ ગામના નાગરિકોમાં આ નબળા કામને લઈને ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકમુખે ચર્ચા છે કે જો આ સરકારી કામની ઉચ્ચ કક્ષાએથી ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, તો મટીરિયલની ગુણવત્તા અને ભ્રષ્ટાચારની ઘણી મોટી પોલ ખુલ્લી પડી શકે તેમ છે.

ભ્રષ્ટ અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક કાનૂની પગલાં ભરવામાં આવે.

પશુ-પક્ષીઓ તેમજ ગ્રામજનોની સુવિધા માટે આ ઓજનું તાત્કાલિક ધોરણે રિપેરિંગ કરવામાં આવે.

યુદ્ધના ધોરણે હવાડામાં પાણીની વ્યવસ્થા શરૂ કરી અબોલા જીવોને રાહત આપવામાં આવે.



### રાજપીપળા અરવિંદ કેજરીવાલ સોમવારે પધારશે

# જિલ્લા પંચાયતમાં સૌ પ્રથમવાર આપના પ્રમુખ ઉપપ્રમુખની વરણી થશે

**રાજપીપળા**

ગુજરાત માં પ્રથમ વખત આમ આદમી પાર્ટી એ નર્મદા જિલ્લા પંચાયતમાં ભવ્ય વિજય મેળવ્યો છે.ત્યારે તા 25,/5/26ના રોજ સોમવારે જિલ્લા પંચાયતમાં સૌ પ્રથમ વાર આપના પ્રમુખ ઉપપ્રમુખની વરણી થશે.



આ ઐતિહાસિક જીત નિમિત્તે ભવ્ય "વિજય યાત્રા"રોડ શો નું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિજય યાત્રા રોડ શોમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ,ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીજી તથા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા ની વિશેષ ઉપસ્થિતિ રહેશે.અને નવા પ્રમુખ ઉપ પ્રમુખને અભિનંદન આપશે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, પદાધિકારીઓ અને જનતા જોડાશે.સાંજે સાંજે ૪ કલાકે ગાંધીચોક થી સંતોષ ચોકડી રાજપીપળા માં ભવ્ય રોડ શો યોજાશે જેના સ્વાગતની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# ડભોઇ-સંખેડા રોડ પર આવેલું બોરીયાદ બસ સ્ટેશન બિસ્માર: રોડથી 5 ફૂટ નીચે ગરકાવ, મુસાફરો રામભરોસે

### ચોમાસું માથે છતાં તંત્ર ઘોર નિદ્રામાં, ગંદકીના સામ્રાજ્ય વચ્ચે મુસાફરો રોડ પર ઊભા રહેવા મજબૂર

**ડભોઇ**

ડભોઇ તાલુકાના બોરીયાદ ગામનું એસ.ટી. બસ સ્ટેશન હાલ પોતાની દયનીય સ્થિતિ પર આંસુ સારી રહ્યું છે. ડભોઇ અને સંખેડાને જોડતા મુખ્ય માર્ગ પર આવેલું આ બસ સ્ટેશન અત્યારે માત્ર નામ પૂરતું જ રહી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આસપાસના અનેક ગામોના લોકો ડભોઇ કે સંખેડા જવા માટે આ ડેપો પર નિર્ભર છે, પરંતુ અહીં પાયાની સુવિધાઓનો તદ્દન અભાવ જોવા મળી રહ્યો છે.

મુખ્ય માર્ગ નવો બનવાના કારણે બોરીયાદનું બસ સ્ટેશન રોડના સ્તરથી અંદાજે 5 ફૂટ જેટલું નીચે જતું રહ્યું છે.

જેના કારણે મુસાફરો માટે ડેપોની અંદર પ્રવેશવું પણ મુશ્કેલ બન્યું છે. ડેપોની હાલત એટલી ખરાબ છે કે ત્યાં મુસાફરોને બેસવા માટે બાંકડા પણ નથી. બસની રાહ જોતા વડીલો, મહિલાઓ અને



વિદ્યાર્થીઓએ કલાકો સુધી ધોમધખતા તાપમાં રોડ પર ઊભા રહેવું પડે છે.

સુવિધાના અભાવે આ બસ સ્ટેશન હવે ઉકરડો બની ગયું છે. આસપાસના લોકો અહીં કચરો ફેંકી રહ્યા હોવાથી ગંદકીના ગંજ ખડકાયા છે અને અસહ્ય દુર્ગંધ મારી રહી છે, જેનાથી સ્થાનિકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે.

હવે ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે જો આ ડેપોની સ્થિતિ આવી જ રહી, તો રોડ પરથી વહેતું પાણી 5 ફૂટ નીચે આવેલા આ ડેપોમાં ભરાઈ જશે અને આખોય વિસ્તાર બેટમાં ફેરવાઈ જશે. સ્થાનિક ગ્રામજનોની માંગ છે કે તંત્ર જાગે અને ચોમાસું શરૂ થાય તે પહેલાં અહીં નવું અને ઊંચું બસ સ્ટેશન બનાવવામાં આવે. હવે જોવાનું એ રહ્યું કે એસ.ટી. નિગમ અને વહીવટી તંત્ર આ ગંભીર સમસ્યાની નોંધ લઈને કુંભકર્ણની નિદ્રામાંથી ક્યારે જાગશે?

### ગારિયાધારના શિવેન્દ્રનગરમાં મહિલા સાથે

# છેતરપિંડી આચરનાર જામનગરની બંટી-બબલીની જોડીને કોર્ટે ફટકારી સજા

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકામાંથી વિશ્વાસઘાત અને છેતરપિંડીના એક કેસમાં કોર્ટે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. ગારિયાધારના શિવેન્દ્રનગરમાં રહેતી એક મહિલા પાસેથી લગ્નમાં પહેરવાના બહાને સોના-ચાંદીના કિંમતી દાગીના મેળવી, તેને જામનગરમાં વેચી મારીને ગુનાહિત છેતરપિંડી આચરવાના ગુનામાં ગારિયાધાર કોર્ટે જામનગરની એક મહિલા અને તેના સાગરીત શખ્સને બે વર્ષની સખત કેદની સજા ફટકારી જેલ ભેગા કરવાનો હુકમ કર્યો છે.

આ ચકચારી કેસની વિગત એવી છે કે,



ગારિયાધાર તાલુકાના શિવેન્દ્રનગર વિસ્તારમાં રહેતી એક મહિલા પાસે જામનગરની આ ઠગ જોડી આવી હતી. તેમણે પરિચયનો લાભ ઉઠાવી, લગ્નપ્રસંગમાં પહેરવાના બહાને ભોગ બનનાર મહિલા પાસેથી સોના તેમજ ચાંદીના કિંમતી ઘરેણાં લીધા હતા. ઘરેણાં લીધા બાદ આ બંને શખ્સો ગારિયાધારથી રફુચક્કર થઈ ગયા હતા અને પરત આવ્યા નહોતા. ભોગ બનનાર મહિલાએ જ્યારે પોતાના ઘરેણાંની ઉઘરાણી કરી ત્યારે આ બંને લોભામણા વાયદા આપીને સમય પસાર કરતા રહ્યા હતા. મહિલાને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં આ મામલે કાયદાકીય કલમો હેઠળ ગારિયાધાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરતા સામે આવ્યું હતું કે, જામનગરની આ બંટી-બબલીની જોડીએ ગારિયાધારથી પડાવેલા સોના-ચાંદીના તમામ ઘરેણાં જામનગરમાં વેચી મારીને રોકડી કરી લીધી હતી. પોલીસે આ મામલે મજબૂત પુરાવાઓ એકત્ર કરીને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ છેતરપિંડીનો કેસ ગારિયાધારની કોર્ટ સમક્ષ ચાલવા પર આવ્યો હતો. સરકારી વકીલની ધારદાર દલીલો અને પોલીસ દ્વારા રજૂ કરાયેલા પંચનામા તેમજ સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખીને કોર્ટે જામનગરની આ મહિલા અને તેના સાગરીત શખ્સને દોષિત જાહેર કર્યા હતા. કોર્ટે બંને આરોપીઓને બે વર્ષની સખત કેદની સજા અને સાથે જ પાંચ હજાર રૂપિયાનો રોકડ દંડ ફટકારતો કડક આદેશ કર્યો છે.

# નીતિન પટેલ બાદ હવે મયંક નાયકની કથિત ઓડિયો ક્લિપે મચાવ્યો ખળભળાટ

### સોશિયલ મીડિયા પોસ્ટ અને સંગઠનની આંતરિક લડાઇ ચૌટે ચડી

**મહેસાણા**

ગુજરાતના રાજકારણના એપીસેન્ટર ગણાતા મહેસાણા જિલ્લા ભાજપમાં ફરી એકવાર આંતરિક જૂથબંધી અને વિખવાદ જાહેરમાં આવ્યો છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નામના વિવાદો શાંત પડ્યા નથી, ત્યાં હવે ભાજપના પ્રદેશ અગ્રણી મયંક નાયકનું નામ ચર્ચાના ચગડોળે ચડ્યું છે. મહેસાણા ભાજપના નેતાઓ અને કાર્યકરો વચ્ચેની એક કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં જ સ્થાનિકથી લઈને પ્રદેશ રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. માત્ર એક સોશિયલ મીડિયા પોસ્ટ અને ત્યારબાદ ફોન પર થયેલા રાજકીય ધમાકાએ ભાજપ સંગઠનની શિસ્તના ધજાગરા ઉડાવી દીધા છે. મળતી માહિતી મુજબ, આ વિવાદની શરૂઆત સોશિયલ મીડિયા પર મૂકવામાં આવેલી એક સામાન્ય પોસ્ટથી થઈ હતી. મયંક નાયકના સમર્થન કે વિરોધમાં મૂકાયેલી આ પોસ્ટ મુદ્દે મહેસાણા ભાજપના બે પક્ષો સામસામે આવી ગયા હતા. ત્યારબાદ ફોન પર થયેલી વાતચીતની કથિત ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે, જેમાં નેતાઓ અંદરખાને એકબીજા પર આક્ષેપો કરતા અને સંગઠનની આંતરિક બાબતો ઉખેડતા સંભળાઈ રહ્યા છે. એક પછી એક વાયરલ થઈ રહેલી આ ઓડિયો ક્લિપોને કારણે ભાજપના આંતરિક મતભેદો હવે જનતાની વચ્ચે આવી ગયા છે. મહેસાણા હંમેશાથી ભાજપનો ગઢ રહ્યો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં પક્ષના વરિષ્ઠ નેતાઓ અને નવા જૂથ વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે:

શિસ્તબદ્ધ પાર્ટીના દાવાઓ ક્યાં ગયા?: સંગઠનની અંદરની વાતો અને અસંતોષ વારંવાર ઓડિયો ક્લિપના માધ્યમથી બહાર કેમ આવી રહ્યા છે? શું આ વિવાદ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સંગઠનમાં પોતાનું વર્ચસ્વ સાબિત કરવાની લડાઈનો એક ભાગ છે?

# રાણાવાવ બાયપાસ પરથી બોલેરામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ 804 રાણાવાવ પોલીસે ઝડપી પાડ્યો

### પોલીસના પીછા દરમિયાન બોલેરો મુકી અંધારાનો લાભ લઈ નાસી ગયો, રૂ.6.49 લાખનો મુદ્દામાલ કબ્જે

**ગોસા(ઘેડ)**

રાણાવાવ પોલીસ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં ભારતીય બનાવટ વિદેશી દારૂનો જથ્થો ભરેલી બોલેરો પીકઅપ ગાડી ઝડપી પાડી કુલ રૂ.૬,૪૯,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો, જ્યારે ગાડી ચાલક અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક.ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા જિલ્લામા પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને રાણાવાવ ડીવીઝન વિભાગના ના. પો.અધિ.ધ્રુવલ સી. સુતરીયાનાઓના માર્ગદર્શન હેઠળ કુતિયાણા પો.સ્ટે.ના પો.ઇન્સ. એમ.ડી. વાળા તથા રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી.ડાંગર દ્વારા કુતિયાણા તથા રાણાવાવ પોલીસ સ્ટાફ માણસોની કુતિયાણા તથા રાણાવાવ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં અલગ-અલગ ટીમો બનાવી પ્રોહી. પ્રવૂતિ કરતા ઈસમોને ત્યાં રેઈડો કરવા સુચના કરવામાં આવેલ જે અન્વયે રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી.મોરી તથા પોલીસ સ્ટાફના માણસો રાણાવાવ પોલીસે સ્ટેશ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કુતિયાણા પોલીસ સ્ટેશન ના પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.એસ.વાળા ને મળેલ બાતમી હકીકત આધારે કુતિયાણા તરફથી રાણાવાવ તરફ આવતી મહિન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નં. GJ-13-W-2250માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. બાતમીના આધારે રાણાવાવ બાયપાસ રોડ પર વિનયન કોલેજ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન સંદિગ્ધ બોલેરો આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી ન રોકી જામનગર ચોકડી તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ખાનગી વાહનો મારફતે પીછો કરતાં ગીરનારી અન્નક્ષેત્ર સામે ચાલકે ગાડી રોડ પર મૂકી અંધારામાં જાખરામાં નાસી છૂટ્યો હતો. પોલીસે પંચોની હાજરીમાં બોલેરો ચકાસતા તેમાં વિવિધ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્સ અને બાચકાઓ મળી આવ્યા હતા. જેમાં UNCLE TOM MINT & JAMUN FLAVOURED VODKA, UNCLE TOM GREEN APPLE FLAVOURED VODKA તથા ALL SEASONS GOLDEN COLLECTION RESERVE WHISKY બ્રાન્ડની કુલ ૮૦૪ બોટલો મળી આવી હતી.

# સાબરકાંઠામાં ફૂટી નીકળેલા સ્પા સેન્ટરો પાછળ કોણ? જનતામાં ઉઠ્યા ગંભીર સવાલો

### મસાજ અને થેરાપીના નામે ચાલતા આ સ્પા સેન્ટરો માત્ર આરામ આપવાનું કામ કરે છે કે પછી તેની આડમાં કંઈક બીજું જ રંધાઈ રહ્યું છે?

**હિંમતનગર/સાબરકાંઠા**

શાંત ગણાતા સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હિંમતનગર સહિતના શહેરી વિસ્તારોમાં હાઈવે અને શોપિંગ કોમ્પ્લેક્સોમાં સ્પા સેન્ટરોનો રાફડો ફાટ્યો છે. મસાજ અને થેરાપીના નામે ચાલતા આ સ્પા સેન્ટરો માત્ર આરામ આપવાનું કામ કરે છે કે પછી તેની આડમાં કંઈક બીજું જ રંધાઈ રહ્યું છે? તેવા ગંભીર સવાલો હવે સ્થાનિક જનતા અને જાગૃત નાગરિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે. સંસ્કારી ગણાતા આ પંથકમાં સ્પા કલ્ચરના નામે યુવાધનને બરબાદ કરવાનો કારસો કોણ રચી રહ્યું છે, તે તપાસનો વિષય બન્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સાબરકાંઠામાં ચાલતા કેટલાક સ્પા સેન્ટરોમાં સ્થાનિક યુવકો ઉપરાંત અન્ય રાજ્યોમાંથી યુવતીઓને બોલાવવામાં આવે છે. માત્ર નેલ-આર્ટ, મસાજ કે સ્કીન કેરના લાયસન્સ મેળવીને શરૂ કરાતા આ કેન્દ્રોમાં અંદરનું દ્રશ્ય કંઈક અલગ જ હોય છે. આ પાછળ કયું મોટું માથું કામ કરી રહ્યું છે? સ્થાનિક સ્તરે એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે કે કેટલાક વગદાર લોકો અને સફેદ કપડાં પહેરીને ફરતા તત્વો આ સ્પા સેન્ટરોના માલિકોના માથા પર હાથ રાખીને બેઠા છે, જેના કારણે કાયદાનો કોઈ ડર આ સંચાલકોને રહ્યો નથી. સ્પા સેન્ટરો માટે પોલીસ વેરિફિકેશન, ગ્રાહકોનું રજિસ્ટર આઈડી અને સીસીટીવી કેમેરા જેવા કડક નિયમો હોવા છતાં, તેનું પાલન કેટલા સેન્ટરોમાં થાય છે? સ્થાનિક તંત્ર કેમ મૌન?: હિંમતનગર જેવા વિસ્તારોમાં રહેણાંક કે વ્યાપારી કોમ્પ્લેક્સમાં ધમધમતા આ સ્પા સામે અનેકવાર મૌખિક ફરિયાદો ઉઠવા છતાં તંત્ર દ્વારા આકસ્મિક દરોડા પાડીને ઊંડી તપાસ કેમ કરવામાં આવતી નથી?

### લીમડી વિસ્તારમાં એલસીબીનો મોટો દરોડો

# બુટલેગરો પર પોલીસનો સિકંજો : 10 લાખથી વધુનો દારૂનો જથ્થો ઝડપાયો

**દાહોદ**

દાહોદ જિલ્લા એલસીબી ટીમે લીમડી પોલીસ મથક વિસ્તારમાં પ્રોહિબિશન વિરોધી અભિયાન અંતર્ગત સફળ કાર્યવાહી હાથ ધરી રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતો ઈંગ્લીશ દારૂ અને બિયરની મોટી ખેપ ઝડપી પાડી હતી. પોલીસે રૂ.10.07 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ એલસીબી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે રાજસ્થાન પાસિંગની રેનોલ્ટ ટ્રાઈબર કારમાં દારૂનો જથ્થો ભરી ઝાલોદ તરફથી કૂણી થઈ તારમી તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે કૂણી ગામ ચાર રસ્તા નજીક વોચ ગોઠવી હતી.

થોડા સમય બાદ બાતમી મુજબની કાર દેખાતા પોલીસે વાહન રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે કારચાલકે ભાગવાનો પ્રયાસ કરતા



પોલીસે કોર્ડન કરી વાહન ઝડપી પાડ્યું હતું. કારની તપાસ દરમિયાન ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ અને બિયરની પેટીઓ મળી આવી હતી.

પોલીસે કારમાંથી કુલ 41 પેટીઓમાં ભરેલો 1416 બોટલ-ટીનનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં કિંગફિશર બિયર તથા રોયલ સ્ટેગ વિસ્કીનો સમાવેશ થાય છે. ઝડપાયેલા દારૂ-બિયરની કિંમત રૂ.1.97 લાખ હોવાનું સામે આવ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ગવજીભાઈ ભાણજીભાઈ દેવાભાઈ નીનામા, જાલમભાઈ હાલુભાઈ જહુડાભાઈ નીનામા અને રાજેશભાઈ પ્રકાશભાઈ રૂફેંગભાઈ ડામોરને ઝડપી પાડ્યા હતા. ત્રણેય આરોપીઓ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે સામે આવ્યું છે કે દારૂનો જથ્થો રાજસ્થાનમાંથી ગુજરાતમાં સપ્લાય કરવા લાવવામાં આવી રહ્યો હતો. પોલીસે દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી રેનોલ્ટ ટ્રાઈબર કાર, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.10,07,520/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એલસીબીની આ કાર્યવાહી બાદ જિલ્લામાં સક્રિય બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# ઝાલોદ બસ સ્ટેશન પાસે IPL ક્રિકેટ સટ્ટો રમતા યુવક ઝડપાયો

**દાહોદ**

દાહોદ જિલ્લા એલ.સી.બી.ની ટીમે ઝાલોદ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ઝાલોદ બસ સ્ટેશન નજીકથી IPL ક્રિકેટ સટ્ટો રમતા એક યુવકને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી આશરે રૂ.1.35 લાખ કિંમતનો આઈફોન-17 પ્રો મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, એલ.સી.બી. દાહોદના અજયકુમાર જગાભાઈ તથા પોલીસ સ્ટાફ ઝાલોદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી બાતમી મળી હતી કે ઝાલોદ બસ સ્ટેશન નજીક એક વ્યક્તિ મોબાઈલ ફોન મારફતે ઓનલાઇન IPL ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં દરોડો પાડી એક શખ્સને મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો.

તપાસ દરમિયાન મોબાઈલમાં "ALLPANEL777. NOW" નામની લિંક ખુલ્લી જોવા મળી હતી, જેમાં IPLની રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝ હૈદરાબાદ વચ્ચે ચાલી રહેલી લાઈવ મેચનો સ્કોર તથા સટ્ટાની વિગતો જોવા મળી હતી. પૂછપરછમાં આરોપીએ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો હોવાની કબૂલાત કરી હતી.

# દાહોદ ST ડેપોમાં ડીઝલ ચોરીનો પર્દાફાશ: ડેપો મેનેજરે રાત્રે વોચ ગોઠવી ઝડપી પાડ્યો ડ્રાઈવર

**દાહોદ**

દાહોદ ST ડેપોમાંથી બસના ડીઝલની ચોરી થતી હોવાની શંકા વચ્ચે ઝાલોદ ST ડેપોના મેનેજર નિલેશભાઈ શંકરભાઈ જાતે. મુનીયાએ જાતે વોચ ગોઠવી ડીઝલ ચોરીનો પર્દાફાશ કરતા ST વિભાગમાં ચકચાર મચી જવા પામી છે. હાલ રાજ્યમાં ડીઝલ-પેટ્રોલના સતત વધી રહેલા ભાવ અને ઘણી જગ્યાએ પુરવઠાની તંગી વચ્ચે સરકારી સંપત્તિની આ પ્રકારની ચોરી ગંભીર બાબત માનવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ ઝાલોદ ST ડેપોના મેનેજર નિલેશભાઈ છેલ્લા 15 વર્ષથી GSRTCમાં ફરજ બજાવી રહ્યા છે અને હાલમાં ઝાલોદ ડેપો મેનેજર તરીકે કામગીરી કરી રહ્યા છે. તાજેતરમાં તેમને દાહોદ બસ ડેપોનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો હતો. ફરજ દરમિયાન તેઓએ દાહોદ ડેપોની બસોના ડીઝલ કેમ્પીયર અને માઈલેજની તપાસ કરતા દાહોદ-બિલવાણી રૂટ પર દોડતી નાઈટ લોકલ બસ નંબર GJ-18-Z-8641 ની માઈલેજમાં અસામાન્ય ઘટાડો નોંધાયો હતો.

આ બસ બિલવાણી ગામે રાત્રિ રોકાણ કરતી હોવાથી ડીઝલ ચોરી થતી હોવાની શંકા મજબૂત બનતા ડેપો મેનેજર નિલેશભાઈએ એ.ટી.આઈ. સલીમસદર ઈબ્રાહીમ દડી અને ગણપતસિંહ પ્રભાતસિંહ પરમાર સાથે મળીને ગુપ્ત વોચ ગોઠવી હતી.

તા. 22/05/2026 ની રાત્રે બિલવાણી ગામે બસ ઉભી હતી ત્યારે એક યુવાન પ્લાસ્ટિકનું કેન લઈને બસ પાસે આવ્યો હતો. આરોપ છે કે બસના ડ્રાઈવર રમેશભાઈ રસુભાઈ બારીયા તેની સાથે મળીને પાઈપ મારફતે બસમાંથી ડીઝલ કાઢીને કેનમાં ભરી રહ્યા હતા. તે દરમિયાન વોચમાં રહેલા અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી જતા કેન લઈને આવેલ યુવાન અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

પછી ડ્રાઈવર રમેશભાઈને પૂછપરછ કરતા તેણે ભાગી ગયેલો યુવાન પોતાનો પુત્ર મોહનભાઈ રમેશભાઈ બારીયા હોવાનું અને ઘરના ટ્રેક્ટરમાં ભરવા માટે ડીઝલ લઈ જતો હોવાનું કબૂલ્યાનું જાણવા મળ્યું હતું.

સ્થળ પરથી અંદાજે 30 લીટર જેટલું સરકારી ડીઝલ, જેની કિંમત આશરે રૂ. 2,880 ગણાય છે, ભરેલું પ્લાસ્ટિક કેન મળી આવ્યું હતું. ત્યારબાદ બસ ડ્રાઈવર રમેશભાઈને ડીઝલના કેન સાથે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

આ સમગ્ર બનાવે ST વિભાગમાં હડકંપ મચાવ્યો છે. એક તરફ સામાન્ય લોકો ડીઝલ-પેટ્રોલના વધતા ભાવ અને પુરવઠાની સમસ્યાથી પરેશાન છે ત્યારે સરકારી બસમાંથી ડીઝલ ચોરી થતી હોવાની ઘટના ગંભીર બેદરકારી અને વિશ્વાસઘાત સમાન માનવામાં આવી રહી છે.

જો આવી રીતે સરકારી વાહનોમાંથી ડીઝલની ચોરી ચાલુ રહે તો માત્ર વિભાગને આર્થિક નુકસાન જ નહીં પરંતુ બસોની કામગીરી અને જાહેર પરિવહન વ્યવસ્થા પર પણ સીધી અસર પડી શકે છે. હાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલ છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.



ટ્રેલર લૉંચ પ્રસંગે ડાયરેક્ટરે કહ્યું હતું કે, મા બહેનની આસપાસ સમગ્ર વાર્તા ફરે છે

# માધુરી દીક્ષિતની ફિલ્મનું આખરે ટ્રેલર રીલિઝ, ક્રાઈમ-કોમેડી, ડ્રામા ચોંકાવનારૂ સસ્પેન્સ ખુલશે

મુંબઈ

માધુરી દીક્ષિત સ્ટારર ફિલ્મ 'મા બહેન'નું ટ્રેલર રીલિઝ થઈ ચૂક્યું છે. ટ્રેલરમાંથી સ્ટોરી શું છે અને ફિલ્મનો વિષય શેના પર છે એનો સરળતાથી અંદાજો લગાવી શકાય છે. ક્રાઈમ કોમેડી સાથે ડ્રામા ફિલ્મમાં માધુરીનો એક નવો અવતાર જોવા મળી રહ્યો છે. એકદમ દેશી ફીલ થાય એવું ટ્રેલર છે જ્યારે સંવાદ પણ ચોંકાવનારા છે. આ ફિલ્મમાં માધુરી સાથે તૃપ્તિ ડિમરી લીડ રોલ પ્લે કરી રહી છે. ઘરમાંથી લાશ મળી છે અને પછી જે થાય છે એના પર સમગ્ર ફિલ્મ દર્શકોને છેક સુધી બેસાડી રાખે છે. ટ્રેલરની શરૂઆત ઘણી સામાન્ય છે. જયા, રેખા અને સુષ્માની વાર્તામાં અજાણ્યા વ્યક્તિની લાશ ક્યાંથી એવી એના પર બધાના વિચારો અટકે છે. અવ્યવસ્થિત મા-દીકરી વચ્ચેના સંવાદમાં મજેદાર વાત એ છે કે, દર વખતે ડાયલોગ ડિલેવરીમાં નવીતા જોવા મળી રહી છે. ખાસ કરીને માધુરીના કેસમાં આ વાત ખરેખર ફેન્સને ચોંકાવી દેશે. વાર્તા આ ત્રણેય પાત્રની આસપાસ ફરે છે. કિચનથી કોમેડી સુધી અને અંતે ક્રાઈમ સુધીની વાત સામે આવતા હડકંપ મચી જાય છે. પાડોશીઓને આશંકા જાય છે અને પછી દેકારા વીથ ડ્રામા. 2.45 મિનિટના ટ્રેલરમાં ડ્રામા, કોમેડી અને પરિવાર વચ્ચે તકરાર દેખાડવામાં આવી છે. ઈમોશન ક્નેક્ટ એવું છે કે, જ્યારે રેખા એક ફોન કરે છે ટ્રેલરમાં પરિસ્થિતિ પલટે છે. હકીકતમાં ફિલ્મમાં પણ આવું જ થતું હશે એ સરળતાથી અનુમાન લગાવી શકાય છે. સામાન્ય રીતે ટ્રેલરમાંથી કોઈ ફિલ્મનો ટર્નિંગ પોઈન્ટ કહી શકાય નહીં પણ અહીંયા આ વાતને સરળતાથી કલ્પી શકાય છે. અંબડેટિયા એન્ટરટેઈનમેન્ટની ફિલ્મ સુરેશ ત્રિવેણીના ડાયરેક્શનમાં બની છે. ટ્રેલર લૉંચ પ્રસંગે ડાયરેક્ટરે કહ્યું હતું કે, મા બહેનની આસપાસ સમગ્ર વાર્તા ફરે છે પણ અમે એક એવી સ્ટોરી લાવવા માગતા હતા જે મનોરજંક હોય અને સંબંધને યાથર્થ કરતી હોય. ફિલ્મમાં એક એવા પરિવારની વાર્તા છે જેમાં બે દીકરીઓ છે, સતત ઝઘડે છે પણ જ્યારે ઘરમાં જ કાંડ થાય છે ત્યારે કેવી રીતે રસ્તો કરે છે એની આ વાત છે. ફિલ્મમાં જે વિચિત્ર પરિસ્થિતિ ઊભી થાય છે એમાં સો ટકા કોમેડી છે.બે પાત્રો વચ્ચેનો સંબંધ જોઈને દર્શકોને અવશ્ય હસવું આવશે. આ ફિલ્મ 4 જૂનના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રિમ થવાની છે. માધુરીનો અલગ અંદાજ ડાયરેક્ટરે કહ્યું હતું કે, જે પાત્રો છે એ દરેક પાત્રની એક અલગ એનર્જી છે. એ પાત્રનો બીજા સાથેનો સંબંધ પણ અલગ છે. ઘરમાં જે કાંડ થાય છે એને છૂપાવવો અને એમાંથી ઊભી થતી વિકટ સ્થિત ફિલ્મને અલગ દિશામાં લઈ જાય છે.

**માધુરીનો અલગ અંદાજ આ ફિલ્મમાં જોવા મળશે. તેમણે દમદાર અભિનય કર્યુ**

# સુહાના ખાનના બર્થડે પર બહેનપણી અનન્યાએ લૂંટાવ્યો પ્રેમ

## શનાયા કપૂરે પણ યુરોપિયન સ્ટાઇલના રંગબેરંગી બિલ્ડિંગો અને બોટ્સના બેકગ્રાઉન્ડ વાળી એક ક્રેઝી તસવીર શેર કરી



મુંબઈ

બોલીવૂડના કિંગખાન એટલે કે શાહરૂખ ખાનની લાડકવાયી દીકરી અને ઊભરતી એક્ટ્રેસ સુહાના ખાન આજે એટલે કે 22મી મેના રોજ પોતાનો બર્થડે સેલિબ્રેટ કરી રહી છે. આ ખાસ દિવસે સોશિયલ મીડિયા પર ફેન્સ અને બોલિવૂડ સેલિબ્રિટીઝ તરફથી બર્થડે વિશેઝનો વરસાદ થઈ રહ્યો છે. હાલમાં સોશિયલ મીડિયા પર સુહાનાની નાનપણની પાક્કી બહેનપણી અને અભિનેત્રી અનન્યા પાંડે અને શનાયા કપૂરે ખાસ અંદાજમાં સુહાનાને બર્થડે વિશ કર્યું છે. ચાલો જોઈએ શું છે ખાસ આ પોસ્ટમાં... સુહાના ખાન, અનન્યા પાંડે અને શનાયા કપૂર બોલીવૂડની એવી 'ગર્લ ગેંગ' છે જેઓ નાનપણથી એક જ સ્કૂલમાં ભણી છે અને અવારનવાર વેકેશન કે પાર્ટીઓમાં સાથે જોવા મળે છે.

સુહાનાના આજના બર્થડે પર અનન્યા પાંડેએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સુંદર ફોટો શેર કરીને કેપ્શન લખીને પોસ્ટ કરી છે કે જન્મદિન મુબારક હો મેરી પ્યારી સુહાના. તને હંમેશા પ્રેમ કરતી રહીશ સુહાના ખાન. જ્યારે બીજી તરફ, સંજય કપૂરની દીકરી શનાયા કપૂરે પણ યુરોપિયન સ્ટાઈલના રંગબેરંગી બિલ્ડિંગો અને બોટ્સના બેકગ્રાઉન્ડ વાળી એક ક્રેઝી તસવીર શેર કરીને સુહાનાને જન્મદિવસની ખાસ શુભકામનાઓ પાઠવી છે. સુહાના અને શનાયા બંનેની સોશિયલ મીડિયા પોસ્ટ હાલમાં ખૂબ જ વાઈરલ થઈ રહી છે. રસપ્રદ વાત તો એ છે કે આજનો દિવસ અનન્યા માટે ખૂબ જ ખાસ છે. બોલીવૂડના કિંગખાન એટલે કે શાહરૂખ ખાનની લાડકવાયી દીકરી અને ઊભરતી એક્ટ્રેસ સુહાના ખાન આજે એટલે કે 22મી મેના રોજ પોતાનો બર્થડે સેલિબ્રેટ કરી રહી છે. આ ખાસ દિવસે સોશિયલ મીડિયા પર ફેન્સ અને બોલિવૂડ સેલિબ્રિટીઝ તરફથી બર્થડે વિશેઝનો વરસાદ થઈ રહ્યો છે. હાલમાં સોશિયલ મીડિયા પર સુહાનાની નાનપણની પાક્કી બહેનપણી અને અભિનેત્રી અનન્યા પાંડે અને શનાયા કપૂરે ખાસ અંદાજમાં સુહાનાને બર્થડે વિશ કર્યું છે.

# બોલિવૂડમાં મોટો ભડાકો: ડેવિડ ધવને 'ચુનરી ચુનરી' ગીત ચોરી કર્યું? પ્રોડ્યુસર વાશુ ભગનાનીનો ગંભીર આરોપ

## 'કુલી નં.1' થી 27 કરોડનું નુકસાન થયું, વરુણે ફોન પણ ન કર્યો

મુંબઈ

બોલિવૂડના પ્રખ્યાત ફિલ્મ નિર્માતા (પ્રોડ્યુસર) વાશુ ભગનાની અને જાણીતા ડાયરેક્ટર ડેવિડ ધવન વચ્ચેનો દાયકાઓ જૂનો સંબંધ હવે જાહેરમાં વણસ્યો છે. વાશુ ભગનાનીએ ડેવિડ ધવન અને તેમના પુત્ર વરુણ ધવન પર એક પછી એક ગંભીર અને ચોંકાવનારા આરોપો લગાવીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચાવી દીધો છે. ભગનાનીનો દાવો છે કે સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ 'બીવી નં. 1' નું આઈકોનિક ગીત 'ચુનરી ચુનરી' અસલમાં તેમની ફિલ્મ માટે હતું, જે ડેવિડ ધવને છૂપી રીતે ચોરી કરી લીધું હતું. આ સિવાય વરુણ ધવનની ફિલ્મ 'કુલી નં. 1' ના રીમેકને કારણે તેમને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

### 'ચુનરી ચુનરી' ગીતની ચોરીનો ચોંકાવનારો કિસ્સો

વાશુ ભગનાનીએ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કરતા જણાવ્યું કે, ૧૯૯૦ના દાયકામાં તેઓ ડેવિડ ધવન સાથે સારો સંબંધ ધરાવતા હતા. એક સમયે સંગીતકાર અનુ મલિકે વાશુ ભગનાનીની આગામી ફિલ્મ માટે 'ચુનરી ચુનરી' ગીત તૈયાર કર્યું હતું અને ભગનાનીએ તેના માટે એડવાન્સ પેમેન્ટ પણ કરી દીધું હતું. જોકે, ડેવિડ ધવને ભગનાનીને જાણ કર્યા વગર જ આ ગીત સલમાન ખાન અને સુસ્મિતા સેનની ફિલ્મ 'બીવી નં. 1' માં વાપરી લીધું. જ્યારે ભગનાનીને આ વાતની ખબર પડી ત્યારે બંને વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી, પરંતુ સંબંધો ન બગડે તે માટે ત્યારે તેમણે મામલો દબાવી દીધો હતો. 'કુલી નં. 1' ની રીમેકથી 27 કરોડનું આંધણ અને વરુણનું વલણ વાશુ ભગનાનીનો ગુસ્સો માત્ર જૂના ગીત પૂરતો સીમિત નથી. તેમણે વર્ષ ૨૦૨૦માં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી વરુણ ધવન અને સારા અલી ખાન સ્ટારર ફિલ્મ 'કુલી નં. 1' (રીમેક) ને લઈને પણ મોટો ખુલાસો કર્યો છે. ભગનાનીના જણાવ્યા મુજબ: આ ફિલ્મના કારણે પ્રોડક્શન હાઉસને અંદાજિત ૨૭ કરોડ રૂપિયાનું ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હતું. ફિલ્મ ફ્લોપ ગયા બાદ અને પ્રોડક્શન હાઉસ આર્થિક સંકટમાં હોવા છતાં, અભિનેતા વરુણ ધવને ક્યારેય ફોન કરીને તેમના ખબર-અંતર પણ પૂછ્યા નહોતા. મુશ્કેલ સમયમાં ધવન પરિવારે તેમની તરફ પીઠ ફેરવી લીધી હોવાનો વસવસો પ્રોડ્યુસરે ઠાલવ્યો છે.

### પૂજા એન્ટરટેઈનમેન્ટ આર્થિક સંકટમાં — 'પાક્કો ગુજરાત' વિશ્લેષણ

નોંધનીય છે કે વાશુ ભગનાનીનું બેનર 'પૂજા એન્ટરટેઈનમેન્ટ' છેલ્લા કેટલાક સમયથી ભારે આર્થિક તંગીમાંથી પસાર થઈ રહ્યું છે. તાજેતરમાં આવેલી અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' પણ બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાઈ હતી, જેના કારણે ક્રૂ મેમ્બર્સ અને ટેકનિશિયનોના પેમેન્ટ અટવાયા હોવાના અહેવાલો પણ સામે આવ્યા હતા.









# 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ટ્રેલર રીલિઝ, જીમ્મીનો અવતાર ચોંકાવી દેશે

## ફિલ્મના વિઝ્યુઅલ્સ એકદમ રીચ છે અને મ્યુઝિક પણ સારૂ છે. ફિલ્મની વાર્તામાં સંતાન પ્રાપ્તિની કપલ્સની ઈચ્છાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે

મુંબઈ

વરૂણ ધવનની નવી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' નું ટ્રેલર આવી ગયું છે. ટ્રલર પરથી કહી શકાય કે, ફિલ્મમાં લવસ્ટોરી છે પણ કોની સાથેની રિલેશનશીપ છે એ નક્કી થતું નથી.આ ફિલ્મમાં વરૂણ ધવન સાથે મૃણાલ ઠાકુર, પૂજા હેગડે અને મૌની રોય લીડ રોલમાં છે. આ ફિલ્મ 5 જૂનના રોજ રીલિઝ થઈ રહી છે. એક મોટા બ્રેકબાદ મનીષ પોલ ફરી બિગ સ્ક્રિન પર જોવા મળશે, જ્યારે જીમ્મી શેરગીલનો એક અલગ અવતાર સ્ક્રિન પર દેખાશે. એન્ટીરોલમાં જીમ્મીની એન્ટ્રી કેવી રહેશે એના પર સૌની નજર રહેલી છે. કોમેડી ટ્રેલર વચ્ચે વાર્તા ફિલ્મનું ટ્રેલર ફની છે અને કોમેડી છે. સંવાદમાં કેટલીક જગ્યાએ ડબલ મિનિંગ સ્પષ્ટ થાય છે પણ ડાયલોગ્સની બીજી લાઈન એને ક્લિયર કરી દે છે. રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં જૂના ગીતને રીક્રિએટ કરવામાં આવ્યા છે. વરૂણ અને મૃણાલના છૂટાછેડાથી ફિલ્મનું ટ્રેલર શરૂ થાય છે, પણ વરૂણની લાઈફમાં જ્યારે પૂજાની એન્ટ્રી થાય છે ત્યારે ખરેખર ફિલ્મમાં રિલેશનશિપ અનબેલેન્સડ થતી દેખાય છે. 'મુજે ઈક બચ્ચા ચહિયે' જેવા સામાન્ય સંવાદ પર વરૂણની એક્ટિંગ ઈમ્પ્રેસ કરે છે પણ કોમેડી એ વાત પર થાય છે કે, આખરે કોની પાસેથી? સિચ્યુએશન કોમેડીને સરળતાથી દર્શકો કલ્પી શકે છે. આના કેટલાક સીન પરથી જહોન અબ્રાહમ અને અક્ષયની ફિલ્મ 'ગરમ-મસાલા' યાદ આવી જાય તો નવાઈ નહીં. ફિલ્મનું ટ્રેલર તો લોકોને પસંદ પડી રહ્યું છે વાર્તા કેટલી મજબૂત છે એના પર ફિલ્મને હિટ થવાના ચાન્સ છે. ફિલ્મ 'બીવી નં.1'નું 'ચુનરી-ચુનરી' ગીતને રીક્રિએટ કરવામાં આવ્યું છે.અલગ બીટ અને રીધમ સાથે ગીત પ્લે થાય છે ત્યારે ઓરિજિનલ અવશ્ય યાદ આવી જાય એમ છે. કોમેડી ફિલ્મ માટે જાણીતા ડેવિડ ધવને આ ફિલ્મ ડાયરેક્ટ કરી છે. પિતા-પુત્રની જોડીનું આ ચોથું કોલાબ્રેશન મુવી છે.

ફિલ્મના વિઝ્યુઅલ્સ એકદમ રીચ છે અને મ્યુઝિક પણ સારૂ છે. ફિલ્મની વાર્તામાં સંતાન પ્રાપ્તિની કપલ્સની ઈચ્છાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રિલેશનશીપની આંટીઘૂટી વચ્ચે ફિલ્મ આગળ વધે છે. પણ ચંકીપાંડે અને રાકેશ બેદીના નવા અવતારથી ફિલ્મને એક ઔર ઊંચાઈ મળે છે.

# અક્ષય કુમારનો સૌથી ખતરનાક મિશન! 'સમુક'માં થશે એલિયન સાથે જંગ

મુંબઈ

કનિષ્ક વર્માના દિગ્દર્શનમાં બની રહેલી અને વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત, જ્યારે આશિન એ શાહ સહ-નિર્માતા તરીકે જોડાયેલા છે, એવી 'સમુક'ને ભારતની પ્રથમ મોટા સ્તરની એલિયન થ્રિલર ફિલ્મોમાંથી એક માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૭ની સૌથી મોટી થિયેટર ઈવેન્ટ ફિલ્મોમાં સામેલ આ પ્રોજેક્ટમાં અક્ષય કુમાર ફરી એકવાર શક્તિશાળી એક્શન અવતારમાં જોવા મળશે. ફિલ્મમાં સર્વાઈવલ હોરર અને એલિયન થ્રિલરનું એવું સંયોજન જોવા મળશે, જે અત્યાર સુધી ભારતીય સિનેમામાં બહુ ઓછું જોવા મળ્યું છે. 'સનક', 'ઈન્સાઈડ એજ' અને 'ગ્લોરી' જેવા પ્રોજેક્ટ્સ માટે ઓળખાતા કનિષ્ક વર્મા છેલ્લા બે વર્ષથી વિપુલ શાહ સાથે મળીને આ ફિલ્મની દુનિયા તૈયાર કરી રહ્યા છે. નિર્માતાઓનો હેતુ ભારતીય વ્યાવસાયિક સિનેમાને એક સંપૂર્ણ નવા પ્રકારમાં લઈ જવાનો છે, જ્યાં વાસ્તવિક એક્શન, પ્રેક્ટિકલ ક્રિએચર ઈફેક્ટ્સ અને ઉચ્ચ સ્તરના દૃશ્ય વિશ્વ નિર્માણનો અનોખો મેળાપ જોવા મળશે. નિર્માતા વિપુલ અમૃતલાલ શાહે કહ્યું, "અમે હંમેશાં અલગ અલગ પ્રકારમાં કંઈક નવું કરવાનો પ્રયાસ કરીએ છીએ અને 'સમુક' ભારતીય સિનેમા માટે એકદમ નવો અનુભવ છે. અમારો હેતુ દર્શકો માટે વિશ્વસ્તરીય એલિયન થ્રિલર બનાવવાનો છે." દિગ્દર્શક કનિષ્ક વર્માએ જણાવ્યું કે ફિલ્મની પ્રેરણા તેમને એલીટ સુરક્ષા દળો અને હોલીવૂડની ક્લાસિક વૈજ્ઞાનિક કલ્પનાશીલ હોરર ફિલ્મોમાંથી મળી હતી. તેમણે કહ્યું, "'સમુક' મારા એસપીજી વિશ્વ અને 'એલિયન' તથા 'પ્રેડેટર' જેવી સર્વાઈવલ થ્રિલર્સ પ્રત્યેના પ્રેમમાંથી જન્મી છે. અક્ષય સર સાથે આ બધું એકસાથે લાવવાનો અનુભવ ખૂબ ખાસ રહ્યો છે." તેમણે આગળ કહ્યું, "હું હંમેશાં ઈચ્છતો હતો કે ફિલ્મનો એલિયન સેટ પર વાસ્તવિક લાગે. એ જ જૂનો સ્પર્શ હોરર ફિલ્મોને યાદગાર બનાવે છે." ફિલ્મ સાથે હોલીવૂડની મોટી તકનીકી ટીમ પણ જોડાઈ છે. પ્રખ્યાત ક્રિએચર ઈફેક્ટ્સ ડિઝાઈનર એલેક ગિલિસ ફિલ્મના એલિયન પ્રાણીનું ડિઝાઈન અને નિર્માણ કરશે. એલેક ગિલિસ 'એલિયન', 'પ્રેડેટર', 'એલિયન: રોમુલસ', 'સ્ટારશિપ ટ્રૂપર્સ', 'સ્માઈલ', 'ઈટ' અને 'ટ્રેમર્સ' જેવી ફિલ્મોમાં પોતાના કામ માટે જાણીતા છે. લગભગ પાંચ દાયકાથી હોલીવૂડમાં કાર્યરત ગિલિસે દિગ્ગજ ફિલ્મ નિર્માતા સ્ટેન વિન્સ્ટન સાથે 'એલિયન્સ' અને મૂળ 'પ્રેડેટર' પર પણ કામ કર્યું હતું. ફિલ્મના એક્શન દૃશ્યો બ્રિટિશ સ્ટન્ટ સંકલનકાર લ્યુક ટંબર તૈયાર કરશે. તેમના નામે 'મિશન ઈમ્પોસિબલ', 'વેનમ', 'સ્ટાર વોર્સ', 'નો ટાઈમ ટુ ડાઈ' અને માર્વલની 'વિઝન ક્વેસ્ટ' જેવી મોટી ફિલ્મો જોડાયેલી છે. પૂર્વ રોયલ મરીન્સ કમાન્ડો રહી ચૂકેલા લ્યુકે ૧૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય નિર્માણોમાં કામ કર્યું છે અને 'સમુક'માં વિશાળ સ્તરના તીવ્ર એક્શન દૃશ્યો તૈયાર કરશે. ઓસ્કર માટે નામાંકિત ક્રિએચર ઈફેક્ટ્સ ડિઝાઈનર એલેક ગિલિસે આ સહકારને અત્યંત ખાસ ગણાવ્યો. તેમણે કહ્યું, "કનિષ્ક સાથે કામ કરવાનો અનુભવ શાનદાર રહ્યો કારણ કે તેમને પ્રેક્ટિકલ ક્રિએચર ફિલ્મમેકિંગ પ્રત્યે સાચો લગાવ છે. અમારો હેતુ એવો એલિયન પ્રેડેટર બનાવવાનો છે, જે દર્શકોએ પહેલાં ક્યારેય જોયો ન હોય."



### ફેડરેશન કપ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન ભારતીય દોડવીરો વચ્ચે બે દિવસ સુધી એક ઐતિહાસિક મુકાબલો જોવા મળ્યો

# ભારતને મળ્યો પોતાનો 'ઉસૈન બોલ્ટ' ગુરિન્દરવીર સિંહે તોડ્યો નેશનલ રેકોર્ડ

રાંચી

રાંચીમાં આયોજિત ફેડરેશન કપ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન ભારતીય દોડવીરો (સ્પ્રિન્ટિંગ) વચ્ચે બે દિવસ સુધી એક ઐતિહાસિક મુકાબલો જોવા મળ્યો છે.

પંજાબના સ્ટાર દોડવીર ગુરિન્દરવીર સિંહે પુરુષોની 100 મીટર દોડની સ્પર્ધામાં બે વાર નેશનલ રેકોર્ડ પોતાના નામે કરીને નવો ઈતિહાસ રચી દીધો છે. શનિવારે 23 મે, 2026ના રોજ યોજાયેલા ફાઈનલ મુકાબલામાં તેમણે માત્ર 10.09 સેકન્ડની શાનદાર દોડ લગાવીને 10.10 સેકન્ડની મર્યાદા પાર કરનારા પ્રથમ ભારતીય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ ઐતિહાસિક પ્રદર્શન સાથે તેમણે કોમનવેલ્થ ગેમ્સ (10.16 સેકન્ડ ક્વોલિફિકેશન માર્ક) અને એશિયન ગેમ્સ માટે પણ પોતાની ટિકિટ કન્ફર્મ કરી લીધી છે. તાજેતરના




વર્ષોમાં ભારતીય એથ્લેટિક્સમાં આવી રોમાંચક હરીફાઈ ક્યારેય જોવા મળી નથી. ફાઈનલ મેચના બરાબર 24 કલાક પહેલા એટલે કે શુક્રવારે સેમિફાઈનલ દરમિયાન પણ ગુરિન્દરવીર અને ઓડિશાના દોડવીર અમિનેશ કુજુર વચ્ચે રાષ્ટ્રીય રેકોર્ડ તોડવાની અદ્ભુત રેસ જામી હતી. જોકે, શનિવારે રમાયેલી ફાઈનલમાં ગુરિન્દરવીરે બાજી મારીને અમિનેશ પાસેથી નેશનલ રેકોર્ડ પાછો છીનવી લીધો હતો. આ ફાઈનલ રેસમાં અમિનેશ કુજુર 10.20 સેકન્ડ સાથે બીજા ક્રમે અને પ્રણવ પ્રમોદ 10.29 સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. નેશનલ રેકોર્ડને લઈને ચાલી રહેલી આ ઉથલપાથલ 22 મેના રોજ સેમિફાઈનલ રાઉન્ડ દરમિયાન જ શરૂ થઈ ગઈ હતી. પ્રથમ સેમિફાઈનલ હીટમાં ગુરિન્દરવીર સિંહે 10.17 સેકન્ડનો સમય કાઢીને અમિનેશ કુજુરનો 10.18 સેકન્ડનો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. જોકે, પંજાબના આ દોડવીરની ખુશી માત્ર થોડી જ મિનિટો ટકી શકી હતી. , કારણ કે તેના પછીની જ હીટમાં અમિનેશ કુજુરે 10.15 સેકન્ડમાં દોડ પૂરી કરીને ગુરિન્દરવીરનો રેકોર્ડ તોડીને ફરીથી ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું. આ પણ વાંચો: IPLમાં પંત સામે કેપ્ટન્સી છીનવાઈ જવાનો ખતરો! ટીમના ખરાબ પરફોર્મન્સ પર કોચનું મોટું નિવેદન ફાઈનલમાં ગુરિન્દરવીરની ધમાકેદાર વાપસી શુક્રવારની રેસમાં ઓડિશાના અમિનેશ કુજુરે કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું હતું, પરંતુ પંજાબના ગુરિન્દરવીર સિંહ માત્ર 0.01 સેકન્ડના ખૂબ જ નાના અંતરથી ચૂકી ગયા હતા. આ અધૂરી ઈચ્છા પૂરી કરવા માટે તેમણે શનિવારે ફાઈનલમાં જોરદાર વાપસી કરી. ગુરિન્દરવીરે મેદાન પર પોતાની ઝડપનો અદ્ભુત નમૂનો બતાવીને માત્ર 10.09 સેકન્ડમાં દોડ પૂરી કરી લીધી. નોંધનીય છે કે ફાઈનલ મેચના બરાબર 24 કલાક પહેલા એટલે કે શુક્રવારે સેમિફાઈનલ દરમિયાન પણ ગુરિન્દરવીર અને ઓડિશાના દોડવીર અમિનેશ કુજુર વચ્ચે રાષ્ટ્રીય રેકોર્ડ તોડવાની અદ્ભુત રેસ જામી હતી.ગ્રાઉન્ડ પર લોકો ઉત્સાહમાં દેખાયા હતા તેવામાં નવો રેકોર્ડ પણ સ્થાપિત થઈ ગયો છે.

## કેપ્ટન અય્યરની પહેલી IPL સેન્ચુરીથી પંજાબ જીત્યું

મુંબઈ

IPLમાં શનિવારે પંજાબ કિંગ્સ (PBKS)એ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)ને 7 વિકેટે હરાવ્યું. એકાના સ્ટેડિયમમાં ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા લખનઉએ 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 196 રન બનાવ્યા. જવાબમાં પંજાબે 18 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. આ જીતની સાથે પંજાબની પ્લેઑફની આશાઓ હજુ છે. પંજાબના હવે 15 પોઈન્ટ્સ થઈ ગયા છે.

કેપ્ટન શ્રેયસ અય્યરે છગ્ગો ફટકારીને સદી પૂરી કરી અને ટીમની જીત પણ અપાવી. તેણે 51 બોલમાં અણનમ 101 રન બનાવ્યા. બીજી તરફ, પ્રભસિમરન સિંહે 69 રન બનાવીને મજબૂત શરૂઆત અપાવી હતી. લખનઉ તરફથી મોહમ્મદ શમીએ 2 વિકેટ ઝડપી, જ્યારે અર્જુન તેંડુલકરને 1 સફળતા મળી. લખનઉ તરફથી જોશ ઈંગ્લિસે સૌથી વધુ 72 રનની ઈનિંગ રમી, જ્યારે આયુષ બદોનીએ 18 બોલમાં 43 રન બનાવ્યા. અંતમાં અબ્દુલ સમદે અણનમ 37 રનની ઈનિંગ રમીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી. પંજાબ તરફથી માર્કો યાન્સેન અને યુઝવેન્દ્ર ચહલે 2-2 વિકેટ ઝડપી, જ્યારે અઝમતુલ્લાહ ઓમરઝઈ અને શશાંક સિંહને 1-1 સફળતા મળી. લખનઉ તરફથી જોશ ઈંગ્લિસે સૌથી વધુ 72 રનની ઈનિંગ રમી, જ્યારે આયુષ બદોનીએ 18 બોલમાં 43 રન બનાવ્યા. અંતમાં અબ્દુલ સમદે અણનમ 37 રનની ઈનિંગ રમીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી. લખનઉ સુપરજાયન્ટ્સ (LSG): જોશ ઈંગ્લિસ, અર્શિન કુલકર્ણી, નિકોલસ પૂરન, આયુષ બદોની, રિષભ પંત (કેપ્ટન અને વિકેટકીપર), અબ્દુલ સમદ, મુકુલ ચૌધરી, અર્જુન તેંડુલકર, મોહમ્મદ શમી, પ્રિન્સ યાદવ અને મોહસીન ખાન.

ઈમ્પેક્ટ પ્લેયર: દિગ્વેશ સિંહ રાઠી.

પંજાબ કિંગ્સ (PBKS): પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), પ્રિયાંશ આર્ય, કૂપર કોનોલી, શ્રેયસ અય્યર (કેપ્ટન), સૂર્યાંશ શેડગે, શશાંક સિંહ, અઝમતુલ્લા ઓમરઝાઈ, માર્કો યાન્સેન, વિજયકુમાર વૈશાક, અર્શદીપ સિંહ અને યુઝવેન્દ્ર ચહલ.

### ખરાબ પર્ફોર્મન્સને કારણે પંત સામે તવાઈ

## IPLમાં પંત સામે કેપ્ટન્સી છીનવાઈ જવાનો ખતરો: કોચનું નિવેદન

નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)નું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે. પંજાબ કિંગ્સ (PBKS) સામેની શનિવારની હાર બાદ ટીમ પોઈન્ટ્સ ટેબલમાં સૌથી નીચેના સ્થાને પહોંચી ગઈ છે અને પ્લેઓફની રેસમાંથી બહાર થનારી સૌપ્રથમ ટીમ બની છે. સતત બે સીઝન સુધી ટીમની કમાન સંભાળનાર રિષભ પંત આગામી સમયમાં કેપ્ટન તરીકે યથાવત રહેશે કે નહીં, તે અંગે હવે મોટા સવાલો ઊભા થયા છે. આ દરમિયાન લખનઉ સુપર જાયન્ટ્સના ક્રિકેટ ડિરેક્ટર ટોમ મૂડીએ પ્રેસ કોન્ફરન્સમાં ફ્રેન્ચાઈઝીના ભવિષ્ય અને કેપ્ટનશીપમાં ફેરફાર અંગે ખુલ્લેઆમ વાત કરીને અટકળોનું



બજાર ગરમ કરી દીધું છે. ટોમ મૂડીએ રિષભ પંતની કેપ્ટનશીપ અને તેના ફોર્મ અંગે મોટો ખુલાસો કરતા જણાવ્યું કે, 'જો કેપ્ટનશીપના દ્રષ્ટિકોણથી જોઈએ તો, પંત માટે આ જવાબદારી ચોક્કસપણે ખૂબ જ પડકારજનક સાબિત થઈ છે અને ટીમના પરિણામો પણ આ વાતની સાક્ષી પૂરે છે. આપણને એ વિચારવા પર મજબૂર થવું પડે છે કે શું આ નેતૃત્વનું દબાણ તેની બેટિંગ પર પણ દેખાઈ રહ્યું છે? આ સીઝન અમારા માટે ખૂબ મુશ્કેલ રહી છે, તેથી અમે શાંતિથી બેસીને તમામ પાસાઓ પર ગંભીરતાથી આત્મમંથન કરીશું.' નોંધનીય છે કે ઓક્શનમાં 27 કરોડની રેકોર્ડ કિંમતે ખરીદાયેલો રિષભ પંત બેટિંગમાં પણ ફ્લોપ રહ્યો છે. લખનઉ તરફથી રમતા બે સીઝનમાં તેણે 135.74ના સ્ટ્રાઈક રેટથી માત્ર 581 રન બનાવ્યા છે.


# અર્જુન તેંડુલકરની બોલિંગ જોઇ પિતા સચિન ભાવુક

### સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર પોતાના દીકરા માટે મૂકી 'સ્પેશિયલ પોસ્ટ'

મુંબઈ

યુવા ફાસ્ટ બોલર અર્જુન તેંડુલકરને આખરે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં પોતાની પ્રતિભા સાબિત કરવાની તક મળી ગઈ છે. શનિવારે એટલે કે 23 મેના રોજ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) તરફથી રમેલી પોતાની ડેબ્યૂ મેચમાં અર્જુને શાનદાર બોલિંગ પ્રદર્શન કર્યું હતું.

જોકે, આ રોમાંચક મેચ બાદ સૌથી વધુ ચર્ચા તેના પિતા અને ક્રિકેટ જગતના મહાનાયક સચિન તેંડુલકરની એ ભાવુક સોશિયલ મીડિયા પોસ્ટની થઈ રહી છે, જેણે કરોડો ક્રિકેટ ચાહકોના દિલ જીતી લીધા છે. કેપ્ટન પંતે કેચ છોડ્યો, પણ અર્જુને હિંમત ન હારી લખનઉના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સ (PBKS) સામે રમાયેલી આ મેચમાં પાવરપ્લે પૂરો થતાં જ અર્જુન તેંડુલકરને બોલિંગ સોંપવામાં આવી





હતી. તેણે શરૂઆતથી જ અદભુત આત્મવિશ્વાસ દર્શાવ્યો હતો અને પંજાબના બેટ્સમેન પ્રભસિમરન સિંહને સતત બાઉન્સર નાખીને પરેશાન કર્યો હતો. આ દરમિયાન પ્રભસિમરનના બેટની એજ પર બોલ લાગતાં એ હવામાં ફંટાયો હતો, પરંતુ કમનસીબે લખનઉના કેપ્ટન અને વિકેટકીપર રિષભ પંત આ સરળ કેચ પકડી શક્યો નહોતો. જો પ્રથમ ઓવરમાં જ આ કેચ પકડાઈ ગયો હોત તો અર્જુનને તેની પહેલી જ ઓવરમાં વિકેટ મળી ગઈ હોત. આ પ્રારંભિક ઝટકા છતાં યુવા બોલરે હિંમત હારી નહીં. તેણે પોતાના બીજા સ્પેલમાં જબરદસ્ત વાપસી કરી અને એક ઘાતક યોર્કર બોલ પર પ્રભસિમરન સિંહને એલબીડબ્લ્યૂ આઉટ કરીને પેવેલિયન ભેગો કર્યો હતો. પુત્રની ધીરજ જોઈને ગદગદ થયા સચિન તેંડુલકર અર્જુનનું આવું શાનદાર પ્રદર્શન જોઈને પિતા સચિન તેંડુલકર ભાવુક થઈ ગયા હતા અને પોતાની પ્રતિક્રિયા આપતા રોકી શક્યા નહોતા.



### બેંકો ઉંચા બોન્ડ યિલ્ડના પડકારનો સામનો કરી રહી છે

# ફોરેન ઈન્વેસ્ટરોની પખવાડિયામાં રૂ.18000 કરોડની વેચવાલી

મુંબઈ

વિદેશી સંસ્થાકીય રોકાણકારો-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ભારતીય શેર બજારોમાં પાછલા ઘણા મહિનાઓથી થઈ રહેલી વેચવાલી ચાલુ વર્ષમાં પણ વધતી જોવાઈ છે. ફોરેન ઈન્વેસ્ટરોએ ચાલુ મે મહિનાના પ્રથમ પખવાડિયામાં રોકાણ પાછું ખેંચવાનું ચાલુ રાખ્યું છે. આ સમયગાળામાં ફાઈનાન્શિયલ ક્ષેત્રની કંપનીઓના શેરોમાંથી કુલ વિદેશી રોકાણના લગભગ ૪૭ ટકા એટલે કે રૂ.૧૭,૯૬૦ કરોડ પાછા ખેંચી લીધા છે. બેંકોના માર્જિનમાં ઘટાડા અને અન્ય ઊભરતા બજારોની તુલનાએ ભારતમાં ઓછા આકર્ષણે રોકાણ પાછું ખેંચાયું છે. એક તરફ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવાના અને ફુગાવાને




કાબૂમાં લેવા માટે રેપો રેટ સહિતમાં વધારો કરવામાં આવશે એવા અહેવાલો અને બીજી તરફ અમેરિકી ડોલર સામે રૂપિયો વિક્રમી નવા તળીયે જતો હોઈ ફોરેક્સ માર્કેટમાં દરમિયાનગિરી કરી પડતી અટકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આવા સમયે વિદેશી રોકાણકારોના રોકાણમાં એક્ત્રિત ધોરણે મોટી ઓટ જોવાઈ રહી છે. મે મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં જ ફંડોએ ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રની કંપનીઓના શેરોમાંથી રૂ.૧૮૦૦૦ કરોડ જેટલું રોકાણ પાછું ખેંચી લેતાં ચિંતા વ્યાપી છે.ૉ બેંકિંગ ક્ષેત્રની નિષ્ણાંતોનું કહેવું છે કે, બેંકો ઉંચા બોન્ડ યીલ્ડ્સના પડકારનો સામનો કરી રહી છે, અને એના કારણે ટ્રેઝરી આવક પર અસર પડી શકે છે. જ્યારે એક્સપેક્ટેડ ક્રેડિટ લોસ (ઈસીએલ) ધોરણોનું અમલીકરણ, ઊંચી જોગવાઈની આવશ્યકતાના કારણે વળતરનું પ્રમાણ-રેશીયો નજીકના દિવસોમાં અનિશ્ચિત બનવાની શકયતા છે. જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન વિદેશી રોકાણકારોએ રૂ.૯૧૦૦૦ કરોડના ફાઈનાન્શિયલ ક્ષેત્રની કંપનીઓના શેરોમાં વેચાણ કર્યું છે. આ ક્ષેત્રમાં વિદેશી રોકાણકારો ભારતમાં મોટી ઓનરશીપ ધરાવે છે. આ દરમિયાન બેંક નિફટીમાં પણ છેલ્લા એક મહિનામાં ૭ ટકા જેટલો ઘટાડો થયો છે.

### દિગ્ગજ રોબર્ટ કિયોસાકીની 'ભવિષ્યવાણી'

# સોના-ચાંદીની કિંમતો તમામ રેકોર્ડ બ્રેક કરશે, શેરબજાર થશે ક્રેશ

**આ ભવિષ્યવાણીના કારણે વૈશ્વિક બજાર સહિત રોકાણકારોમાં ભારે ચર્ચા જાગી છે. ભારતીય બજારમાં સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ ₹3,00,000 અને ચાંદીનો ભાવ પ્રતિ કિલો ₹5,00,000ને પાર પહોંચી શકે છે.**

મુંબઈ

બિઝનેસ જગતના જાણીતા પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ સોના અને ચાંદીની કિંમતોને લઈને ફરી એકવાર ચોંકાવનારી ભવિષ્યવાણી કરી છે. કિયોસાકીએ દાવો કર્યો છે કે, આગામી સમયમાં શેરબજારમાં મોટો કડાકો બોલાશે, જ્યારે કિંમતી ધાતુઓના ભાવ આસમાને પહોંચશે. તેમની આ ભવિષ્યવાણીના કારણે વૈશ્વિક બજાર સહિત રોકાણકારોમાં ભારે ચર્ચા જાગી છે. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં રોબર્ટ કિયોસાકીએ લખ્યું છે કે, 'દિગ્ગજ માર્કેટ વિશ્લેષક જિમ રિકાર્ડ્સનું માનવું છે કે, વૈશ્વિક બજારમાં સોનાનો દર $10,000 પ્રતિ ઔંસ અને ચાંદીનો દર $200 પ્રતિ ઔંસ સુધી પહોંચી શકે છે.' હાલના સમયમાં સોનું આશરે $4,500 પ્રતિ ઔંસ અને ચાંદી $75 પ્રતિ ઔંસની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે. જો આ ભવિષ્યવાણી સાચી સાબિત થાય, તો ભારતીય બજારમાં સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 3,00,000 અને ચાંદીનો ભાવ પ્રતિ કિલો 5,00,000ને પાર



પહોંચી શકે છે. ઈંધણની કિંમતોમાં સતત થઈ રહેલા વધારાને કારણે સમગ્ર વિશ્વમાં મોંઘવારીનો ગ્રાફ ઊંચો ગયો છે, જેની સીધી નકારાત્મક અસર શેરબજારો પર જોવા મળી રહી છે. ભૌગોલિક-રાજકીય તણાવ અને આર્થિક અસ્થિરતાને કારણે વૈશ્વિક શેરબજારોમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેમાંથી ભારતીય શેરબજાર પણ બાકાત નથી.

રોબર્ટ કિયોસાકીએ રોકાણકારોને સલાહ આપતાં લખ્યું છે કે, 'સમજદાર રોકાણકારો ભવિષ્યની સ્થિતિને અગાઉથી જ પારખી લે છે અને તે મુજબ પોતાના નિર્ણયો લે છે. બજારના આ સંભવિત કડાકાથી ડરવાની કે તેના શિકાર બનવાની જરૂર નથી, બલ્કે યોગ્ય વ્યૂહરચના અપનાવીને તમે આ મંદીમાં પણ અમીર બની શકો છો.' રોબર્ટ કિયોસાકીની આ નવી ભવિષ્યવાણી બાદ આર્થિક જગતમાં ચિંતાનો માહોલ છે. બજારના નિષ્ણાતો વચ્ચે હવે એ મુદ્દે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે, શું વૈશ્વિક અર્થતંત્ર ફરી એકવાર મોટી મંદીના ખપ્પરમાં હોમાવા જઈ રહ્યું છે? ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના અહેવાલ અનુસાર, શુક્રવારે સરાફા બજાર બંધ થતી વખતે વિવિધ કેરેટના સોના અને ચાંદીના ભાવ નીચે મુજબ હતા: દેશની આર્થિક સ્થિતિ અને ચાલુ ખાતાની ખાધ (CAD)ને સંતુલિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આગામી એક વર્ષ સુધી સોનાની ખરીદી ન કરવા અથવા મર્યાદિત કરવા અપીલ કરી છે. પીએમની આ અપીલ બાદ સરકાર દ્વારા મોટો નિર્ણય લેતા સોના અને ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યુટી 6 ટકાથી સીધી વધારીને 15 ટકા કરી દેવામાં આવી છે.

### સોશિયલ મીડિયા પર બદનામી કરી તો ખેર નથી

# ડિફોલ્ટર્સ પાસે રિકવરી માટે જનારા એજન્ટ્સ ગાળાગાળી નહીં કરી શકે, RBI એ બનાવ્યો નિયમ

મુંબઈ

લોનની રિકવરીના નામે ગ્રાહકોને હેરાન કરતા અને ધાકધમકી આપતા રિકવરી એજન્ટ્સ પર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)એ લાલ આંખ કરી છે. શહેરી સહકારી બેન્ક અને ગ્રામીણ સહકારી બેન્કના રિકવરી એજન્ટ્સ લોન લેનારાઓ પર અત્યાચાર ન ગુજારે તે માટે RBIએ લોન રિકવરીના નિયમોને વધુ કડક બનાવ્યા છે. નવા નિયમો અનુસાર, હવેથી રિકવરી એજન્ટ્સ ગ્રાહકો સાથે અભદ્ર કે બિભત્સ ભાષામાં વાત કરી શકશે નહીં, તેમજ તેમને કોઈ પણ પ્રકારની ધમકી આપી શકશે નહીં. સોશિયલ મીડિયા પર બદનામી કરી તો ખેર નથી નવા નિયમો મુજબ, લોન લેનાર વ્યક્તિને જાહેરમાં હાંસીપાત્ર બનાવવાનું કોઈપણ કૃત્ય રિકવરી એજન્ટ્સ કરી શકશે નહીં. લોન ન ભરી શકનારા ગ્રાહકોની વિગતો, ફોટા કે વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરીને તેમનો ઉપહાસ



કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગ્રાહકોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવા મેસેજ વાઈરલ કરનાર એજન્સીઓ સામે કડક પગલાં લેવાશે. અભદ્ર વર્તન અને ગાળાગાળી પર પ્રતિબંધ: રિકવરી એજન્ટ્સ લોન લેનારાઓ સાથે સભ્યતાથી વર્તવું પડશે. ગાળાગાળી, બિભત્સ ભાષા કે માનસિક ટોર્ચર કરવાનો કોઈ અધિકાર એજન્ટો પાસે રહેશે નહીં. સમય મર્યાદા નક્કી કરાઈ: એજન્ટ્સ હવે ગ્રાહકના ઘરે સવારે 8:00 વાગ્યાથી સાંજના 7:00 વાગ્યાની વચ્ચે જ જઈ શકશે. મોડી રાત્રે કે વહેલી સવારે ઘરે જઈને પરેશાન કરી શકાશે નહીં. જો આ નિર્ધારિત સમય સિવાય જવું હોય, તો લોન લેનારની સ્પષ્ટ પરવાનગી લેવી ફરજિયાત રહેશે. વારંવાર ફોન કે મેસેજ કરવા પર રોક: રિકવરી માટે ગ્રાહકોને વારંવાર ફોન કે મેસેજ કરીને હેરાન કરી શકાશે નહીં. સંદેશાની આપલે પણ માત્ર નક્કી કરેલા સમયગાળામાં જ કરવાની રહેશે. પારદર્શિતા જાળવી રાખવા માટે RBIએ સહકારી બેન્કો માટે પણ નિયમો બનાવ્યા છે બેન્કે કઈ રિકવરી એજન્સીને કામ સોંપ્યું છે, તેની જાણ ડિફોલ્ટરને અગાઉથી કરવાની રહેશે.

# GST લાગુ થાય તો પેટ્રોલ 22 રૂપિયા સુધી સસ્તુ થઈ શકે!

- **વર્તમાન પેટ્રોલના ભાવ ₹100 પ્રતિ લિટરની આસપાસ રહે, તો તે સંભવિત રીતે ₹78 સુધી ઘટી શકે છે.**

મુંબઈ

જ્યારે 2017 માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ કરવામાં આવ્યો હતો, ત્યારે "વન નેશન, વન ટેક્સ" ની ભાવનાને સમર્થન આપવામાં આવ્યું હતું, જેમાં વચન આપવામાં આવ્યું હતું કે દેશભરમાં દરેક વસ્તુ એક સમાન કર માળખા અને એક જ દરને આધીન રહેશે. જોકે, જ્યારે પેટ્રોલ અને ડીઝલની વાત આવે છે, ત્યારે વિવિધ રાજ્યો મનસ્વી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખે છે, પોતપોતાની ગણતરી મુજબ મૂલ્યવર્ધિત કર (VAT) વસૂલ કરે છે.ૉ છેલ્લા આઠ દિવસમાં, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ત્રણ વખત વધારો કરવામાં આવ્યો છે. પરિણામે, ઘણા શહેરોમાં પેટ્રોલના ભાવ 100 ને વટાવી ગયા છે. દરમિયાન, દિલ્હીમાં, 23 મેના રોજ પેટ્રોલના ભાવ પ્રતિ લિટર 99.51 પર પહોંચી ગયા. આ વધતા જતા ઈંધણના ભાવ વચ્ચે, ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) એ પેટ્રોલ અને ડીઝલને GST ના દાયરામાં લાવવાની માંગ કરી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના અધ્યક્ષ બ્રિજેશ ગોયલે આ મુદ્દા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના અધ્યક્ષ બ્રિજેશ ગોયલના મતે, પેટ્રોલ અને ડીઝલ હાલમાં ભારે કરવેરાના ભોગ બની રહ્યા છે. 22 મે સુધીના દિલ્હીના આંકડા ટાંકીને, તેઓ નોંધે છે કે પેટ્રોલની વાસ્તવિક મૂળ કિંમત 66.29 હતી. આ ઉપરાંત, 11.90 ની એક્સાઈઝ ડ્યુટી અને 16.03 નો VAT વસૂલવામાં આવે છે, જ્યારે ડીલરનું માર્જિન 4.42 છે. આનો અર્થ એ થાય કે ફક્ત ટેક્સ અને ડીલર માર્જિન 32 થી 33 નો બોજ બનાવે છે. તેવી જ રીતે, ડીઝલની બાબતમાં, દિલ્હીમાં વાસ્તવિક મૂળ કિંમત 67.36 છે.

# આયુષ્યમાન ખુરાના, સંઘવી અને માંડવીયાએ રિવરફ્રન્ટ પર સાયકલ ચલાવી











**સન્ડેઝ ઓફ સાયકલ યોજાઈ, ફીટ રહેવા સંદેશ; 'પોલ્યુશનનું સોલ્યુશન પણ સાયકલિંગથી આવી શકે'**

અમદાવાદ

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ફિટનેસ અને પર્યાવરણની જાગૃતિ માટે સન્ડેઝ ઓફ સાયકલ નામથી સાયકલિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે 24 મેના રોજ કોમનવેલ્થ ડેને લઈને યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અભિનેતા આયુષ્માન ખુરાના કાર્યક્રમમાં જોડાયા હતા.

ફિટ ઈન્ડિયાને લઈને સાયકલિંગ કરવું મહત્વ છે જેને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પ્રાધાન્ય આપતા હોય છે ત્યારે આજે સવારે મનસુખ માંડવીયા, હર્ષ સંઘવી અને ફિલ્મ અભિનેતા આયુષ્યમાન ખુરાનાની સાથે મોટી સંખ્યામાં લોકોએ સાબરમતી રિવરફ્રન્ટ પર સાયકલ ચલાવી હતી. માંડવીયાએ કહ્યું હતું કે,પોલ્યુશનનું સોલ્યુશન પણ સાયકલિંગથી આવી શકે છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા જણાવ્યું હતું કે, આપણે રાત્રે મોડે સુધી તો જાગીએ છીએ પરંતુ સવારે વહેલા ઊઠવાની આદત પાડવી પડશે કારણ કે ફીટ રહેવું દેશ માટે ખૂબ જરૂરી છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીનું જેમ સ્લોગન છે કે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો. એવી રીતે દેશના આગળ વધારવા માટે નાગરિકોએ ફીટ રહેવું જરૂરી છે. જો આપણે ફીટ રહીશું તો સોસાયટી અને સમાજ ફીટ રહેશે. વિકસિત ભારત માટે આપણે સ્વસ્થ રહેવું જરૂરી છે. દર રવિવારે સાયકલ ચલાવવી જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈંધણ બચાવવા માટે અભિયાન શરૂ કર્યું છે, તેના માટે પણ સાયકલ આપણા માટે ઉપયોગી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આપણે દૂર ન જવાનું હોય અને કામકાજનું સ્થળ નજીક હોય તો સાયકલનો ઉપયોગ કરવો જોઈએ.

સાયકલ ચલાવવાથી ત્રણ ફાયદા છે. શરીરને સ્વસ્થ રાખવા માટે સાયકલ ચલાવવી જરૂરી છે. પોલ્યુશનનું સોલ્યુશન પણ સાયકલિંગથી આવી શકે છે. ઈંધણની પણ બચત થાય છે. દરેક લોકોએ સાયકલિંગ સાથે જોડાવું જોઈએ. કોમનવેલ્થ 2030 માટે અમદાવાદ યજમાન છે. દરેક યુવાઓને હું અપીલ કરું છું કે સન્ડેઝ ઓન સાઈકલમાં જોડાય. યુવાઓ રમતગમત પ્રત્યે જાગૃત બને અને ચેમ્પિયન બને તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર દેશમાં સન્ડેઝ ઓન સાયકલનું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ કહ્યું હતું કે, ગુજરાતીઓ કામ માટે આખી રાત જાગી લેશે પરંતુ ફિટનેસ માટે સવારે વહેલા ઉઠવું ખૂબ જ અઘરું છે. ગુજરાતના યુવાનો આજે મોટી સંખ્યામાં ભેગા થયા છે અને સન્ડેઝ ઓન સાઈકલના કાર્યક્રમમાં આવ્યા છે. ફિટ ઈન્ડિયા કોઈ સરકારી કે રાજકીય ઈવેન્ટ નથી. દરેક લોકોએ ફીટ રહેવા માટે આ જરૂરી છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જાણીતા બોલિવૂડ અભિનેતા અને ફિટ ઈન્ડિયા આઈકોન આયુષ્માન ખુરાના તેમજ ઓલિમ્પિક મેડલિસ્ટ ગગન નારંગ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

### બારેજામાં પોલીસની મોટી રમત?

## રેડ કરી કોલ સેન્ટરમાં, ગુનો નોંધ્યો વરલી મટકાનો! 'પોલ' ખૂલી જતા તપાસના આદેશ

અમદાવાદ

અમદાવાદ રૂરલ પોલીસ (ગ્રામ્ય) વિસ્તારમાં આવેલા અસલાલી પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફની એક કામગીરી હાલ પોલીસ બેડામાં અને સ્થાનિક લોકોમાં ભારે ચર્ચાનો વિષય બની છે. બારેજામાં એક કોલ સેન્ટર પર દરોડો પાડ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવાને બદલે મોટું 'સેટિંગ' કરી દેવાયું હોવાના આક્ષેપો ઉઠ્યા છે. આ મામલો જ્યારે ઉચ્ચ અધિકારી સુધી પહોંચ્યો ત્યારે પોલીસે કોલ સેન્ટરના કેસને વરલી મટકાના કેસમાં ફેરવી નાખ્યો હોવાનો આક્ષેપ છે.

મળતી માહિતી અનુસાર, અસલાલી પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના પીએસઆઈ અને તેમની ટીમે ચોક્કસ બાતમીના આધારે બારેજા વિસ્તારમાં ચાલી રહેલા એક કોલ સેન્ટર પર દરોડો પાડ્યો હતો. પોલીસે ત્યાંથી કેટલાક યુવકોની અટકાયત કરીને પોલીસ સ્ટેશન લાવ્યા હતા. હવે આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે, કાગળ પર કોલ સેન્ટરનો મોટો ગુનો નોંધવાને બદલે અંદરોઅંદર સેટિંગ કરીને તમામને છોડી મૂકવામાં આવ્યા હોવાની ચર્ચા વહેતી થઈ હતી.

આ સમગ્ર પ્રકરણની ગંધ (ડ્યુટી સુપરિટેન્ડન્ટ ઓફ પોલીસ (Dy.S.P.)ને આવી ગઈ હતી. તેમણે તાત્કાલિક અસલાલી પોલીસ સ્ટેશનના પીઆઈ પી. એસ. ચૌધરી અને સર્વલન્સ સ્ટાફની આકરી પૂછપરછ કરી કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ઉપરી અધિકારીની ભીંસ વધતાં અસલાલી પોલીસે વચલો રસ્તો કાઢ્યો અને ઘટનાના 24 કલાક બાદ આઝાદ રબારી અને સતીષ રબારી નામના શખસો સામે વરલી મટકાનો કેસ નોંધ્યો હતો.

કોલ સેન્ટરના દરોડામાં મોટો વહીવટ થયો હોવાની વાત બહાર ન જાય અને Dy.S.P. ને કાર્યવાહી થઈ હોવાનો સંતોષ મળે તે માટે પીઆઈએ પીએસઆઈ સહિત સાત પોલીસ કર્મચારીઓની રાતોરાત સર્વલન્સ સ્ટાફમાંથી બદલી કરી નાખી હતી. જો કે, આશ્ચર્યની વાત એ છે કે મામલો થોડો શાંત પડતાં જ આ વિવાદાસ્પદ સ્ટાફને ફરીથી સર્વલન્સ સ્ક્વોડમાં (ડી-સ્ટાફ) લઈ લેવામાં આવ્યો છે, જેને પગલે ફરીથી મોટો વિવાદ છેડાયો છે. આ સમગ્ર વિવાદ અંગે જ્યારે અસલાલી પોલીસ સ્ટેશનના પીઆઈ પી. એસ. ચૌધરીને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે લૂલો બચાવ કરતા ગોળગોળ જવાબો આપ્યા હતા.

તેમણે જણાવ્યું કે, 'કોલ સેન્ટર પર કોઈ રેડ પાડવામાં આવી નહોતી અને કોઈએ એક પણ રૂપિયો લીધો નથી.

અમે જે ગુનો દાખલ કર્યો છે તે જાણીતા જુગારીઓ સામે જ કર્યો છે. ડી-સ્ટાફના પોલીસકર્મીઓની કોઈ બદલી કરવામાં આવી નથી, પરંતુ તેમની અન્ય કોઈ નાની ભૂલ હોવાથી પર્સનલ મામલા હેઠળ થોડા સમય માટે સાઈડલાઈન કરી જગ્યા ચેન્જ કરાઈ હતી.' તેમણે Dy.S.P.ના રોલકોલને પણ રૂટીન પ્રક્રિયા ગણાવી હતી.

## યુવકે એરપોર્ટ રોડ પર બિયર પીને જાહેરમાં રીલ બનાવી

અમદાવાદ

ગુજરાતમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે અવારનવાર કાયદાના લીરેલીરા ઉડાવતા કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદના એરપોર્ટ રોડ પરથી સામે આવ્યો છે, જ્યાં એક યુવક અને યુવતીએ જાહેરમાં દારૂની મહેફિલ માણી તેનો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. આ વીડિયો વાઈરલ થતાં જ સરદારનગર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી યુવકની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, ગત 23મી મેના રોજ પોલીસના ધ્યાને ઈન્સ્ટાગ્રામ પર એક રીલ આવી હતી. આ વીડિયોમાં એક યુવક તેની સાથે ઉભેલી મહિલા સાથે એરપોર્ટ રોડ નજીક ખુલ્લેઆમ દારૂ પીતો અને હાથમાં બિયરની બોટલ પકડીને ઉભેલો દેખાતો હતો. વીડિયોના કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે, 'અમદાવાદમાં જાહેરમાં જામ છલકાયા, એરપોર્ટ રોડ પર યુવકે ગટગટાવી બિયર.' સોશિયલ મીડિયા પર કાયદાનો ડર રાખ્યા વિના આવી રીલ પોસ્ટ કરાતા પોલીસ તંત્ર તુરંત એક્શનમાં આવ્યું હતું.

### શહેર સ્કૂલ વર્ધી એસો. ભાવ વધારવાના સમર્થનમાં

## CNGમાં ભાવ વધારાથી સ્કૂલ વાનના ભાડા વધવાના સંકેત

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વધતા જતા CNGના ભાવ વધારાની અસર સ્કૂલ વર્ધી એસોસિએશન પર થવાની છે. જેથી CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી એસોસિએશન સ્કૂલ વાહનના ભાડામાં વધારો કરવાની તરફેણમાં આવ્યું છે.

CNGના ભાવ વધારા સામે ભાડામાં વધારો કરવો કે નહીં તેને લઈને જૂન મહિનાની શરૂઆતમાં અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક બોલાવવામાં આવી છે. સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો કરવો કે નહીં તેનો નિર્ણય લેવામાં આવશે.

છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ - ડીઝલ ભાવમાં વધારો થઈ રહ્યો છે. એની સાથે CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે જે CNGના હાલના ભાવ

**■ જૂનની શરૂઆતમાં બોલાવેલી બેઠકમાં અંતિમ નિર્ણય**

પ્રમાણે ભાડા દર પર વાન અને રિક્ષા ચલાવવી મુશ્કેલ બની રહી છે. જેના કારણે નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓના સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો થાય તેવી શક્યતા છે. જો સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો થશે તો તેનો સીધો બોઝ વાલીઓ પર પડવાનો છે.

જો કે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં દર ત્રણ વર્ષે વધારો કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું. વર્ષ 2024માં સ્કૂલ વર્ધીના ભાડામાં 200 રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો હતો. જેથી વાલીઓ પર બોઝ ન પડે તે માટે 2027માં ભાડામાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ વર્ષ 2024માં કરેલા ભાડામાં વધારા બાદ અંદાજે 10 રૂપિયા જેટલો CNGના ભાવમાં વધારો થઈ ગયો છે. 11 જૂન 2024ના ભાડામાં વધારો કરાયો ત્યારે CNGનો ભાવ 76 રૂપિયા હતો જે અત્યારે વધીને 86 રૂપિયા પર પહોંચી ગયો છે.

સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા 2024માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. 2024ની સરખામણીએ CNGમાં પ્રતિ કિલો 10 રૂપિયાનો ભાવ વધ્યો છે. તેમ છતાં અત્યારે પ્રતિ કિલોમીટરે સ્કૂલ વાનમાં મહિને 1200 રૂપિયા ફી લેવામાં આવે છે. એક કિલોમીટરથી વધુ દૂર હોય તો પ્રતિ કિમી 200 વધારે ભાડું લેવાય છે. સ્કૂલ રિક્ષામાં ઓછામાં ઓછું 750 રૂપિયા ભાડું લેવામાં આવે છે. મિનિમમ ભાડા પર પ્રતિ કિલો મીટર 100 રૂપિયાથી વધુ ભાડું વસૂલાય છે. જેથી ભાડામાં વધારો થાય તો તેની સીધી અસર વાલીઓને થવાની છે.

### અમદાવાદ AMCમાં ભાજપનું બુલડોઝર તૈયાર

## કોંગ્રેસની 'મોહબ્બતની દુકાન'માં વિપક્ષ નેતા પદ માટે જૂથબંધીનો ઘાતક ખેલ..!

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા (AMC)ના આગામી મેયર સહિતના હોદ્દેદારોની વરણી માટે આગામી ૨૯મી તારીખ નક્કી કરી દેવામાં આવી છે. શિસ્તબદ્ધ ગણાતી શાસક પક્ષ ભાજપે તો પોતાના હોદ્દેદારોના નામોના પરબિડિયાં પણ તૈયાર કરી લીધા છે. પરંતુ બીજી તરફ, દેશભરમાં 'મોહબ્બત કી દુકાન' ચલાવવાનો દાવો કરનારી કોંગ્રેસ પાર્ટીમાં અમદાવાદ વિપક્ષ નેતા બનવા માટે અત્યારથી જ ઘાતક ખેંચતાણ અને અંદરોઅંદર કાવાદાવા શરૂ થઈ ગયા છે. ગત ટર્મની જેમ જ આ વખતે પણ કોંગ્રેસમાં પદ મેળવવાની ભૂખ એટલી હદે વકરી છે કે સંગઠનના લીરેલીરા ઉડવા નક્કી દેખાઈ રહ્યા છે.

કોંગ્રેસમાં લઘુમતી કાર્ડ: પ્રદેશ હાઈકમાન્ડ ઘૂંટણિયે પડશે? – 'પાક્કો ગુજરાત' ઈનસાઈડ સ્ટોરી

કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી મળતી ચોંકાવનારી વિગતો અનુસાર, આ વખતે વિપક્ષ નેતાનું પદ અંકે કરવા માટે લઘુમતી સમાજના કોર્પોરેટરોએ મોરચો ખોલ્યો છે. AMCમાં કોંગ્રેસ પાસે લઘુમતી સમાજના કોર્પોરેટરોની સંખ્યા વધારે હોવાના નામે ચોક્કસ ચહેરાને જ વિપક્ષ નેતા બનાવવા માટે પ્રદેશ નેતાગીરી અને હાઈકમાન્ડ પર રીતસરનું દબાણ લાવવામાં આવી રહ્યું છે. પક્ષના જ કેટલાક નેતાઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે જો માત્ર જ્ઞાતિ-જાતિના સમીકરણો પર જ પદ અપાશે, તો વફાદાર અને સિનિયર કાર્યકરો ક્યાં જશે?

જૂનો ઘા હજુ રૂઝાયો નથી: ગત ટર્મનું પાપ ફરી નડશે?

કોંગ્રેસનો આ આંતરિક કલહ નવો નથી. ગત ટર્મમાં કોંગ્રેસના માત્ર ૨૪ કોર્પોરેટરો જ ચૂંટાયા હતા, તેમ છતાં વિપક્ષ નેતા નક્કી કરવામાં પક્ષને આખું એક વર્ષ લાગી ગયું હતું! લાંબી ખેંચતાણ બાદ દાણીલીમડાના કોર્પોરેટર શહેઝાદખાન પઠાણને વિપક્ષ નેતાની કમાન સોંપાઈ અને સળંગ ચાર વર્ષ સુધી તેમને જ પદ પર યથાવત્ રખાતાં પક્ષમાં મોટો બળવો થયો હતો. તે સમયે વિપક્ષ નેતાના મજબૂત દાવેદાર એવા રાજેશ્રી કેસરી, કમળાબેન ચાવડા, ઈકબાલ શેખ અને નિરવ બક્ષી જેવા સિનિયર નેતાઓએ ભારે નારાજગી વ્યક્ત કરી પ્રદેશ નેતાઓ સામે મોરચો ખોલ્યો હતો.

## હેરાનગતિથી કંટાળીને એક જ ગામના 35થી 40 દલિત પરિવારો હિજરત કરવા મજબૂર બન્યા

### મૂછ રાખવી, શર્ટ પહેરવો કે ગાડીની સાઈડ આપવા જેવી બાબતોમાં પણ ખરાબ વર્તન થતું હોવાનો આક્ષેપ

અમદાવાદ

વિકાસના દાવાઓ વચ્ચે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાંથી સામાજિક વૈમનસ્ય અને ભેદભાવનો એક અત્યંત ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે. અહીંના એક ગામમાં રહેતા અંદાજે ૩૫થી ૪૦ જેટલા દલિત પરિવારોએ ગામમાંથી સામૂહિક હિજરત કરી જવાની ચીમકી ઉચ્ચારી છે, જેને પગલે વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. પીડિત પરિવારોનો આક્ષેપ છે કે સામાન્ય બાબતોમાં પણ તેમની સાથે અમાનવીય અને અપમાનજનક વર્તન કરીને સતત હેરાનગતિ કરવામાં આવી રહી છે, જેના કારણે હવે તેઓ પોતાના જ ગામમાં અસુરક્ષિત અનુભવી રહ્યા છે.

ચિલાચાલુ અને સામાન્ય બાબતોમાં ટાર્ગેટ કરાતા હોવાનો આક્ષેપ

ગામના દલિત પરિવારો દ્વારા લગાવવામાં આવેલા આક્ષેપો એટલા ગંભીર છે જે આધુનિક સમાજ વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા કરે છે. પરિવારોનું કહેવું છે કે, ગામના કેટલાક ચોક્કસ તત્વો દ્વારા યુવાનોને મૂછો રાખવા બાબતે, સારા શર્ટ પહેરવા બાબતે કે પછી રસ્તા પરથી પસાર થતી વખતે ગાડીની સાઈડ આપવા જેવી



તદ્દન સામાન્ય બાબતોમાં પણ ટાર્ગેટ કરવામાં આવે છે. આ નાની નાની વાતોમાં તેમની સાથે ઝઘડા કરી, જ્ઞાતિસૂચક અપશબ્દો બોલીને માનસિક અને શારીરિક રીતે ત્રાસ આપવામાં આવતો હોવાની રજૂઆતો ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે.

ગ્રાઉન્ડ રિપોર્ટમાં સામે આવ્યો પરિવારોનો ફફડાટ

આ ચકચારી ઘટના બાદ જ્યારે મીડિયા અને બીબીસીની ટીમે રૂબરૂ આ ગામની મુલાકાત લીધી, ત્યારે ત્યાં પરિસ્થિતિ અત્યંત ગંભીર જોવા મળી હતી. ગામના દલિત મહોલ્લાઓમાં ભારે સન્નાટો અને પરિવારોની આંખોમાં સ્પષ્ટ ડરનો માહોલ અનુભવાતો હતો. પીડિત પરિવારોએ રડતી આંખે જણાવ્યું હતું કે, રોજેરોજની આ માનસિક યાતના અને ડરના ઓથાર હેઠળ જીવવા કરતાં ગામ છોડીને ક્યાંક દૂર ચાલ્યા જવું વધુ સારું છે. વડવાઓના વખતથી જે ગામમાં રહ્યા, તે ગામને માત્ર સામાજિક અસમાનતાના કારણે છોડવાની નોબત આવતા પરિવારો લાચાર બન્યા છે.

સ્થિતિ વધુ વણસે નહીં તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ગામની મુલાકાત લઈ રહ્યા છે અને બંને પક્ષો વચ્ચે શાંતિ જળવાઈ રહે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ, ગ્રામજનોનું કહેવું છે કે પોલીસનો બંદોબસ્ત કાયમી હોતો નથી, પોલીસ ગયા પછી તેમની સુરક્ષાનું શું? આ મામલે સામાજિક આગેવાનો અને તટસ્થ તંત્ર દ્વારા કડક હાથે પગલાં લેવામાં આવે અને ગુનેગારો સામે દાખલારૂપ કાયદાકીય કાર્યવાહી થાય તો જ આ પરિવારોનો ડર દૂર થઈ શકે તેમ છે.

## બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી સામાન પધરાવતું રેકેટ ઝડપાયું, 3 શખસોની ધરપકડ




**■ બેંગ્લોરની કંપનીની બાતમી અને ક્રાઈમ બ્રાંચનું ઓપરેશન**

અમદાવાદ

અમદાવાદમાં જાણીતી કંપનીઓના પેકિંગ અને લોગોની આબેહૂબ નકલ કરી ગ્રાહકોને નકલી સામાન પધરાવી આર્થિક લાભ ખાટતી ટોળકી સક્રિય થઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એસ. જી. હાઈવે પર આવેલા સોલા ભાગવત ગેટ નજીકથી નકલી સિગારેટ, ઘી, ચા અને મસાલા સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા 3 શખસોને ઝડપી પાડ્યા છે. કોપીરાઈટ એક્ટના ભંગ બદલ પોલીસે આ ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, બેંગ્લોર સ્થિત એક ઓથોરાઈઝ્ડ એજન્સીના અધિકારીને અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીની નકલી સિગારેટ વેચાતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે એજન્સીના અધિકારીએ ડમી ગ્રાહક બનીને નકલી સામાન વેચતા શખસનો સંપર્ક કર્યો હતો અને મોટા જથ્થામાં માલ ખરીદવાના બહાને તેને સોલા ભાગવત ગેટ પાસે બોલાવ્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે ઘટનાસ્થળે વોચ ગોઠવી દીધી હતી. ત્યાં કાર લઈને પહોંચેલા ત્રણ શખસો અરુણકુમાર ગુપ્તા, સચિન ગુપ્તા અને સુજીત પોદ્દારને પોલીસે ઘેરી લીધા હતા. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારમાંથી માત્ર નકલી સિગારેટ જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી અનેક જાણીતી બ્રાન્ડ્સનો નકલી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી સિગારેટના 44 મોટા પેકેટ, અમૂલ ઘીના 15 પાઉચ, ચાના 12 પેકેટ, ડીટર્જન્ટના 14 પેકેટ અને મસાલાના 60 પેકેટ, બીડીના 15 પેકેટ સહિત કુલ મુદ્દામાલ 3,09,197 રૂપિયાનો સામન જપ્ત કર્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI